वर्ष : 12 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2022
સળંગ અંક : 70

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

लेकिन भाईयों-बहनों हम लोग आजादी के अमृतकाल में हमारी ७५ साल की यात्रा को उसका गौरवगान ही करते रहेंगे, अपनी ही पीठ थपथपाते रहेंगे, तो हमारे सपने कहीं दूर चले जाएंगे। आने वाले २५ साल के लिए हमें उन पंचप्रण पर अपनी शक्ति को केंद्रित करनी होगा। अपने संकल्पों को केंद्रित करना होगा। अपने सामर्थ्य को केंद्रित करना होगा। और हमें उन पंचप्रण को लेकर के, २०४७ में जब आजादी के १०० साल होंगे आजादी के दीवानों के सारे सपने पूरे करने का जिम्मा उठा करके चलना होगा। जब मैं पंचप्रण की बात करता हूँ तो पहला प्रण है विकसित भारत, अब उससे कुछ कम नहीं होना चाहिए। दूसरा प्रण है किसी भी कोने में हमारे मन के भीतर, हमारी आदतों के भीतर गुलामी का एक भी अंश अगर अभी भी कोई है तो उसको किसी भी हालत में बचने नहीं देना है। तीसरी प्रण शक्ति, हमें हमारी विरासत पर गर्व होना चाहिए, क्योंकि यही विरासत है जिसने कभी भारत को स्वर्णिम काल दिया था। और यही विरासत है जो समयानुकूल परिवर्तन करने आदत रखती है। और इसलिए इस विरासत के प्रति हमें गर्व होना चाहिए। चौथा प्रण है एकता और एकजुटता। १३० करोड़ देशवासियों में एकता, न कोई अपना न कोई पराया, एकता की ताकत, 'एक भारत श्रेष्ठ भारत' के सपनों के लिए हमारा चौथा प्रण है। और पांचवां प्रण है नागरिकों का कर्तव्य, जिसमें प्रधानमंत्री भी बाहर नहीं होता, मुख्यमंत्री भी बाहर नहीं होता वो भी नागरिक है। ये हमारे आने वाले २५ साल के सपनों को पूरा करने के लिए एक बहुत बड़ी प्रण शक्ति है।

दिनांक : १५-८-२०२२ – प्रधानमंत्री नरेन्द्र मोदी

❋

તમને સુભાગ્યે સારું વિદ્યાસ્થળ મળ્યું છે. તેનો ખૂબ લાભ ઉઠાવજો. તમારી રીતભાત, સદાચાર અને બુદ્ધિની સુગંધ પ્રસરાવજો. અનેક વિદ્યાર્થીઓની અરજી હતી છતાં તમને સ્થાન મળ્યું છે તેને સાર્થક કરી બતાવજો. ત્રણસો છાત્રોને એક જ રસોડે જમાડે અને સરસ વ્યવસ્થા રાખે એવા ગૃહપતિઓનો તમને સંસર્ગ મળ્યો છે. એ વ્યવસ્થામાં એકતાલ બની જવું એટલું જ નહીં પણ એમાં પોતાની મદદ આપવી એ મોટું શિક્ષણ છે.''

– ઝવેરચંદ મેઘાણી

❋

સ્વરાજ મળ્યું પછીનાં પ્રથમ ૪૦-૪૫ વર્ષો સુધી દેશની પ્રજાએ વિકૃત સેક્યુલરિઝમ વેઠ્યું. હવે એ જ પ્રજા કદાચ વિકૃત હિંદુત્વનો અભિશાપ વેઠી રહી છે. ક્યાંય સ્વસ્થ સેક્યુલરિઝમનો મંગલ ધ્વનિ સાંભળવા મળતો નથી. એક પણ રાજકારણી વિશ્વસનીય જણાતો નથી. કોઈ હોય, તો ભાંગમાં તુલસી જેવો ઘાટ!

– ગુણવંત શાહ









'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આઝાદીના ૭૬મા દિને સર્વ વિદ્યાલય કડીમાં, ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેનાં દ્રશ્યો.

'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આઝાદીના ૭૬મા દિને સર્વ વિદ્યાલય કડીમાં, ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેનાં દ્રશ્યો.










‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આઝાદીના ૭૬મા દિને એલ. ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ, ગાંધીનગરના કેમ્પસમાં, ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેનાં દ્રશ્યો.



























‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આઝાદીના ૭૬મા દિને ગાંધીનગરના સેક્ટર ૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય કેમ્પસમાં ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેનાં દ્રશ્યો.












'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના વરદ હસ્તે આઝાદીના ૭૬મા દિને ગાંધીનગરના સેક્ટર ૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય કેમ્પસમાં ધ્વજવંદન કરાવવામાં આવ્યું તેનાં દ્રશ્યો.
















માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૨, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ ૨૦૨૨; સળંગ અંક : ૭૦

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગ્રંથસંસ્કૃતિયજ્ઞના આચાર્ય મહેન્દ્ર મેઘાણી (૧૯૨૩ - ૨૦૨૨) — મણિભાઈ પ્રજાપતિ ૧
- પ્રાસંગિક :
  - – સર્વ વિદ્યાલયનાં કડી અને ગાંધીનગર પરિસરોમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી ૮
  - – स्वतंत्रता दिवस पर भारत के प्रधानमंत्री श्री नरेन्द्र मोदी का भाषण १०
  - – स्वतंत्रता दिवस पर भारत के प्रधानमंत्री श्री जवाहरलाल नहेरु का भाषण २४
  - – A Tryst With Destiny Jawaharlal Nehru ૨૪

૧. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : ઝવેરચંદ મેઘાણીના પત્રો ૨૭

૨. સર્વ વિદ્યાલયના સંત-સુમનની સુવાસ — સાધુ આદર્શજીવનદાસ ૩૨

૩. સંપ્રદાયનો શરાબ, સૌથી ખરાબ — તુલસીભાઈ પટેલ ૩૬

૪. ન્યાયમૂર્તિ પી. એન. ભગવતી — શરદભાઈ શાહ ૩૮

૫. વિશ્વ સાહિત્યની અટારીએથી : ઈસ્મત ચુગતાઈ: ૧૯૧૫-૧૯૯૧ — ડૉ. મનીષ વ્યાસ ૪૯

૬. ભરત'નાટ્યશાસ્ત્ર' રસસિદ્ધાંત અને લલિતકળાઓ — પ્રા. ડૉ. દિનુભાઈ શાહ ૫૨

૭. ભારત અનેક પડકારો વચ્ચે વિશ્વની ટોચની દસ અર્થવ્યવસ્થામાં — પ્રો. કમલેશ જોશીપુરા ૫૫

૮. બે પદાર્થોનો પ્રશ્ન — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૫૭

૯. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ
  - – સાર્વજનિક ગ્રંથાલયોની વિકાસરેખા અને ભારતના વિવિધ રાજ્યોના ગ્રંથાલય ધારાઓ. / ડૉ. કનકબાળા જાની ૬૫
  - – શબ્દ–જોડણી સમૃદ્ધિ / વિનાયક કે. ઘોત્રે ૬૮

૧૦. સંસ્થા સમાચાર ૭૧


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૯૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગ્રંથસંસ્કૃતિયજ્ઞના આચાર્ય મહેન્દ્ર મેઘાણી (૧૯૨૩ - ૨૦૨૨)

આપણા મૂઠી ઊંચેરા વિચારપુરુષોએ જેમને 'પુસ્તકના પયગંબર', 'વિચારયજ્ઞના આચાર્ય', 'ગુજરાતના લોકોત્તર વાચન-પ્રસારક', 'શબ્દબ્રહ્મને ચરિતાર્થ કરનાર', 'બુક મેનેજમેન્ટના પુરસ્કર્તા', 'વાચનઋષિ', 'વાચનયજ્ઞના આચાર્ય', 'લોકશિક્ષક', 'વાચનકોશકાર' વગેરે બહુવિધ સાર્થક બિરુદોથી અહોભાવની લાગણી સાથે અલંકૃત કર્યા છે તેવા મહેન્દ્રભાઈ મેઘાણીએ મૂલ્યનિષ્ઠ વાચનના પ્રસારને સ્વધર્મ તરીકે આત્મસાત કરીને જીવનની અંતિમયાત્રા સુધી ક્રિયાશીલ બની રહી પોતાના સુસ્વાસ્થ્ય આયુષ્યના ૧૦૦મા વર્ષની યાત્રા દરમિયાન તા. ૩ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ આખરી શ્વાસ લઈ આ દુનિયામાંથી વિદાય લીધી. તેમના નિધનથી ગુજરાતી પ્રજાએ સાચા અર્થમાં ગ્રંથસંસ્કૃતિયજ્ઞના આચાર્યને ગુમાવ્યા છે. તેઓશ્રી એક એવા ઋષિપુરુષ હતા કે જેમણે ગીતામંત્ર **'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'**ની ભાવનાને આત્મસાત કરીને **અનાસક્તભાવે** ગુજરાતી પ્રજાને વાંચનઘેલી અને તે થકી જ્ઞાનવાન બનાવવાના હેતુસર ગુજરાતી ઉપરાંત ભારતીય અને વિશ્વભરના સાહિત્યમાંથી વીણીવીણીને ઉત્તમકૃતિઓના હાર્દને ક્ષતિ ન પહોંચે તે રીતના સાર-સંક્ષેપો સુલભ કરી આપ્યા અને તે પણ સૌંદર્યાન્વેષી દ્રષ્ટિ સાથેનાં કવરપૃષ્ઠો, સુઘડતાપૂર્વકનું મુદ્રણ અને સાવ નજીવી કિંમતે. તેમના સંક્ષેપો મૂળકર્તાઓને ગમ્યા છે અને તેમણે વખાણ્યા પણ છે. આ સંદર્ભે મહેન્દ્રભાઈએ ઉર્વીશ કોઠારીના પ્રશ્નના

પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે 'એકંદરે લેખકોને સંતોષ હતો. કેટલાક લેખકોએ અમને એવું પણ લખ્યું કે મારો આ લેખ મૂળ જે માસિકમાં છપાયેલો, એ સ્વરૂપે હું ગ્રંથસ્થ નથી કરવાનો. તમારો કરેલો સંક્ષેપ ગ્રંથસ્થ કરવાનો છું.' તેઓશ્રી વિવિધ કૃતિઓના સંક્ષેપો પૂર્ણ સભાનતા અને સજ્જતા સાથે કરતા રહ્યા હતા. આ સાથે કૃતિના



સાસંક્ષપેમાં વિવેક પણ જાળવતા. જ્યાં કોઈ કૃતિનો સંક્ષેપ શક્ય ન હોય તેનો ખુલ્લા મને એકરાર કરી લેખકના સામર્થ્યની વંદના પણ કરતા જોવા મળે છે. તેમણે 'અરધી સદીની વાચનયાત્રા'ના ભાગ-૩ની પ્રસ્તાવમાં નોંધ્યું છે કે ''ત્રણેય ભાગના લગભગ તમામ લખાણો ટૂંકાવેલાં છે. તેમાં એક અપવાદ આ વખતે આવે છે. સેંકડો લખાણોના સંક્ષેપ કર્યા છતાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રના 'વખાર' (પાનું ૭૧)માં કશો સંક્ષેપ કરી શક્યો નથી. શ્રી સિતાંશુભાઈને સલામ !'' આ છે મહેન્દ્રભાઈનું મહેન્દ્રત્વ.

## જીવનયાત્રા

મહેન્દ્રભાઈ આપણા રાષ્ટ્રીય શાયર, લોકહૈયાનો કંઠહાર એવા ઝવેરચંદ મેઘાણીના જ્યેષ્ઠ પુત્ર છે. તેમની માતાનું નામ દમયંતીબહેન. તેમનો જન્મ ૨૦ જૂન, ૧૯૨૩ના રોજ મુંબઈમાં થયો હતો. તેમણે મૅટ્રિક સુધીનું શિક્ષણ પ્રારંભમાં બોટાદ અને બાદમાં મુંબઈમાંથી લીધું હતું. કૉલેજનાં પ્રથમ બે વર્ષ સુધી અમદાવાદની એલ.ડી. આટ્ર્સ કૉલેજમાં અભ્યાસ કર્યો, ત્યાર બાદ મુંબઈની વિખ્યાત એલફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો; પરંતુ ૧૯૪૨ની અંગ્રેજો ભારત છોડો ક્રાંતિનો પ્રારંભ થતાં કૉલેજ છોડી તે છોડી. મુંબઈ, બોટાદ અને ભાવનગરમાં સ્વાતંત્ર્યસંગ્રામની લડાઈમાં ઉગ્ર પ્રવૃત્તિઓમાં સક્રિય થયા. અહીંથી પિતાજીએ લાહોર મોકલ્યા. ત્યાં પણ પોલીસને તેમની હાજરીના વાવડ મળતાં લાહોર છોડી કાશ્મીર જવું પડ્યું અને ત્યાંથી વતન પરત થયા હતા.

૧૯૪૪માં તેમનું લગ્ન મુંબઈમાં આર્થિક રીતે સંપન્ન પરિવારનાં પુત્રી નિર્મળાબહેન સાથે થયું. તેમનાં ચાર સંતાનો : અબુલ, મંજરીબહેન, ગોપાળભાઈ અને અંજુબહેન છે. પિતાશ્રીનું ૧૯૪૭માં અવસાન થયા બાદ પત્રકારત્વનો અભ્યાસ કરવા અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં ગયા; પરંતુ પોતે સ્નાતક થયેલા ન હોવાથી એક વર્ષ સુધીમા પત્રકારત્વના ડિપ્લો કોર્સિસમાં અભ્યાસ કર્યો. આ દરમિયાન 'ઇન્ટરનેશનલ હાઉસ'માં રહ્યા. અહીંના અભ્યાસકાળ દરમિયાન 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' અને 'ક્રિશ્ચિયન સાયન્સ મોનિટર'ને 'રિલીજીયસલી વાંચ્યાં' તેમજ 'રીડર્સ ડાયજેસ્ટ'નો પણ અભ્યાસ કર્યો. આ ઉપરાંત 'યુનાઈટેડ નેશસન્સ'ની સભાઓમાં 'નૂતન ગુજરાત'ના 'એક્રિડેટેડ  કોરસ્પોન્ડન્ટ તરીકે ભાગ લેતાં એક વિશેષ પ્રકારની સજ્જતા કેળવી લીધી. 'રીડર્સ ડાયજેસ્ટ' જેવું ગુજરાતીમાં ડાયજેસ્ટ શરૂ કરવાના સંકલ્પ સાથે ૧૯૪૯માં મુંબઈ પરત થયા હતા.

## સંપાદક અને સારદોહનકર્તા

સ્વદેશ પરત થયેલ નવયુવાન કે જેની રગેરગમાં રાષ્ટ્રભકિત અનુપ્રાણિત થઈ ગઈ હતી તેવા ખરા અર્થમાં ગાંધીજન-વૈષ્ણવજન તથા સત્ત્વશીલ વાચનકોશકાર શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીના માનસપટલ ઉપર પ્રજાસત્તાક પર્વનાં કેવાં સંવેદનો ઝીલાયાં હતાં તે આપણે તેમના જ શબ્દોમાં જોઈએ : ''આજે ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીના મંગલ મુહૂર્તે, ભારતના પ્રજાસત્તાકનો પાયો નંખાઈ રહ્યો છે. પર્વનો એ દિવસ હમણાં જ વીતી જશે. રાતની રોશનીઓ પણ આવતીકાલે ગાયબ બનશે. ધ્વજપતાકાઓ અને તોરણોના શણગાર વળતા પ્રભાતે કરમાઈ જશે. ઉત્સવ-ગીતોના ભણકારા ડૂબી જશે. ગોળધાણાનો સ્વાદ સુકાઈ જશે અને પછી આરંભાશે ભારતના પ્રજાસત્તાકની આભ ઊંચી ઇમારત રચવાનો પુરુષાર્થ દિવસો અને મહિનાઓ સુધી, વર્ષો અને દાયકાઓ સુધી એ ચણતર-કામ અવિરતપણે ચાલુ રહેશે. આવો પ્રચંડ પુરુષાર્થ કરવા માટે આપણી પ્રજાને જેટલી અન્નની તેટલી જ જ્ઞાનની જરૂર પડશે.'' તેમણે આત્માના આ અવાજને આત્મસાત કરીને સ્વસ્થ સમાજરચના અને વિકાસશીલ રાષ્ટ્ર માટે જ્ઞાનની અનિવાર્ય આવશ્યકતા

પિછાણી અને આપણા સમાજને જ્ઞાનસમૃદ્ધ કરવા માટે અને બહુજન સમાજમાં તેના ફેલાવા માટે અથવા કહીશું કે સમાજના/પ્રદેશના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચવા માટેના એક સશક્ત માધ્યમ તરીકે તેમણે સામયિકના સંપાદન – પ્રકાશનનો માર્ગ અપનાવ્યો અને તે પણ અંગ્રેજી અને વિશ્વની ઘણીખરી ભાષાઓમાં પ્રગટ થતા 'રીડર્સ ડાયજેસ્ટ'ને આદર્શ તરીકે સ્વીકારીને. રાષ્ટ્રની – ગુજરાતની નવી રચાઈ રહેલી ઇમારતમાં પરભાષા-સાહિત્ય અને સંસ્કૃતિ (રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય) ની ઝાંખી થાય એવી નિષ્ઠા સાથે 'મિલાપ' ગુજરાતી માસિકનો ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી પ્રારંભ કર્યો હતો.

આ ગુજરાતી માસિક 'મિલાપ'ના માધ્યમથી ગુજરાતી પ્રજાની સુરુચિપૂર્ણ વાચનટેવ વિકસાવવામાં અને તે થકી તેમના જીવન-સંસ્કાર ઘડતર માટે તેઓશ્રી સતત કાર્યશીલ રહ્યા હતા. આ હેતુસર તેમણે વિશ્વ સાહિત્ય અને ભારતીય સાહિત્યની ઉત્તમ કૃતિઓની શોધ માટે પુરુષાર્થ આદરતાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સઘન વાંચન કરતાં જે કંઈ ઉત્તમ મેળવ્યું તેને ટૂંકાવીને –સારવીને તથા ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને પ્રગટ કર્યું. ગુજરાતી કૃતિઓની પણ જરૂર જણાઈ ત્યાં કાપકૂપ કરી છે. વિષય વૈવિધ્ય પણ ભરપૂર માત્રામાં જાળવ્યું છે. ઉદા. તરીકે લલિત સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની કૃતિઓ કે કૃતિઓના અંશો ઉપરાંત વિજ્ઞાન, આરોગ્ય, ધર્મ અને દર્શન, પુસ્તકાલય અને પુસ્તક વિક્રેતાઓ, સમાજજીવન, ઇતિહાસ અને સંસ્કૃતિ, ગ્રંથ પરિચય, શિક્ષણ, ચરિત્ર, લલિતકલા વગેરે. આમ, અહીં જ્ઞાનવિશ્વના ઘણાખરા વિષયોનાં લખાણોનો સમાવેશ કર્યો છે. આ સાથે તેમણે એ પણ ધ્યાન રાખ્યું છે કે આ સામગ્રી અનુભવજન્ય હોય અને વ્યકિતના ઘડતરમાં પ્રેરક બની રહે, તેને ઉત્સાહિત કરે, પોતાનાં કાર્યો અને વિચારો સામે પ્રશ્નાર્થ પેદા કરાવે એટલે કે તેના ચિંતનને નવી દિશા પ્રેરે અથવા તેમાં બળ પૂરે તેવી સત્ત્વશીલ અને હૃદય સોંસરવી ઊતરી જાય તેવી હોય. કૃતનિશ્ચિયી બનીને આ કાર્ય કરતાં તેઓશ્રી આ સંકલ્પમાં શતપ્રતિશત સફળ પણ રહ્યા. આ 'મિલાપ' હર્યાંભર્યાં ઉપવન સમાન સતત ૨૯ વર્ષ સુધી (૧૯૫૦ – ૧૯૭૮) ગુજરાતી પ્રજાનું પ્રથમ પસંદગીનું ડાયજેસ્ટ બની રહ્યું હતું. આજે 'મિલાપ' જેવા સામયિકની ખોટ અનુભવાય છે.

'મિલાપ' બંધ થયા પછી લાંબા અંતરાલ બાદ તેમાં પ્રગટ થયેલાં લખાણોમાંથી પસંદગીનાં લખાણોને શક્ય તેટલાં વિશેષ ટૂંકાવીને તેમજ તેમાં સમાવિષ્ટ નહીં તેવી ૨૦-૨૧મી સદીની અન્ય પસંદગીની કૃતિઓને પણ મહેન્દ્રભાઈએ 'અરધી સદીની વાચનયાત્રા'ના શીર્ષક હેઠળ ૪ બૃહદખંડો (૨૦૦૩ થી ૨૦૦૬)માં ૭૫૦ લેખકોનાં ૨૨૫૦ જેટલા લખાણોનો સમાવેશ કરીને ગુજરાતી વાચનપ્રેમી પ્રજાને ન્યાલ કરી દીધી અને તે પણ પાણીના મૂલે. આ ચારેય ખંડોની સવા લાખથી અધિક નકલો ગુજરાતની વાચનપ્રેમી પ્રજાએ હોંશભેર ખરીદી લઈને એક વિક્રમ સર્જ્યો. વ્યક્તિત્વ ઘડતરના આ જ્ઞાનકોશને ગુજરાતના સાક્ષરોએ 'ઋષિકર્મ', 'હૃદયની કેળવણી', 'સદીનું ઉત્તમ પ્રકાશન', 'રુચિવર્ધક અને મૂલ્યવર્ધક સાંસ્કૃતિક કામ', 'અખંડ સાધના', 'સોનામૂલી વાચનયાત્રા', 'અશ્વમેધ યજ્ઞ', 'સંપૂર્ણક્રાંતિ', 'સુરુચિના ઘડતરનો ઉત્તમ ગ્રંથ', 'ધર્મગ્રંથ', 'અન્નકુટનો થાળ' વગેરે પદોથી નવાજીને - વધાવીને પોતાના હૃદયનો ઉમળકો વ્યક્ત કર્યો છે. 'અરધી સદીની વાચનયાત્રા' શ્રેણી માટે પસંદ કરેલ ઘણી સામગ્રી એકઠી કરી હોવા છતાં વાર્ધક્યના કારણે જાણે ખલિલ જિબ્રાનની વાણીના પડઘા : ''પવન ફૂંકાય છે, સઢ ચંચળ થયા છે, / આ હવે વધારે ખોટી થવું નહીં પડે / સલામઃ'' સાંભળીને ચાર ખંડોના પ્રકાશન બાદ આ શ્રેણી સમેટી લીધી હતી; પરંતુ જેનો આતમરામ ઉત્તમ વાચનસામગ્રી પીરસવા માટે વરેલો હોય તે શારીરિક મર્યાદાના બંધનને કેમ કરી સ્વીકારી શકે ? પુનઃ તેમણે ગુજરાતની નવી પેઢીને 'મિલાપ'ની જીવન ઘડતરની પ્રેરક વાચનસામગ્રીથી લાભાન્વિત કરવાના હેતુસર પ્રત્યેક વર્ષના અંકોમાંથી પસંદગીનાં લખાણોને ચૂંટી ચૂંટીને વર્ષવાર 'મિલાપની વાચનયાત્રા' અને અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો હતો.

સ્વ. મહેન્દ્રભાઈએ અનેકવિધ વિષયોના સાહિત્યનું અઢળક વાંચન-રસપાન કરીને, શબરીમાં બોરની માફક ચાખી-ચાખીને, વીણી-વીણીને પોતાનાં આરાધ્યદેવ એવાં ગુજરાતીભાષી પ્રજાજનોને ઉત્તમ સાહિત્યનો રસાસ્વાદ કરાવવા તેમજ જ્ઞાનસમૃદ્ધ કરાવવા હેતુ અંદાજિત ૨૦૦

જેટલાં પુસ્તકો વિવિધ સાહિત્યમાંથી સારવી અને તારવીને આપ્યાં છે. જેની યાદી ઉર્વીશ કોઠારીએ **'મહેન્દ્ર મેઘાણી'** (૨૦૨૦)માં પૃ. ૯૨-૯૯માં આપી છે. જેમાં 'અરધી સદીની વાચનયાત્રા', 'ગાંધી-ગંગા', 'ચંદનનાં છાડ', 'મારી વાચનયાત્રા', 'મોતીની માળા જેવી પુસ્તિકાઓ', 'કાવ્યકોડિયાં', 'લોકસાહિત્યની વાચનયાત્રા', 'આપણો સાહિત્યવારસો', 'કસુંબીનો રંગ' વગેરે સમાવિષ્ટ છે. 'ચરિત્રકીર્તન'માં તો ઉમાશંકરભાઈના શબ્દો : 'ઉત્તમ પૂજ્યોને જ વીરપૂજાના અર્ઘ્ય આપવામાં આવે' ને હૈયે ધરીને 'સરસ માણસો' વિશેના ચરિત્રલેખો વીણીવીણીને સંકલિત કર્યા છે. આ પૈકી ઘણાંખરાં પુસ્તકો અગોતરી ગ્રાહક-યોજના સ્વરૂપે સાવ સસ્તાદરે પ્રકાશિત કરતાં લાખોની સંખ્યામાં વેચાયાં છે. મહેન્દ્રભાઈના સાહિત્યની કુલ કેટલી નકલો મુદ્રિત કરવામાં આવી હશે તે વિશે સહજ જિજ્ઞાશાવશ તેમના સુપુત્ર શ્રી ગોપાળભાઈનો સંપર્ક કરતાં તેમણે વિનમ્રતા સાથે જણાવ્યું કે અમે આવી કોઈ નોંધ રાખી નથી. આમ છતાં, વિવિધ સ્રોતોમાં ઉપલબ્ધ માહિતીના આધારે આ લખાનારને અંદાજ છે કે તેમની કૃતિઓની ૫૦ લાખથી અધિક નકલો વેચાઈ હશે.

### પુસ્તક વિક્રેતા અને પ્રકાશક

મુંબઈમાં 'મિલાપ' શરૂ કરવાની સાથે જ 'લોકમિલાપ પુસ્તક ભંડાર' શરૂ કર્યો; પરંતુ શહેરીજીવનથી છૂટકારો મેળવવા ૧૯૫૩માં ભાવનગર પ્રયાણ કર્યું અને ૧૯૫૪માં પુસ્તકભંડાર શરૂ કર્યો.

મહેન્દ્રભાઈ પુસ્તક વિક્રેતાની સાથે પ્રકાશક તરીકેની કામગીરી પણ ઉત્તરદાયિત્વની સભાનતા સાથે નિભાવતા રહ્યા હતા. તેમણે 'લોકમિલાપ' બુક સ્ટોરનું વર્ષ ૧૯૬૮માં 'લોકમિલાપ ટ્રસ્ટ'માં ફેરવીને ગ્રંથસંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટેની બિનધંધાદારી સંસ્થા બનાવી અને તેના પ્રમુખ તરીકેની જવાબદારી સાક્ષરવર્ય ઉમાશંકર જોશીને સોંપી હતી. 'મિલાપ'માં પ્રકાશિત કરવામાં આવનાર લેખો તથા વિવિધ લેખકોના પુસ્તકોના સારસંક્ષેપ માટે લેખકોની પૂર્વ - અનુમતિ મેળવી લેતા અને યોગ્ય તે પુરસ્કાર પણ આપતા હતા. તેમણે 'લોકમિલાપ'ના માધ્યમથી નહીં નફો નહીં નુકસાનના ધોરણે પુસ્તકો પ્રકાશિત કરવાનું વલણ રાખતાં તેમજ પ્રકાશનો માટે અગોતરી ગ્રાહક યોજના અને સામાન્ય વ્યક્તિને પણ પોષાય તેટલી કિંમત રાખતાં તેમનાં પ્રકાશનો સરળતાથી ખપી જતાં. આ હેતુ તેમણે ભાવનગરમાં પુસ્તકોની હાથલારી પણ ફેરવી હતી. તેમણે આ પ્રવૃત્તિને સાચા અર્થમાં **'પુણ્યનો વેપાર'** તરીકે આત્મસાત કરીને જીવનપર્યંત પ્રસન્નતાપૂર્વક નિભાવીને એક આદર્શ પ્રસ્તુત કર્યો છે. પુસ્તક વિક્રેતા તરીકે બધા જ પ્રકાશકોનાં બધાં જ પુસ્તકો નહીં; પરંતુ પસંદગીનાં ઉત્તમ પુસ્તકો વેચાણ માટે રાખવાનો આદર્શ અપનાવ્યો. એક આદર્શ અને ઉમદા પુસ્તક વિક્રેતા તરીકેના આચરણપૂત વિચારો : ''રવિશંકર મહારાજ.... કહેતા કે તમારા ઘરમાં રૂપિયો આવે ત્યારે તેને ખખડાવીને જોજો કે તે બોદો તો નથી ને ? અમારે માત્ર ચોપડીઓ નહોતી વેચવી. અમારે તો સાહિત્ય મારફત ભાવનાઓ અને વિચારોનો ફેલાવો કરવો છે. લોકમાનસમાં પરિવર્તન આવશે ત્યારે જ તો સમાજ બદલાશે. ભલે વાર લાગે. આપણે મરી જશું તો પાછા આવીશું, પણ કરીશું તો ઉત્તમ કામ જ .... અમે લેખકો કે પ્રકાશકો સાથે બંધાયેલા નથી. અમે વાચકો સાથે પણ બંધાયેલા નથી. વાચક માગે અને અમને જો લાગે કે તે યોગ્ય વાચન નથી, તો અમે તેને એ સામગ્રી પૂરી ન પાડીએ. અમે બંધાયેલા છીએ અમારા અંતરાત્મા સાથે કે જેણે વાચકોની સેવા કરવાની નેમ લીધી છે'' આજના વિક્રેતાઓ અને પ્રકાશકોએ મમળાવીને અમલમાં મૂકવા જેવા છે. આ સાથે જ ગ્રંથાલય વ્યવસાયિકોને પણ પુસ્તક પસંદગીમાં વિશેષ કાળજી લેવાની અને પોતાના વાચકોને કયાં પુસ્તકો આપવાં જોઈએ અથવા તેમને કેવું વાંચવું જોઈએ તેની શીખ આપે છે. તેમના આ અભિગમના કારણે 'લોકમિલાપ' અને જયંતભાઈ મેઘાણી દ્વારા શરૂ કરવામાં આવેલ 'પ્રસાર' ગ્રંથપ્રેમીઓ માટે તીર્થસ્થળો બની રહ્યાં હતાં. ગુજરાતના ઘણા સારસ્વતોએ આ તીર્થસ્થળોની સહેતુક મુલાકાતો લઈને હૃદયનો રાજીપો વ્યકત કર્યો છે. કમનસીબે આ બંને સંસ્કારકેન્દ્રો નજીકના ભૂતકાળમાં જ બંધ કરવામાં આવ્યાં છે અને યોગાનુયોગ આ બંને ગ્રંથપ્રેમી સંસ્થાપકો પણ દિવંગત થતાં સંસ્કારનગરી ભાવનગરના મુલાકાતીઓ ખાલીપો

ન અનુભવે તો જ નવાઈ લાગે ! કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય કાળધર્મ પામતાં પાટણનાં વૈદુષ્ય સંદર્ભે ગૂર્જરેશ્વર-પુરોહિત કવિ સોમેશ્વરે નોંધ્યું છે કે **'वैदुष्यं विगताश्रयं श्रितवति श्रीहेमचन्द्रे दिवम्'** એટલે કે 'હેમચન્દ્ર સ્વર્ગે ગયા પછી વૈદ્રુષ્ય નિરાધાર થઈ ગયું.'' કવિ સોમેશ્વરે હેમચન્દ્રાચાર્યને આપેલ આ શ્રદ્ધાંજલિ ભાવનગરના આ બે ગ્રંથસંસ્કૃતિયજ્ઞના આચાર્યોને પણ સાચા અર્થમાં લાગુ પડે છે. તેમના જતાં ભાવનગરની ગ્રંથસંસ્કૃતિની ઝળહળતી પ્રવૃત્તિ નિરાલમ્બા થઈ ગઈ.

## બાળકોના મહેન્દ્રભાઈ

પુખ્તવયનાંઓ ઉપરાંત બાળકો અને કિશોરો માટે પણ તેમણે ઘણું વાચનસાહિત્ય સુલભ કરાવી આપ્યું છે, જેમકે, 'કિશોરોના રવીન્દ્રનાથ', 'મેઘાણીની કિશોરકથાઓ', 'ભાઈબંધ', 'રાતાં ફૂલડાં', 'લુચ્ચું શિયાળ' વગેરે. આ ઉપરાંત મુંબઈની 'ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી'ના સહયોગથી ભાવનગરમાં સતત પાંચ વર્ષ સુધી બાળકો માટે સારી સારી ફિલ્મો બતાવી હતી. આ વિશે તેમણે કહ્યું હતું કે ''અમે જુદાં જુદાં જે નાનાં નાનાં કામ કર્યાં એમાં મારું પ્રિય 'ફિલ્મમિલાપ'. બાળકોનો એટલો બધો ઉત્સાહ કે ભાવવિભોર થઈ જવાય. દર રવિવારે અમે અહીં ગેલેક્સી થિયેટર ભાડે રાખતા.'' બાળકોની સાથી તેમનાં વાલીઓને પણ પ્રવેશ આપતા કે જેથી 'ઘેર જઈને એના વિશે વાતો કરે – ચર્ચા કરે.'

## પત્રલેખક

આજે પત્રલેખન વિસરાતું જાય છે તેવા સમયે પણ મહેન્દ્રભાઈ પોતાનાં પ્રિયજનોને સમયાન્તરે પોસ્ટકાર્ડ લખતા રહ્યા હતા. તેમના પત્રોમાં વિચારગર્ભ સુક્તિઓ/અવતરણો ટાંકતા. યા ક્વચિત કોઈ પ્રશ્ન/વિચાર સંદર્ભે મંતવ્ય જણાવવાનું પણ લખતા. સંભવતઃ તેમણે અગણિત પોસ્ટકાર્ડ લખ્યાં હશે. અરે ! પોતાના અવસાન બાદ પ્રિયજનોને મોકલવા માટે તેમણે સ્વહસ્તાક્ષરોમાં અગોતરાં પોસ્ટકાર્ડ લખી રાખ્યાં હતાં, જે તેમનાં સ્વજનોએ આ સંબંધી ટૂંકીનોંધ સાથે સંબંધિતોને મોકલી આપ્યાં છે. આ પૈકીનું એક પોસ્ટકાર્ડ આ લખનાર મેળવીને ધન્યતા અનુભવે છે.

## પુસ્તક મેળા

મહેન્દ્રભાઈ ઉત્તમ પુસ્તકોના પ્રચાર-પ્રસાર અને તેનું વાંચન વધે તે હેતુ તેમણે ભારે શ્રમ વેઠીને પણ ભાવનગર ઉપરાંત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભરૂચ, પાટણ, પાલનપુર, મુંબઈ, પુના વગેરે અનેક શહેરોમાં અને પૂર્વ-આફ્રિકામાં સ્થાયી થયેલા સ્નેહીજન હિરજીભાઈ શાહના આમંત્રણથી કેન્યા-યુગાન્ડા અને ટાન્ઝાનિયામાં પુસ્તક મેળાઓનાં આયોજનો કરતાં પસંદગીનાં ઉત્તમ પુસ્તકો પ્રદર્શિત કરવાના વલણના કારણે પ્રજાજનો તરફથી ભારે પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો. આ મેળાઓ ઉપરાંત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મશતાબ્દી વર્ષની ઉજવણી અંતર્ગત 'ડિસ્કવરીંગ ઇંન્ડિયા' મથાળા હેઠળ ગાંધીભૂમિ ભારતમાંથી ભારત વિશે અંગ્રેજીમાં પ્રકાશિત થયેલાં ઉત્તમ પુસ્તકોનાં અમેરિકા, યુરોપ, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયામાં આયોજિત કરેલાં પુસ્તક પ્રદર્શનો અને આ માટે તેમણે તૈયાર કરેલો એક્સન પ્લાન ભલ-ભલા મેનેજમેન્ટ ગુરુઓને પણ આશ્ચર્યચકિત કરી દે તેવો હતો.

## વાચનયાત્રા

'ચરિત્રકીર્તન' (૨૦૧૬)ના સંપાદકીયમાં મહેન્દ્રભાઈએ નોંધ્યું છે કે 'મિલાપ' બંધ થયા પછી કેટલાંક લખાણોને ચૂંટીને રસિકો સમક્ષ વાંચી સંભળાવવાની હોંશ થતાં કુટુંબો અને સંસ્થાઓ - શાળાઓ વગેરેમાં જઈ વિવિધ રસનાં લખાણોનું પઠન કરવાની વાચનયાત્રા કાઢી હતી. તેમણે 'स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथा'ની ભાવનાને આત્મસાત કરીને શરૂ કરેલી આ પ્રવૃત્તિ પ્રાયઃ ૧૦ વર્ષ સુધી ચલાવી હતી. પ્રત્યેક વાચનયાત્રામાં પસંદગીના અંશોનું ૪૦ મિનિટ સુધી વાચન કરતા હતા. આ લખનારે પણ સર્વ વિદ્યાલય, કડી અને હોલી ચાઈલ્ડ સ્કૂલ, કલોલમાં તેમની વાચનયાત્રાનો લાભ લીધો હતો.

## ગુજરાતી લિપિ સુધારણા પ્રયાસ

મહેન્દ્રભાઈએ અનુભવ્યું કે રોમનલિપિની તુલનાએ આપણી ગુજરાતી લિપિ 'ઘણી સારી' છે. આમ છતાં ગુજરાતી લિપિમાં જોડાક્ષરનો પ્રશ્ન, સ્વર-વ્યંજનની સમસ્યા, એક અક્ષરનો એક ઉચ્ચાર અને એક ઉચ્ચાર

માટે એક જ અક્ષરના આદર્શનો અભાવ, શ, ષ, અને સ ની સમસ્યા વગેરે છે. તેમણે લિપિ સુધાર અંતર્ગત અ, આ, અી, અુ, અંગ્રેજી આંકડાનો આગ્રહ, જોડાક્ષર માટે આગલો અક્ષર અડધો કરી નાખવો અને પાંખીયાવાળા અક્ષરોનું પાંખીયું કાઢી નાખવું વગેરે સૂચવ્યું અને 'મિલાપ'ના ૧૯૫૫-૫૬માં તેનો અમલ કર્યો, શાળાઓ, અધ્યાપન મંદિરો વગેરેની મુલાકાતો લઈ બાળકોને સમજાવવા પ્રયાસ કર્યો; પરંતુ તેને સર્વસંમતિ ન મળતાં તેનો અમલ તેમણે બંધ કર્યો; પરંતુ પત્રવ્યવહાર પોતે અપનાવેલ લિપિમાં જ કરતા રહ્યા હતા, જેમકે, ભાઈશ્રી, પ્રજાપતિ, કૃરુપા, મિત્રો, અિચ્છા, વગેરે. લિપિ સુધાર સંદર્ભે એક નોંધપાત્ર બાબત એ છે કે તેઓશ્રી કહેતા કે '' 'ઊંઝા જોડણી' કોઈ ક્રાંતિ નથી. હસ્વ-દીર્ઘનો ફેરફાર કરી નાખ્યો. બીજું કંઈ જ કર્યું નથી''. આ મંતવ્ય ઉર્વીશ કોઠારીને આપેલ ઇન્ટરવ્યૂમાં જણાવ્યું છે.

### પત્રકાર

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં પત્રકારત્વના અભ્યાસ દરમિયાન 'નૂતન ગુજરાત' સાપ્તાહિક માટે અમેરિકાની અટારીએથી શીર્ષક હેઠળની કૉલમમાં અમેરિકા વિશે લખતા રહ્યા હતા. અહીંના અભ્યાસકાળ દરમિયાન બે દૈનિકો 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' અને 'ક્રિશ્ચિયન સાયન્સ મોનિટર' તથા 'માસિક રીડર્સ ડાયજેસ્ટ'નું ભારે ચીવટ અને રસથી વાંચનનું સુફળ એટલે રોલમૉડલ ડાયજેસ્ટ 'મિલાપ'ની પ્રાપ્તિ. વડા પ્રધાન જવાહરલાલ નહેરુની ૧૯૫૫માં પોલૅન્ડ, યુગોસ્લાવિયા અને રશિયાની મુલાકાત દરમિયાન દેશના અગ્રણી ૧૨ પત્રકારોના કાફલામાં તેમનો સમાવેશ થતાં આ દેશોની મુલાકાત લેવાની તક તેમને મળી હતી. વડા પ્રધાનનો પ્રવાસ એકાદ સપ્તાહનો જ હતો; પરંતું તેમણે રશિયન અધિકારીઓને રશિયામાં ૧૫ દિવસ વધુ રહેવાની અનુમતિ અને વ્યવસ્થા પૂરી પાડવાની વિનંતી કરતાં તે ગ્રાહ્ય રાખવામાં આવતાં તેમણે રશિયાના એક પ્રાંત ઉઝબેકિસ્તાન અને તેના મુખ્ય શહેર તાસ્કંદની મુલાકાત લઈ 'મિલાપ'નો ઑક્ટોબર ૧૯૫૫નો ખાસ અંક 'ઉઝબેકિસ્તાનના ઉર આંગણિયે' વિશે પ્રગટ કર્યો હતો, જે પત્રકાર તરીકેની તેમની કોઠાસૂઝનો દ્યોતક બની રહે છે.

### ગાંધીજન

મહેન્દ્રભાઈએ ગાંધીસાહિત્યનું આકંઠ વાંચન-ચિંતન કરીને વિવિધ પુસ્તકો આપવા ઉપરાત ગાંધીજીવન-દર્શનને જીવનમાં ઉતાર્યું છે. તેનું અણીશુદ્ધ આચરણ મુખર થયા સિવાય કરતા રહ્યા હતા. મહેન્દ્રભાઈના સાહિત્યના અભ્યાસુ તથા ગુણાનુરાગી અને નીડર વિચારક સંજય ભાવેએ મહેન્દ્રભાઈની પુત્રી મંજરીબહેન પાસેથી આ સંબંધી સાંભળેલી કેટલીક વાતો, જેમ કે, ગરીબો પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને વર્ષો સુધી પોતે અડવાણા પગે ફર્યા, મજૂરી કરતી બહેનોને અલગ-અલગ સાઇઝનાં પગરખાંનો થેલો ભરીને વહેંચવા જવું, બગીચામાં ફરવા જાય ત્યારે બગીચામાંથી કચરો વીણી લેવો, ભોજનબાદ પોતાનાં તેમજ ચોકડીમાં પડેલાં વાસણો ઊટકી નાખવાં, પોતાનાં કપડાં જાતે જ ધોવાં, વર્ષો સુધી પોતાના પરિવારને જાતે દળીને લોટ પૂરો પાડવો વગેરે કાર્યો સાવ સહજતાથી નિજાનંદની મસ્તી ખાતર કરતા રહ્યા હતા. આ ઉપરાંત સંજયભાઈએ નોંધ્યું છે કે સત્તાધીશો સામે પણ પ્રસંગોપાત્ત અવાજ ઉઠાવતા રહ્યા હતા, જેમકે, ૧૯૭૭ની કટોકટીના વિરોધમાં પોતાના પિતા ઝવેરચંદ મેઘાણીનાં ગીતોના આકાશવાણી દ્વારા પ્રસારણ કરવાના અધિકારનું નવીનીકરણ ન કરવું, 'મિલાપ'માં કટોકટીનાં વિરોધ કરતા લેખોનું પ્રકાશન કરવું, રવીન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો કૉપીરાઈટ વિશ્વભારતી યુનિવર્સિટી પાસેથી રદ કરવાના વિરોધના પક્ષધર બની રહેવું, ગુજરાતમાં ૨૦૦૨નાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં તે સંબંધી તત્કાલીન મુખ્યમંત્રીની ટીકા કરતો સ્વામીનાથન અંકલેસરીઆ ઐયર દ્વારા અંગ્રેજીમાં લખાયેલ લેખનો ગુજરાતીમા અનુવાદ કરવો અને પોતાને ખર્ચે તેની સેંકડો કોપીઓ વિવિધ વ્યકિતઓને મોકલી આપવી. આ લેખ તેમના દ્વારા સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા' (ભાગ-૧ : પૃ. ૯૮-૯૯)માં સમાવિષ્ટ છે. આ ઉપરાંત પ્રસ્તુત પ્રશ્ન સંદર્ભે 'આંછું લૂછવા જાઉં છું' (૨૦૦૨) શીર્ષક હેઠળ ધારદાર અને વેધક પુસ્તક તૈયાર કરવું. આ પુસ્તકની સંપાદકીય નોંધના એક અંશ : 'આજે આઝાદી મળ્યાનાં પચાસ વરસ પછી પણ કોમી તનાવ અને કોમી એકતાની બાબતમાં આપણે હતા ત્યાંના ત્યાં જ છીએ તે સંદર્ભે આ વાચન આપણને કશુંક વિચારવાનું,

કશુંક કરવાનું સુઝાડે તેવી પ્રાર્થના' સુચિંતનીય બની રહે છે. ગાંધીજીનો પ્રભાવ તેમની રગેરગમાં પ્રસરી ગયો હતો તેનું એક અન્ય ઉદાહરણ એ કે પોતે માનતા કે હિંદુ-મુસલમાનનાં નામ શા માટે અલગ હોવાં જોઈએ ? અને તેથી જ તેમણે પોતાના મોટા પુત્રનું નામ અબુલ કલામ આઝાદના નામ ઉપરથી અબુલ રાખ્યું અને પોતાને જ્યારથી દાઢી ઊગવાની શરૂઆત થઈ ત્યારથી દાઢી રાખવાની શરૂઆત કરી હતી. આ છે મહેન્દ્રભાઈનું ખમીર. તેમણે ગાંધીજીનાં દર્શન મુંબઈમાં ૧૯૪૫માં કર્યાં હતાં; પરંતુ તે દિવસે પૂ. બાપુએ મૌન રાખ્યું હોઈ વાર્તાલાપ થઈ શક્યો ન હતો. આ ઉપરાંત ગાંધીજી શહીદ થયા તે દિવસે પોતે દિલ્હીમાં હોઈ તૂર્તજ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ભગ્નહૈયે અંતિમયાત્રામાં પણ જોડાયા હતા.

**સમાપન**

મહેન્દ્રભાઈએ પોતે સ્વીકારેલ સ્વધર્મના પાલન હેતુ અનાસકત અને કૃતસંકલ્પ ભાવે પ્રાયઃ ગુજરાતી અને કંઈક અંશે ભારતીય અને વિશ્વસાહિત્યના મહાસાગરમાં જિંદગીભર ગોતાં લગાવતા રહી ગુજરાતીભાષી પ્રજાજનોને સાચા અર્થમાં મોતીના ચારા સમાન માનવઘડતર અને સર્વાંશે રાષ્ટ્રઘડતર માટે પૂરું પાડેલ વાચન એ તેમની અણમોલ વિરાસત શાશ્વત બની રહેશે. તેમના વૈવિધ્યસભર ઉત્તમ વાચનનો રસથાળ જોઈને વાચનવિમુખ કે વાચનસંન્યાસીઓ પણ વાંચવા અભિમુખ થશે તેવો આશાવાદ અસ્થાને નથી જ. તેમના સમગ્ર સાહિત્ય પૈકી **'અરધી સદીની વાચનયાત્રા'** (૪ ભાગ) તો **'વાચનસાહિત્યનો જ્ઞાનકોશ'**ના બિરુદનો અધિકારી બની રહે છે. આ વાચનસામગ્રી વાંચતાં આપણા પ્રબુદ્ધ સર્જક ભોળાભાઈએ નોંધેલ શબ્દો : 'આજે આપણાં મન મરુભૂમિ જેવાં થતાં જાય છે ત્યારે આ સામગ્રી વાંચતાં એ કઠોર માનવનિયતિને કરુણાથી અનુભવવાની ભીની ભૂમિકા રચાઈ ગઈ' તેના વાચકને ઘણોબધો અર્થબોધ કરાવી જાય છે. સત્ત્વશીલ અને સંતર્પક સાહિત્યનું આટલું ગંજાર સારદોહન કરનારાઓની ભારતમાં શોધખોળ કરવામાં આવે તો કેટલા મળશે ? કોઈ અજ્ઞાત કવિએ કવિઓની ગણના પ્રસંગે કાલિદાસની પ્રશસ્તિમાં ગાયેલી પંક્તિમાં અંશતઃ ફેરફાર/ઉમેરણ કરતાં મહેન્દ્રભાઈ માટે કહીશું કેઃ

**''પુરા સારદોહનગણના પ્રસંગે**
**કનિષ્ઠિકાધિષ્ઠિત મહેન્દ્રવર્યાઃ ।**
**અદ્યાપિ તત્તુલ્યસારદોહનાનામભવાદ્**
**અનામિકા સાર્થવતી અભવત્ ॥**

આવા વાચનવીર અને સારદોહનકર્તા મહેન્દ્રભાઈ મેઘાણીને સલામ.

**(ઋણસ્વીકાર** : આ શ્રદ્ધાંજલિ-લેખ માટે સ્વ. મહેન્દ્રભાઈનાં વિવિધ પુસ્તકો ઉપરાંત સંજય ભાવે, ભદ્રાયુ વછરાજાની, ઉર્વીશ કોઠારી અને જય વસાવડાનાં લેખો / પુસ્તકોનો આધાર લીધો છે, જેનો ઋણસ્વીકાર કરું છું. આ સાથે જ નોંધવું રહ્યું કે ભદ્રાયુ વછરાજાની અને ઉર્વીશ કોઠારીએ મહેન્દ્રભાઈ સાથે સાક્ષાત્કાર ગોઠવીને મહેન્દ્રભાઈના મુખેથી જ તેમના વિશેની દસ્તાવેજી સામગ્રી અંકે કરીને વિદ્યાજગતની મહતી સેવા કરી છે.)

**મણિભાઈ પ્રજાપતિ**

૧૯૪૨ની લડત વખતે ઑપેરા હાઉસ પર પોલીસે પકડીને વાનમાં બેસાડી પણ દીધેલો. એ વખતે ચીમનલાલ ચકુભાઈ શાહ ત્યાંથી નીકળ્યા. કૉંગ્રેસ સરકારમાં એ મુંબઈના સૉલિસિટર જનરલ હતા. એમણે મને છોડાવી લીધલો ને ઘરભેગો કર્યો. મારા બાપુજીને આવું બધું ગમે નહીં. એ કહે કે, 'તું લડતમાં ભાગ લે તો સિરિયસલી લે. છમકલાં નહીં કરવાનાં. તોફાન નહીં કરવાનું.' બોટાદ આવ્યા પછી હું પાટા ઉખેડવાનું ને એવું બધું કરતો ત્યારે એ મને કહે, 'આવું નહીં કર. તું ભાવનગર જા. ત્યાં જગુભાઈ પરીખના હાથ નીચે કામ કરે.' જગજીવનદાસ પરીખ કૉંગ્રેસના મોટા આગેવાન હતા અને બહુ જાણીતા વકીલ. બહુ સજ્જન માણસ. હું બોટાદથી ભાવનગર આવ્યો, પણ જગુભાઈને બદલે માનભાઈ (ભટ્ટ)ની નીચે કામ કરવા મંડ્યો. એ પાટા ઉખેડવાની સામગ્રી, તાર કાપવાનાં સાધનો... એ બધું અમને આપે.

– મહેન્દ્ર મેઘાણી

(સૌજન્ય : મહેન્દ્ર મેઘાણી / ઉર્વીશ કોઠારી, ૨૦૨૦)

# પ્રાસંગિક

## સર્વ વિદ્યાલયનાં કડી અને ગાંધીનગર પરિસરોમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી, 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગર અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડી દ્વારા આપણા દેશે આઝાદી પ્રાપ્ત કર્યાનાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની શાનદાર ઉજવણી સર્વ વિદ્યાલય, કડી ઉપરાંત સર્વ વિદ્યાલયનાં ગાંધીનગરના સેક્ટર-૧૫ અને ૨૩માં સ્થિત કેમ્પસોમાં કરવામાં આવી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ૭૬મા દિને અર્થાત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના દિને ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતા ૧૭૦ ફૂટના ધ્વજદંડ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ તૈયાર કરવામાં આવ્યો હતો. મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રારંભમાં કડી કેમ્પસમાં સ્થિત આદ્યજ્યોતિર્ધર પૂ. છગનભાની પ્રતિમા તથા જ્યોતિર્ધર પૂ. માણેકલાલ પટેલસાહેબની પ્રતિમાને વંદના પાઠવ્યા બાદ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. આઝાદીના શહીદોને અંજલિ પાઠવવાની સાથે ઉપસ્થિત સર્વ વિદ્યાલય પરિવારજનો અને નગરજનોને સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે હૃદયના ઉમળકાભેર અભિનંદન પાઠવીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. રાષ્ટ્રના ગૌરવપૂત પ્રસંગની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં મંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ અને શ્રી જગદીશભાઈ પટેલ, દાતાશ્રી પ્રવીણભાઈ પટેલ અને શ્રી હિમાંશભાઈ ખમાર, કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં કાર્યકારી ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, વિવિધ શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભમાં ગાંધીનગરના સેકટર-૧૫માં સ્થિત એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત કેમ્પસમાં અને ત્યાર બાદ સેકટર-૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય કેમ્પસમાં માનનીય ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલના વરદહસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કરાવ્યા બાદ માનનીય ચેરમેનશ્રીએ સમારોહમાં ઉપસ્થિત સંસ્થાના પ્રમુખશ્રી આદરણીય ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા, યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, ડાયરેક્ટરશ્રીઓ, શિક્ષકગણ, વિદ્યાર્થીભાઈ - બહેનો અને નોન ટીચીંગ સ્ટાફ અને નગરજનોને સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

માનનીય ચેરમેનશ્રીએ પોતાના ઊર્જાશીલ અને પ્રેરક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આઝાદીના ૭૫ વર્ષની અમૃત મહોત્સવની ઉજવણી ભારતભરમાં કરવામાં આવતી હોય ત્યારે સ્વાભાવિકપણે સર્વ વિદ્યાલય પરિવાર પણ એની ઊજવણીમાં હર્ષ અને ઉલ્લાસભેર અગ્રેસર રહે જ. પૂજ્ય છગનભા દ્વારા વર્ષ ૧૯૧૯થી શરૂ કરવામાં આવેલી આપણી આ સંસ્થામાં આઝાદીની ચળવળ, આઝાદી મેળવવા માટે દરેક પરિવારજનની કામ કરવાની ભાવના, પોતાનું બલિદાન આપવાની ભાવના વર્ષોથી સર્વ વિદ્યાલય પરિવારજનોમાં જોડાયેલી રહી છે. સંસ્થાના શરૂઆતના તબક્કામાં સ્વતંત્રતાની ચળવળમાં તે વખતના તમામ સંચાલકશ્રીઓ - પૂજ્ય છગનભા, શ્રી નગીનભાઈ, દાસકાકા, પ્રો. સ્વામિનારાયણ સાહેબ વગેરે, પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષકો, ગૃહપતિશ્રીઓ અને વિદ્યાર્થીઓ જોડાયેલા રહ્યા હતા અને ખાસ તો ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ પૂજ્ય મહાત્મા ગાંધી આપણી સંસ્થાની મુલાકાતે આવ્યા ત્યાર પછી તો સર્વ વિદ્યાલયનો જીવનમંત્ર - સ્વતંત્રતા સિવાય હવે કશું જ ઓછું ખપતું નથી તે લક્ષ્ય બની ચુક્યું હતું. તત્કાલીન સમયે કડી કેમ્પસમાં વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી પ્રવૃત્તિઓ, જેમકે રેંટિયા બારસની ઊજવણી કરવી, હિંદ છોડોની ચળવળમાં ભાગીદારી વગેરે વિદ્યાર્થીઓ અને શિક્ષકો

દ્વારા કરવામાં આવતી હતી. આપણા માટે ગર્વની બાબત એ છે કે તે વખતે સર્વ વિદ્યાલયના ૧૭ વિદ્યાર્થીઓ પોતાના પ્રિન્સિપાલશ્રીને, સંચાલકશ્રીને કે ગૃહપતિને જાણ કર્યા વગર આઝાદીની ચળવળમાં ભાગ લેવા જોડાઈ ગયા હતા. કમનસીબે આ બધાંનાં નામ આપણે મેળવી શક્યા નથી. આ ઉપરાંત સર્વ વિદ્યાલયનું ખમીર પ્રગટ કરતી બીજી ઘટના એ કે જીવણભાઈ કરીને આપણા એક વિદ્યાર્થી હતા. તેઓશ્રી આઝાદીની મૂવમેન્ટને વેગ મળે એ માટે ગામડે ગામડે પત્રિકાઓની વહેંચણીની કામગીરી કરતા. આવી વહેંચણીના કાર્યક્રમ દરમિયાન તેમને જ્યારે પોલિસ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા ત્યારે એમને કહેવામાં આવ્યું કે તમે ગુનો કબૂલ કરો કે આ પત્રિકા વહેંચવીએ ગુનો છે. ત્યારે તેમણે કહ્યું હતું કે મને ફાંસીએ ચઢાવવો હોય તો ચઢાવી દો પણ મારા દેશને આઝાદ કરવા માટે જો મારે પત્રિકા વહેંચવી એ ગુનો હોય તો એ ગુનો હું નહીં કબૂલ કરું. હું મારું મોત સ્વીકારીશ. એ વખતે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓની આઝાદી માટેની આવી એક ખેવના રહી હતી. આ સાથે જ મારે યાદ અપાવવી રહી કે આપણાં બંને કેળવણી મંડળો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના હાલના પ્રમુખશ્રીઓના પરિવારોની આઝાદીના સંગ્રામમાં સક્રિય ભાગીદારી રહી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ આદરણીય શ્રી કનુભાઈ સાહેબ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી આદરણીય મનુભાઈ સાહેબ કે જેઓ શ્રી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય પણ છે. મેં તમને આગળ જણાવ્યું તે મુજબ ૧૭ વિદ્યાર્થીઓ પૈકી હરહંમેશ યાદ રહે એવું એક નામ છે પટેલ ધનાભાઈનું. તેમણે મેટ્રિક થયા બાદ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો. કડીમાં વકીલાત દરમિયાન તેમણે આપણી સંસ્થાના મંત્રીશ્રીથી ચેરમેનશ્રી તરીકે સેવાઓ આપી હતી. આજદિન સુધીના સંસ્થાના સેવકોમાં સૌથી લાંબા સમય સુધી એટલે કે સતત એકાવન વર્ષ સુધી તેમણે સેવાઓ આપી હતી. તેઓશ્રી મારા પૂજ્ય ધનાફૂઆ થાય, અને આપણા મંડળના સન્માનનીય પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ સાહેબના પિતાશ્રી થાય. આપણા મનુભાઈ સાહેબ જેઓશ્રી ચાણસ્માના વતની છે. તેમના પિતરાઈ ભાઈ મણિભાઈ આપણી સંસ્થાના વિદ્યાર્થી હતા. તેમણે અહીંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વડોદરામાં કૉલેજ શિક્ષણ દરમિયાન આઝાદીની ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું હતું. એ વખતે આઝાદીની ચળવળના અહેવાલો, ભાવિ કાર્યક્રમો વગેરે સંબંધી માહિતી ગામડે ગામડે મોકલવા માટે પત્રિકાઓ તૈયાર કરીને વહેંચવામાં આવતી હતી. આ કામગીરીમાં તેઓશ્રી જોડાયેલા હતા. અડાસ રેલવે સ્ટેશન પાસે ચાર વિદ્યાર્થીઓ સાથે એમણે પણ પોલીસ ગોળીબારમાં શહીદી વહોરી હતી. ત્રીજું એક ગૌરવવંતુ નામ છે વીર શહીદ ત્રિભોવનદાસ પટેલનું. તેઓશ્રી લણવા ગામના વતની હતા. આપણી શાળામાં મેટ્રિક થયા બાદ સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપતા રહ્યા હતા. તેમણે ગૌસેવા અને ઢોરચોરી નિવારણ માટે શહીદી વહોરી લીધી હતી. તેઓશ્રી આપણી પ્રમુખસ્વામી કૉલેજની ગવર્નિંગ બોડીના ચેરમેન આદરણીય શ્રી અરવિંદભાઈ પટેલના પિતાશ્રી થાય. એ વખતનાં ઘણા સંચાલકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ આઝાદીની ચળવળમાં ભાગ લેતાં છ-સાત માસ કે વરસ બે વરસની જેલ ભોગવી હતી.

આ સર્વ વિદ્યાલયની પવિત્ર ભૂમિ ઉપર જ્યારે આપણે ૭૫ વર્ષની ઉજવણી કરતા હોઈએ ત્યારે સ્વાભાવિક રીતે આપણને ગૌરવ થાય. આ ઊજવણી ઐતિહાસિક બની રહે તેવો ભાવ પણ દરેકમાં જાગે. આપ સૌની આ ભાવનાને ધ્યાને લઈને અમે કડી અને ગાંધીનગરનાં ત્રણેય પરિસરોમાં ૧૭૦ ફૂટની ઊંચાઈ ધરાવતો ખાસ ધ્વજસ્તંભ તૈયાર કરાવીને રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો છે. આ ઐતિહાસિક ઘડીના અહીં ઉપસ્થિત આપ સૌ નગરજનો, સંસ્થાના સંચાલકશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, ડાયરેક્ટરશ્રી અને શિક્ષકગણ, નોન ટિચિંગ સ્ટાફ વગેરે સાક્ષી બન્યાં છો. આજના આ અમૃત સમારોહ વિશે આપ સૌ આખી જિંદગી માનભેર કહી શકશો કે જ્યારે સર્વ વિદ્યાલયમાં આઝાદીના અમૃત મહોત્સવ પર્વે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું ત્યારે અમે એના પ્રત્યક્ષ સાક્ષી હતા. મને શ્રદ્ધા છે કે આ ઐતિહાસિક ક્ષણ આપ સૌની જિંદગીનું સંભારણું બની રહેશે. આપ સૌ કદાપિ ભૂલી નહિ શકો. આપણી સંસ્થાની જ્યારે વાત નીકળતી હોય ત્યારે કવચિત કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે સંચાલકો ગૌરવપૂર્વક કહેતા હોય છે કે જ્યારે આ બિલ્ડીંગ બની રહ્યું હતું ત્યારે એની ઈંટ મેં મુકી હતી. આ વાત સાંભળનારને અને તેની સાથે કહેનારને પણ ગૌરવાન્વિત કરતી રહે

છે. આવા ગૌરવની ઘડીએ આજે સર્વ વિદ્યાલયના તમામ પરિવારને આઝાદીના ૭૬મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે હું શુભેચ્છાઓ પાઠવું છું, અભિનંદન પાઠવું છું.

માનનીય વડાપ્રધાનશ્રીએ આજે રાષ્ટ્રજોગ પ્રવચનમાં હાકલ કરી છે કે દરેક વ્યક્તિ દેશના વિકાસ માટે સંકલ્પબદ્ધ બની કંઈક એવું કામ કરે કે જેમાં પોતાની ભાગીદારી થઈ હોય એના વિશે પોતાની વાત કરી શકે. આજે જ્યારે પર૦૦૦ વિદ્યાર્થીઓ સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે ત્યારે વડાપ્રધાનશ્રીની આ વાત હૈયે ધરીને આપણી ફરજ બને છે કે આપણે વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ નાગરિક તરીકે ઘડતર કરીએ, વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટે એમને શ્રેષ્ઠ શિક્ષણ આપીએ, દેશના શ્રેષ્ઠ નાગરિક બનાવવા, એક સારા માનવી બનાવવા એ આપણી - સર્વ વિદ્યાલય પરિવારની પવિત્ર ફરજ બની રહે છે. જોકે આપણે આ કામ વર્ષોથી કરતા આવીએ છીએ. આમ છતાં આજે દરેકને હું હાકલ કરું છું કે સર્વ વિદ્યાલય પરિવાર તમામ વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે મુખ્ય પરીબળ બની જાય અને દેશના વિકાસ માટે પોતાનો અમૂલ્ય ફાળો આપે. પુનઃ આપ સર્વને સર્વ વિદ્યાલય પરિવાર વતી આજના દિવસની શુભેચ્છાઓ પાઠવી વિરમું છું. જય હિંદ... જય ભારત.

આ ઉજવણી સંદર્ભે નોંધવું રહ્યું કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ‘હર ઘર તિરંગા’ અભિયાનને સફળતા બક્ષવા કડી અને ગાંધીનગરનાં સર્વ વિદ્યાલયનાં શૈક્ષણિક કેમ્પસોમાં ફરજ બજાવતા તમામ ૨૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસસ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી ધ્વજદંડ સાથે રાષ્ટ્રધ્વજ એનાયત કરવામાં આવ્યો હતો. આ ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ઘટનાની ઉજવણીની નોંધપાત્ર બાબત એ છે કે સર્વ વિદ્યાલયીઓમાં અભૂતપૂર્વ સ્વયંભૂ ઉત્સાહની હેલી જોવા મળી. અને તે પણ આઝાદીના દિનની યાદ તાજી કરાવે તેવા રોમાંચકારી ઉત્સાહ સાથે. સર્વ વિદ્યાલયનાં ત્રણેય પરિસરોમાં રાષ્ટ્રભક્તિને પોષક એવું સૌંદર્યાન્વેષી સુશોભન કરવાની સાથે જ સવારથી જ શહીદોની વંદના પાઠવતાં રાષ્ટ્રભક્તિનાં ગીતોની સુરાવલિઓ શરૂ કરવામાં આવતાં ભારે ઉત્સાહપૂર્ણ માહોલ પેદા થયો હતો. આ માહોલને વધુ પ્રભાવક બનાવવામાં એન.સી.સી.ના કેડેટસની બેન્ડ સાથે માર્ચ-પાસ્ટ તથા એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓની શિસ્તપૂર્ણ ઉપસ્થિતિ, સર્વ વિદ્યાલયીઓની સફેદ વસ્રોમાં હાજરી, ત્રણેય સ્થળોના સમારોહોનાં ઉદ્ઘોષકોની ઓજસ્વી પ્રસ્તુતિ, કુશળ વ્યવસ્થાપન અને ખાસ તો નગરજનો સુધ્ધાં સૌ માં સ્વયંભૂ ગરિમાશીલ ઉત્સાહના કારણે આ મહોત્સવ આઝાદી પ્રાપ્તિનાં પ્રારંભિક વર્ષોની ઉજવણીઓની સ્મૃતિ તાજી કરાવવાની સાથે સર્વ વિદ્યાલયના ઈતિહાસની એક ગૌરવપૂર્ણ અને સ્મરણીય ઘટના સમાન બની રહ્યો હતો.

❐

# स्वतंत्रता दिवस पर भारत के प्रधानमंत्री श्री नरेन्द्र मोदी का भाषण

दिनांक - १५-८-२०२२

“आजादी के ७५ वर्ष पूर्ण होने पर देशवासियों को अनेक-अनेक शुभकामनाएं। बहुत-बहुत बधाई। न सिर्फ हिन्दुस्तान का हर कोना, लेकिन दुनिया के हर कोने में आज किसी न किसी रूप में भारतीयों के द्वारा या भारत के प्रति अपार प्रेम रखने वालों के द्वारा विश्व के हर कोने में यह हमारा तिरंगा आन-बान-शान के साथ लहरा रहा है। मैं विश्वभर में फैले हुए भारत प्रेमियों को, भारतीयों को आजादी के इस अमृत महोत्सव की बहुत-बहुत बधाई देता हूँ।

आज का यह दिवस ऐतिहासिक दिवस है। एक पुण्य पड़ाव, एक नई राह, एक नये संकल्प और नये सामर्थ्य के साथ कदम बढ़ाने का यह शुभ अवसर है। आजादी के जंग में गुलामी का पूरा कालंखड संघर्ष में बीता है। हिन्दुस्तान का कोई कोना ऐसा नहीं था, कोई काल ऐसा नहीं था, जब देशवासियों ने सैकड़ों सालों तक गुलामी के खिलाफ जंग न किया हो। जीवन न खपाया हो, यातनाएं न झेली हो, आहुति न दी हो। आज हम सब देशवासियों के लिए ऐसे हर महापुरूष

को, हर त्यागी को, हर बलिदानी को नमन करने का अवसर है। उनका ऋण स्वीकार करने का अवसर है और उनका स्मरण करते हुए उनके सपनों को जल्द से जल्द पूरा करने का संकल्प लेने का भी अवसर है। हम सभी देशवासी कृतज्ञ है, पूज्य बापू के, नेताजी सुभाषचंद्र बोझ के, बाबासाहेब अम्बेडकर के, वीर सावरकर के, जिन्होंने कर्तव्य पथ पर जीवन को खपा दिया। कर्तव्य पथ ही उनका जीवन पथ रहा। यह देश कृतज्ञ है, मंगल पांडे, तात्या टोपे, भगत सिंह, सुखदेव, राजगुरू, चंद्रशेखर आजाद, अशफाक उल्ला खां, राम प्रसाद बिस्मिल अनगिनत ऐसे हमारे क्रांति वीरों ने अंग्रेजों की हुकूमत की नींव हिला दी थी। यह राष्ट्र कृतज्ञ है, उन वीरांगनाओं के लिए, रानी लक्ष्मीबाई हो, झलकारी बाई, दुर्गाभाभी, रानी गाइदिन्ल्यू, रानी चेनम्मा, बेगम हजरत महल, वेलु नाच्चियार, भारत की नारीशक्ति क्या होती है।

भारत की नारीशक्ति का संकल्प क्या होता है। भारत की नारी त्याग और बलिदान की क्या पराकाष्ठा कर सकती है, वैसी अनगिनत वीरांगनाओं का स्मरण करते हुए हर हिन्दुस्तानी गर्व से भर जाता है। आजादी का जंग भी लड़ने वाले और आजादी के बाद देश बनाने वाले डॉ. राजेन्द्र प्रसाद जी हों, नेहरू जी हों, सरदार वल्लभ भाई पटेल, श्यामा प्रसाद मुखर्जी, लाल बहादुर शास्त्री, दीनदयाल उपाध्याय, जय प्रकाश नारायण, राम मनोहर लोहिया, आचार्य विनाबा भावे, नानाजी देशमुख, सुब्रह्मण्यमभारती, अनगिनत ऐसे महापुरुषों को आज नमन करने का अवसर है।

हम आजादी की जंग की चर्चा करते हैं तो हम उन जंगलों में जीने वाले हमारे आदिवासी समाज का भी गौरव करना हम नहीं भूल सकते हैं। भगवान बिरसा मुंडा, सिद्धू कान्हू, अल्लूरी सीताराम राजू, गोविंद गुरू, अनगिनत नाम हैं जिन्होंने आजादी के आंदोलन की आवाज बनकर के दूर-सदूर जंगलों में भी.... मेरे आदिवासी भाई-बहनों, मेरी माताओं, मेरे युवकों में मातृभूमि के लिए जीने-मरने के लिए प्रेरणा जगाई। ये देश का सौभाग्य रहा है कि आजादी की जंग के कई रूप रहे हैं और उसमें एक रूप वो भी था जिसमें नारायण गुरू हो, स्वामी विवेकानंद हो, महर्षि अरविंदो हो, गुरुदेव रवीन्द्रनाथ टैगोर हो, ऐसे अनेक महापुरुष हिन्दुस्तान के हर कोने में, हर गांव में भारत की चेतना को जगाते रहे। भारत को चेतनमन बनाते रहे।

अमृत महोत्सव के दौरान देश ने.... पूरे एक साल से हम देख रहे हैं। २०२१ में दांडीयात्रा से प्रारंभ हुआ। स्मृति दिवस को संवरते हुए हिन्दुस्तान के हर जिले में, हर कोने में देशवासियों ने आजादी के अमृत महोत्सव के लक्ष्यावृद्धि कार्यक्रम किए। शायद इतिहास में इतना विशाल, व्यापक, लंबा एक ही मकसद का उत्सव मनाया गया हो वो शायद ये पहली घटना हुई है और हिन्दुस्तान के हर कोने में उन सभी महापुरुषों को याद करने का प्रयास किया गया जिनको किसी न किसी कारणवश इतिहास में जगह न मिली या उनको भूला दिया गया था। आज देश ने खोज-खोज करके हर कोने में ऐसे वीरों को, महापुरुषों को, त्यागियों को, बलिदानियों को सत्यवीरों को याद किया, नमन किया। अमृत महोत्सव के दरमियान इन सभी महापुरुषों को नमन करने का अवसर रहा। कल १४ अगस्त को भारत ने विभाजनविभिषिका स्मृति दिवस भी बड़े भारी मन से हृदय के गहरे घावों को याद करते हुए उन कोटि-कोटि जनों ने बहुत कुछ सहन किया था, तिरंगे की शान के लिए सहन किया था। मातृभूमि की मिट्टी से मोहब्बत के कारण सहन किया था और धैर्य नहीं खोया था। भारत के प्रति प्रेम ने नई जिंदगी की शुरूआत करने का उनका संकल्प नमन करने योग्य है, प्रेरणा पाने योग्य है।

आज जब हम आजादी का अमृत महोत्सव मना रहे हैं तो पिछले ७५ साल में देश के लिए जीने मरने वाले, देश की सुरक्षा करने वाले, देश के संकल्पों को पूरा करने वाले; चाहे सेना के जवान हों, पुलिस के कर्मी हों, शासन में बैठे हुए ब्यूरोक्रेट्स हों, जनप्रतिनिधि हों, स्थानीय स्वराज की संस्थाओं के शासक-प्रशासक रहे हों, राज्यों के शासक-प्रशासक रहे हों, केंद्र के शासक-प्रशासक रहे हों; ७५ साल में इन सबके योगदान को भी आज स्मरण करने का अवसर है और देश के कोटि-कोटि नागरिकों को भी, जिन्होंने ७५ साल में अनेक

प्रकार की कठिनाइयों के बीच भी देश को आगे बढ़ाने के लिए अपने से जो हो सका वो करने का प्रयास किया है।

**मेरे प्यारे देशवासियों,**

७५ साल की हमारी ये यात्रा अनेक उतार-चढ़ाव से भरी हुई है। सुख-दु:ख की छाया मंडराती रही है और इसके बीच भी हमारे देशवासियों ने उपलब्धियां की हैं, पुरुषार्थ किया है, हार नहीं मानी है। संकल्पों को ओझल नहीं होने दिया है। और इसलिए, और ये भी सच्चाई है कि सैंकड़ों सालों के गुलामी के कालखंड ने भारत के मन को, भारत के मानवी की भावनाओं को गहरे घाव दिए थे, गहरी चोटें पहुंचाई थीं, लेकिन उसके भीतर एक जिद भी थी, एक जिजीविषा भी थी, एक जुनून भी था, एक जोश भी था। और उसके कारण अभावों के बीच में भी, उपहास के बीच में भी और जब आजादी की जंग अंतिम चरण में था तो देश को डराने के लिए, निराश करने के लिए, हताश करने के लिए सारे उपाय किए गए थे। अगर आजादी आई अंग्रेज चले जाएंगे तो देश टूट जाएगा, बिखर जाएंगे, लोग अंदर-अंदर लड़ करके मर जाएंगे, कुछ नहीं बचेगा, अंधकार युग में भारत चला जाएगा, न जाने क्या आशंकाएं व्यक्त की गई थीं। लेकिन उनको पता नहीं था ये हिन्दुस्तान की मिट्टी है, इस मिट्टी में वो सामर्थ्य है जो शासकों से भी परे सामर्थ्य का एक अंतरप्रभाव लेकर जीता रहा है, सदियों तक जीता रहा है और उसी का परिणाम है, हमने क्या कुछ नहीं झेला है, कभी अन्न का संकट झेला, कभी युद्ध के शिकार हो गए।

आंतकवाद ने डगर-डगर चुनौतियां पैदा कीं, निर्दोष नागरिकों को मौत के घाट उतार दिया गया। छद्म युद्ध चलते रहे, प्राकृतिक आपदाएं आती रही, सफलता विफलता, आशा निराशा, न जाने कितने पड़ाव आए हैं। लेकिन इन पड़ाव के बीच भी भारत आगे बढ़ता रहा है। भारत की विविधता जो औरों को भारत के लिए बोझ लगती थी। वो भारत की विविधता ही भारत की अनमोल शक्ति है। शक्ति का एक अटूट प्रमाण है। दुनिया को पता नहीं था कि भारत के पास एक inherent सामर्थ्य है, संस्कार सरिता है, एक मन मस्तिष्क् का, विचारों का बंधन है। और वो है भारत लोकतंत्र की जननी है, Mother of Democracy है और जिनके जहन में लोकतंत्र होता है वे जब संकल्प कर के चल पड़ते हैं, वो सामर्थ्य दुनिया की बड़ी-बड़ी सल्तनतों के लिए भी संकट का काल लेकर के आती है। ये Mother of Democracy, ये लोकतंत्र की जननी, हमारे भारत ने सिद्ध कर दिया कि हमारे पास एक अनमोल सामर्थ्य है।

**मेरे प्यारे देशवासियों,**

हिमालय की कन्दराएँ हो, हर कोने में महात्मा गांधी का जो सपना था आखिरी इंसान की चिंता करने का, महात्मा गांधाजी की जो आकांक्षा थी अंतिम छोर पर बैठे हुए व्यक्ति को समर्थ बनाने की, मैंने अपने आप को उसके लिए समर्पित किया है, और उन ८ साल का नतीजा और आजादी के इतने दशकों का अनुभव आज ७५ साल के बाद जब अमृत काल की ओर कदम रख रहे हैं, अमृत काल की ये पहली प्रभात है तब मैं एक ऐसे सामर्थ्य को देख रहा हूँ। और जिससे में गर्व से भर जाता हूँ।

**देशवासियों,**

मैं आज देश का सबसे बड़ा सौभाग्य ये देख रहा हूँ। कि भारत का जनमन आकांक्षित जनमन है। Aspirational Society किसी भी देश की बहुत बड़ी अमानत होती है। और हमें गर्व है कि आज हिन्दुस्तान के हर कोने में, हर समाज के हर वर्ग में, हर तब्बके में, आकांक्षाएं उफान पर हैं। देश का हर नागरिक चीजें बदलना चाहता है, बदलते देखना चाहता है, लेकिन इंतजार करने को तैयार नहीं है, अपनी आंखों के सामने देखना चाहता है, कर्तव्य से जुड़ कर करना चाहता है। वो गति चाहता है, प्रगति चाहता है। ७५ साल में संजोय हुए सारे सपने अपनी ही आंखों के सामने पूरा करने के लिए वो लालयित है, उत्साहित है, उतावला भी है।

कुछ लोगों को इसके कारण संकट हो सकता है। क्योंकि जब aspirational society होती है तब सरकारों को भी तलवार की धार पर चलना पड़ता है। सरकारों को भी समय के साथ दौड़ना पड़ता

है और मुझे विश्वास है चाहे केन्द्र सरकार हो, राज्य सरकार हो, स्थानीय स्वराज्य की संस्थाएं हों, किसी भी प्रकार की शासन व्यवस्था क्यों न हो, हर किसी को इस aspirational society को address करना पड़ेगा, उनकी आकांक्षाओं के लिए हम ज्यादा इंतजार नहीं कर सकते। हमारे इस aspirational society ने लंबे अरसे तक इंतजार किया है। लेकिन अब वो अपनी आने वाली पीढ़ी को इंतजार में जीने के लिए मजबूर करने को तैयार नहीं हैं और इसलिए ये अमृत काल का पहला प्रभात हमें उस aspirational society के आकांक्षाओं को पूरा करने के लिए बहुत बड़ा सुनहरा अवसर लेकर के आई है।

**मेरे प्यारे देशवासियों**

हमने पिछले दिनों देखा है एक और ताकत का हमने अनुभव किया है और वो है भारत में सामूहिक चेतना पुनर्जागरण हुआ है। एक सामूहिक चेतना का पुनर्जागरण आजादी के इतने संघर्ष में जो अमृत था, वो अब संजोया जा रहा है, संकलित हो रहा है। संकल्प में परिवर्तित हो रहा है, पुरुषार्थ की पराकाष्ठा जुड़ रही है और सिद्धि का मार्ग नजर आ रहा है। ये चेतना, मैं समझता हूँ कि चेतना का जागरण ये पुनर्जागरण ये हमारी सबसे बड़ी अमानत है। और ये पुनर्जागरण देखिए १० अगस्त तक लोगों को पता तक नहीं होगा शायद कि देश के भीतर कौन सी ताकत है। लेकिन पिछले तीन दिन से जिस प्रकार से तिरंगे झंडे को लेकर के तिरंगा की यात्रा को लेकर करके देश चल पड़ा है। बड़े-बड़े social science के experts वे भी शायद कल्पना नहीं कर सकते कि मेरे भीतर के अंदर कि मेरे देश के भीतर कितना बड़ा सामर्थ्य है, एक तिरंगे झंडे ने दिखा दिया है। ये पुनर्चेतना, पुनर्जागरण का पल है। ये लोग समझ नहीं पाएं हैं।

जब देश जनता कर्फ्यू के लिए हिन्दुस्तान का हर कोना निकल पड़ता है, तब उस चेतना की अनुभूति होती है। जब देश ताली, थाली बजाकर के corona warriors के साथ कंधे से कंधा मिलाकर के खड़ा को जाता है, तब चेतना की अनुभूति होती है। जब दीया जलाकर के corona warrior को शुभकामनाएं देने के लिए देश निकल पड़ता है, तब उस चेतना की अनुभूति होती है। दुनिया कोरोना के कालखंड में वैक्सिन लेना या न लेना, वैक्सिन काम की है या नहीं है, उस उलझन में जी रही थी। उस समय मेरे देश के गांव गरीब भी दो सौ करोड़ डोज दुनिया को चौंका देने वाला काम करके दिखा देते हैं। ये ही चेतना है, ये ही सामर्थ्य है इस सामर्थ्य ने आज देश को नई ताकत दी है।

**मेरे प्यारे भाइयों-बहनों**

इस एक महत्त्वपूर्ण सामर्थ्य को मैं देख रहा हूँ जैसे aspirational society, जैसे पुनर्जागरण वैसे ही आजादी के इतने दशकों के बाद पूरे विश्व का भारत की तरफ देखने का नजरिया बदल चुका है। विश्व भारत की तरफ गर्व से देख रहा है, अपेक्षा से देख रहा है। समस्याओं का समाधान भारत की धरती पर दुनिया खोजने लगी है दोस्तों। विश्व का यह बदलाव, विश्व की सोच में यह परिवर्तन ७५ साल की हमारी अनुभव यात्रा का परिणाम है।

हम जिस प्रकार से संकल्प को लेकर चल पड़े है दुनिया इसे देख रही है, और आखिरकार विश्व भी उम्मीदें लेकर जी रहा है। उम्मीदें पूरी करने का सामर्थ्य कहाँ पड़ा है वो उसे दिखने लगा है। मैं इसे स्त्रीशक्ति के रूप में देखता हूं। तीन सामर्थ्य के रूप में देखता हूँ, और यह त्रि-शक्ति है aspiration की, पुनर्जागणरण की और विश्व के उम्मीदों की और इसे पूरा करने के लिए हम जानते हैं दोस्तों आज दुनिया में एक विश्वास जगने में मेरे देशवासियों की बहुत बड़ी भूमिका है। १३० करोड़ देशवासियों ने कई दशकों के अनुभव के बाद स्थिर सरकार का महत्त्व क्या होता है, राजनीतिक स्थिरता का महत्त्व क्या होता है, political stability दुनिया में किस प्रकार की ताकत दिखा सकती है।

नीतियों में कैसा सामर्थ्य होता है, उन नीतियों पर विश्व का कैसे भरोसा बनता है। यह भारत ने दिखाया है और दुनिया भी इसे समझ रही है। और अब जब राजनीतिक स्थिरता हो, नीतियों में गतिशीलता हो, निर्णयों में तेजी हो, सर्व व्यापकता

हो, सर्व समाजविश्वस्ता हो, तो विकास के लिए हर कोई भागीदार बनता है। हमने सबका साथ, सबका विकास का मंत्र लेकर हम चलें थे, लेकिन देखते ही देखते देशवासियों ने सबका विश्वास और सबके प्रयास से उसमें और रंग भर दिए हैं। और इसलिए हमने देखा है हमारी सामूहिक शक्ति को, हमारे सामूहिक सामर्थ्य को हमने देखा है। आजादी का अमृत महोत्सव जिस प्रकार से मनाया गया, जिस प्रकार से आज हर जिले में ७५ अमृत सरोवर बनाने का अभियान चल रहा है, गांव-गांव के लोग जुड़ रहे हैं, कार्य सेवा कर रहे हैं। अपने प्रयत्नों से अपने गांव में जल संरक्षण के लिए बड़ा अभियान चला रहे हैं। और इसलिए भाईयों-बहनों, चाहे स्वच्छता का अभियान हो, चाहे गरीबों के कल्याण का काम हो, देश आज पूरी शक्ति से आगे बढ़ रहा है।

लेकिन भाईयों-बहनों हम लोग आजादी के अमृतकाल में हमारी ७५ साल की यात्रा को उसका गौरवगान ही करते रहेंगे, अपनी ही पीठ थपथपाते रहेंगे, तो हमारे सपने कहीं दूर चले जाएंगे। और इसलिए ७५ साल का कालखंड कितना ही शानदार रहा हो, कितने ही संकटों वाला रहा हो, कितने ही चुनौतियों वाला रहा हो, कितने ही सपने अधूरे दिखते हो उसके बावजूद भी आज जब हम अमृतकाल में प्रवेश कर रहे हैं अगले २५ वर्ष हमारे देश के लिए अत्यंत महत्त्वपूर्ण है और इसलिए जब मैं आज मेरे सामने लाल किले पर से १३० करोड़ देशवासियों के सामर्थ्य का स्मरण करता हूं, उनके सपनों को देखता हूं, उनके संकल्प की अनुभूति करता हूँ तो साथियों मुझे लगता है आने वाले २५ साल के लिए हमें उन पंचप्रण पर अपनी शक्ति को केंद्रित करनी होगा। अपने संकल्पों को केंद्रित करना होगा। अपने सामर्थ्य को केंद्रित करना होगा। और हमें उन पंचप्रण को लेकर के, २०४७ जब आजादी के १०० साल होंगे आजादी के दीवानों के सारे सपने पूरे करने का जिम्मा उठा करके चलना होगा।

जब मैं पंचप्रण की बात करता हूँ तो पहला प्रण अब देश बड़े संकल्प लेकर ही चलेगा। बहुत बड़े संकल्प लेकर के चलना होगा। और वो बड़ा संकल्प है विकसित भारत, अब उससे कुछ कम नहीं होना चाहिए। बड़ा संकल्प - दूसरा प्रण है किसी भी कोने में हमारे मन के भीतर, हमारी आदतों के भीतर गुलामी का एक भी अंश अगर अभी भी कोई है तो उसको किसी भी हालत में बचने नहीं देना है। अब शत-प्रतिशत, शत-प्रतिशत सैंकड़ों साल की गुलामी ने जहाँ हमें जकड़ कर रखा है, हमें हमारे मनोभाव को बांध करके रखा हुआ है, हमारी सोच में विकृतियां पैदा करके रखी हैं। हमें गुलामी की छोटी से छोटी चीज भी कहीं नजर आती है, हमारे भीतर नजर आती है, हमारे आस-पास नजर आती है हमें उससे मुक्ति पानी ही होगी। ये हमारी दूसरी प्रण शक्ति है। तीसरी प्रण शक्ति, हमें हमारी विरासत पर गर्व होना चाहिए, हमारी विरासत के प्रति क्योंकि यही विरासत है जिसने कभी भारत को स्वर्णिम काल दिया था। और यही विरासत है जो समयानुकूल परिवर्तन करने आदत रखती है। यही विरासत है जो काल-बाह्य छोड़ती रही है। नित्य नूतन स्वीकारती रही है। और इसलिए इस विरासत के प्रति हमें गर्व होना चाहिए। चौथा प्रण वो भी उतना ही महत्त्वपूर्ण है और वो है एकता और एकजुटता। १३० करोड़ देशवासियों में एकता, न कोई अपना न कोई पराया, एकता की ताकत, भारत श्रेष्ठ भारत' के सपनों के लिए हमारा चौथा प्रण है। और पांचवां प्रण, पांचवां प्रण है नागरिकों का कर्तव्य, नागरिकों का कर्तव्य, जिसमें प्रधानमंत्री भी बाहर नहीं होता, मुख्यमंत्री भी बाहर नहीं होता वो भी नागरिक है। नागरिकों का कर्तव्य। ये हमारे आने वाले २५ साल के सपनों को पूरा करने के लिए एक बहुत बड़ी प्रण शक्ति है।

**मेरे प्यारे देशवासियों**

जब सपने बड़े होते हैं, जब संकल्प बड़े होते हैं तो पुरुषार्थ भी बहुत बड़ा होता है। शक्ति भी बहुत बड़ी मात्रा में जुड़ जाती है। अब कोई कल्पना कर सकता है कि देश उस ४०-४२ के कालखंड को याद कीजिए, देश ऊठ खड़ा हुआ था। किसी ने हाथ में झाड़ू लिया था, किसी ने तकली ली थी, किसी ने सत्याग्रह का मार्ग चुना था, किसी ने संघर्ष का मार्ग चुना था, किसी ने

काल क्रांति की वीरता का रास्ता चुना था। लेकिन संकल्प बड़ा था 'आझादी' और ताकत देखिए बड़ा संकल्प था तो आजादी लेकर रहे। हम आजाद हो गये। अगर संकल्प छोटा होता, सीमित होता तो शायद आज भी संघर्ष करने के दिन चालू रहते, लेकिन संकल्प बड़ा था, तो हमने हासिल भी किया।

**मेरे प्यारे देशवासियों**

अब आज जब अमृत काल की पहली प्रभात है, तो हमें इन पच्चीस साल में विकसित भारत बना कर रहना है। अपनी आंखों के सामने और २०-२२-२५ साल के मेरे नौजवान, मेरे देश के मेरे सामने है, मेरे देश के नौजवानों जब देश आजादी के १०० साल मनाएगा। तब आप ५०-५५ के हुए होंगे, मतलब आपके जीवन का ये स्वर्णिम काल, आपकी उम्र के ये २५-३० साल भारत के सपनों को पूरा करने का काल है। आप संकल्प ले करके मेरे साथ चल पड़िए साथियों, तिंरगे झंडे की शपथ ले करके चल पड़िए, हम सब पूरी ताकत से लग जाएं। महासंकल्प, मेरा देश विकसित देश होगा, developed country होगा, विकास के हरेक पैरामीटर में हम मानवकेंद्री व्यवस्था को विकसित करेंगे, हमारे केंद्र में मानव होगा, हमारे केंद्र के मानव की आशा-आकांक्षाएं होंगी। हम जानते हैं, भारत जब बड़े संकल्प करता है तो करके भी दिखाता है।

તમને પાણી વગેરેનું જે કષ્ટ પડ્યું તેને પણ જીવનનું ભણતર જ સમજીને શક્તિ વધી એમ ગણશો. આ વર્ષ હિંમતથી પૂરું કરી કાઢો, પછી ઘેર જ રહેવાનું. ત્યાં રહો ત્યાં સુધી ખૂબ લાભ લેવો ને દિલને મજા લેવાની ટેવ પાડવી. છાતી કઠણ રાખવી. અગવડો ને વિટંબણાઓ એ જ આપણી સાચી શાળા છે. મારું કામ હોય તો લખજો. બેએક દિવસની રજા આવતી હોય ને મન હોય તો આંહીં આવી જશો. તમારા કાગળો આવશે તો મને પણ આનંદ રહેશે. હું યે, જુઓને, રોગમાંથી મુક્ત થતો જ નથી.

**લિ૦ ઝવેરચંદ**

✳

| ૧૨૬૫ | |
|---|---|
| (૬૧૭) | – |

**મસ્તાન / નાનક ઝ. મેઘાણી ઉપર**

**બોટાદ : ૦૯–૦૨–૧૯૪૭**

**ચિ૦ મસ્તાન-નાનક,**

તમારો કાગળ મળ્યો. આનંદ થયો. રાતે નથી વાંચવું પડતું એ સારું છે. ઊંઘનો તો જરાકે અનાદર ન કરવો, પણ રાતે બેઠા બેઠા સામસામા કંઈ સંસ્કૃતનાં રૂપ, ઇતિહાસ-ભૂગોળના પ્રશ્નો વગેરેની પ્રશ્નોત્તરી તો કરી શકો. એમ કરશો તો પાકું થઈ જશે ને ઊંઘ માથે ચડી નહીં બેસે. અહીં બધાં ખુશીમાં છીએ.

ઇન્દુબહેન હવે આવવાની. એ જ

**લિ૦ ઝવેરચંદ**

**[સૌજન્ય : લિ. હું આવું છું (ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન) ૨-ખંડ. સંપાદન : વિનોદ મેઘાણી અને હિમાંશી શેલત.** નવસંસ્કરણ અમદાવાદ. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૩. ખંડ-૨, પૃ. ૫૦૫થી ૬૦૧]

બબલભાઈ (મહેતા) મારા બહુ પ્રિય-અત્યંત પ્રિય. અમારા આખા કુટુંબના-આખા ગુજરાતના પ્રિય. બે-ત્રણ મહિને આવે, આપણે ઘેર બે-ચાર દિવસ રહે, ઘરનાં માણસની જેમ રહે, બધું કામ કરે, પોતાનાં કપડાં ધુએ, વાસણ માંજે, તેનું પહેલું કામ સવારમાં એકે ઊભું ઝાડું લઈને ફળિયું વાળી નાખે. એટલા પ્રેમાળ માણસ. પછી અમારા ઘેરથી તમારા ઘેર આવે ને અમારા ઘરની સારી વાત (હોય તે) તમારા ઘેર કરે. નારદમુનિ. મૂળ નારદમુનિનો ધંધો આ હતો (કે) એક ઘરની સારી વાત બીજા ઘરે કરે. નારદમુનિ ઝઘડા કરાવતા હતા એ ખોટી વાત છે. પછી પાછા પોસ્ટકાર્ડ લખે – જ્યાં ગયા હોય ત્યાંથી અને આવવાના હોય ત્યારે પણ પોસ્ટકાર્ડ લખે. બહુ... રોલમૉડલ... અદ્‌ભુત માણસ હતા. આટલું બધું એમણે કામ કર્યું, પણ છબિ કદી છાપામાં આવે નહીં. એટલે લોકો જાણે નહીં. એમના ગામના લોકો જાણે. પાછલી અવસ્થામાં દુર્બળ થઈ ગયા હતા. માંદા-સાજા રહેતા. એસ.ટી.માં જતા. જગ્યા ન મળે તો ઊભા ઊભા જાય. કોઈ એમને ઓળખે નહીં કે આ બબલભાઈ છે. ખબર પડે તો તો જગ્યા આપે. **– મહેન્દ્ર મેઘાણી**

# સર્વ વિદ્યાલયના સંત-સુમનની સુવાસ

**સાધુ આદર્શજીવનદાસ**

સન ૧૯૫૦ના એક દિવસે કડીના સર્વ વિદ્યાલય સંકુલમાં જ આવેલી કડવા પાટીદાર બૉર્ડિંગના પ્રાંગણમાં કેટલાક છાત્રો હુતૂતૂની રમત રમવામાં મશગૂલ બનેલા. તેઓનો તરવરાટ આ રમતના એકેએક પાસાંને રસપ્રદ કરી રહેલો; પરંતુ તે વખતે ખૂબ કુશળતાથી ખેલી રહેલા રાજપુરના શ્રી રણછોડ પટેલના જમણા હાથના કાંડાની સહેજ આગળનું હાડકું ભાંગતાં સૌ વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા. એક સરળ અને સહૃદયી છાત્રની છાપ ધરાવતા આ ઘવાયેલા કિશોર સૌના આદરનું પાત્ર હતા. તેથી સૌ તેઓને તાબડતોબ હાડવૈદ્ય શ્રી મનસ્વી પાસે લઈ ગયા. પરંતુ અહીં મુશ્કેલી એ સર્જાઈ કે આ વૈદ્યરાજ પાસે ઈજાગ્રસ્તના અંગને બેહરું કરવાની કોઈ સામગ્રી ન મળે. અને તેમ કર્યા વિના તૂટેલાં હાડકાંની સારવાર કેવી રીતે થઈ શકે ? જો કરવામાં આવે તો દર્દીને એવી અસહ્ય પીડા અનુભવાય કે તે રાડો જ પાડવા માંડે; પરંતુ આશ્ચર્ય સર્જાયું ! છઠ્ઠા ધોરણમાં ભણતા એ બાર વર્ષીય શ્રી રણછોડ પટેલ તરફથી આવી કોઈ જ પ્રતિક્રિયા ન આવી ! ક્લોરોફોર્મ કે એનેસ્થેશિયા જેવી કોઈ સામગ્રીના ઉપયોગ વિના હાડકું સીધું કરવામાં આવ્યું છતાં આ વિદ્યાર્થીએ ઊંહકારો સુધ્ધાં ન કર્યો !! તેઓની આ સહનશક્તિ અને દેહાતીત સ્થિતિ જોઈ ઉપચાર કરનારા તબીબ તો મોંમાં આંગળા જ નાંખી ગયા. તેઓના મુખમાંથી અહોભાવ સરી પડ્યો કે 'આ તો ખરેખરા ભગત છે.'

આ જ રીતે સૌને હેરત પમાડતી રહેલી - શ્રી રણછોડભાઈની વિદ્યોપાસનની વૃત્તિ અને પ્રવૃત્તિ. સામાન્યતયા વિદ્યાર્થી ભણે છે, પણ ભણવું એ તેને ગમતું નથી હોતું. તેથી તે રજાના દિવસની રાહ જોતો રહે. તેને ભણવા કરતાં રમત-ગમત અને મોજ-મજામાં વિશેષ રસ પડે. જે ભણે તેમાંયે તળિયે પહોંચવાનું વલણ ન દેખાય. ઉત્તીર્ણ થઈ ગયા એટલે ભયો ભયો; પરંતુ અભ્યાસને વળગતા આવા ગ્રહણોથી રણછોડભાઈ સદા મુક્ત. તેઓની દુનિયા એટલે સમજી લો કે તેઓની શાળા. તેમાં તેઓ ભણતા ત્યારે કડવા પાટીદાર બૉર્ડિંગમાં રહેતા. તેથી તેઓની ગતિ આ હૉસ્ટેલથી શાળા સુધી અને શાળાથી હૉસ્ટેલ સુધીની. આ અવર-જવર દરમિયાન પણ તેઓનું મન તો જે ભણ્યા હોય તેને જ ઘૂંટ્યા કરે. રસ્તે આવતાં-જતાં આડું-અવળું જોવાની વાત નહીં. અરે ! ફ્રી પિરિયડમાંયે રણછોડભાઈ પોતાના સહાધ્યાયી શ્રી રામભાઈ, શ્રી કરસનભાઈ વગેરે સાથે બેસી સત્સંગલક્ષી ગોષ્ઠિમાં જ ગૂંથાયેલા રહે. હૉસ્ટેલમાં રહેતા તેઓને ઘેરથી પિતા શ્રી ત્રિભુવનભાઈ કે અન્ય કોઈ સંબંધી મળવા આવે તો તેઓ સાથે પાંચ-દસ મિનિટનો વાર્તાલાપ તો બહુ થઈ પડે. આટલો સમય વીતે ત્યાં જ રણછોડભાઈ બોલી ઊઠે : 'હવે હું ભણવા જાઉં.'

તેઓની આવી સંયમિત વૃત્તિ પર હૉસ્ટેલના ગૃહપતિને પૂરેપૂરો વિશ્વાસ. તેથી જ નિશ્ચિત સમયમર્યાદા બાદ કોઈનાય માટે સંકુલનો ઝાંપો ન ઉઘાડનારા તેઓએ રણછોડભાઈને આ ધારાધોરણથી મુક્ત રાખેલા. રણછોડભાઈના જીવનમાં સ્વામિનારાયણીય ધર્મ પહેલેથી વણાયેલો. આજે વિશ્વસ્તરે વિસ્તરેલી બી.એ.પી.એસ. સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજના દર્શન અને આશીર્વાદ તેઓએ પ્રાપ્ત કરેલા. તેથી અભ્યાસકાળ દરમિયાન રણછોડભાઈ કડીના સ્વામિનારાયણ મંદિરે દર્શન અને સત્સંગ કરવા જતા. ત્યાંથી પરત ફરતા મોડું થાય તોયે તેઓ માટે હોસ્ટેલના દરવાજા ખુલ્લા રહેતા. આ અંગે ગૃહપતિએ કદી વાંધો ઊઠાવ્યો નહોતો, કારણ કે તેઓને રણછોડભાઈ પર ભરપૂર ભરોસો કે આ વિદ્યાર્થી મંદિર સિવાય બીજે ક્યાંય નહીં જ જાય.

આ રીતે વિશ્વાસપાત્ર જીવન ધરાવતા રણછોડભાઈ કુશળ રમતવીર પણ ખરા. પોતાની

શાળાનું નામ રોશન કરતા તેઓ ખો ખોના ખેલમાં તો છેક આંતરરાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પણ પસંદગી પામેલા અને શાળા વતી મુંબઈ સુધી રમવા ગયેલા.

વળી, અભ્યાસકીય ક્ષેત્રમાં પણ પોતાની શાળાનું ગૌરવ વધારનારા વિદ્યાર્થી હતા - શ્રી રણછોડભાઈ. પાંચમા ધોરણથી સર્વ વિદ્યાલયમાં પ્રવેશ પામેલા તેઓએ અગિયારમા ધોરણા સુધી અહીં અભ્યાસ કર્યો. તેના છેલ્લા વર્ષ સન ૧૯૫૬ના માર્ચ માસમાં લેવાયેલી ધો.૧૧ની (ઓલ્ડ એસ.એસ.સી.) પરીક્ષામાં તો રણછોડભાઈએ ગણિતના વિષયમાં ૩૦૦માંથી ૨૯૮ ગુણ પ્રાપ્ત કરી સૌની શાબાશી મેળવી. આ સિદ્ધિ બદલ તેઓને **'પ્રો. સ્વામિનારાયણ સુવર્ણચંદ્રક'** પણ એનાયત થયેલો. અલબત્ત, રણછોડભાઈને આ ઉજ્જ્વળ પરિણામનો લેશ આનંદ નહોતો. તેઓની વ્યથાનો વિષય રહેલો - અંકગણિત તથા બીજગણિતમાં પૂરેપૂરા ગુણ આવ્યા, પણ ભૂમિતિમાં બે ગુણ શાથી કપાયા ?

આવી આંતરખોજ ચલાવનારા શ્રી રણછોડભાઈ પર શાળાના આચાર્ય શ્રી નાથાલાલ દેસાઈ ખૂબ પ્રસન્ન. તેથી આ પ્રાચાર્યે પોતે લખેલાં બીજગણિતના એક પુસ્તકમાં મૂકાયેલા મનોયત્નના જવાબો લખી આપવા રણછોડભાઈને કહેલું. તેનાં બે કારણ. એક તો રણછોડભાઈની બીજગણિતના વિષયમાં પ્રવીણતા અને બીજું તેઓના સુંદર મરોડદાર અક્ષરો. વિદ્યાગુરુનું આ કાર્ય કરી આપી રણછોડભાઈ સૌના અભિનંદનના અધિકારી બનેલા.

આવા તેજસ્વી તેઓ સર્વ વિદ્યાલય બાદ અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા. અહીંથી તેઓએ સન ૧૯૫૮માં મુંબઈની પ્રખ્યાત વી.જે.ટી.આઈ. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. અત્રે ટેક્સટાઈલ એન્જિનિયરિંગની વિદ્યાશાખામાં ભણતા તેઓ અવારનવાર મુંબઈ પધારતા યોગીજી મહારાજના વિશેષ સંપર્કમાં આવ્યા. જો કે આ સંતના આશીર્વાદથી જ રણછોડભાઈ મુંબઈ મુકામે અભ્યાસ માટે આવ્યા હોવાથી તેઓને યોગીજી મહારાજ વિષે મજબૂત સ્નેહગાંઠ તો પહેલેથી જ બંધાઈ ગયેલી.

યુવાનો વ્રત-તપ કરે તે અંગે યોગીજી મહારાજનો વિશેષ આગ્રહ રહેતો. તેથી તેઓએ રણછોડભાઈને પણ એકાદશીના દિવસે નિર્જળા ઉપવાસ કરવાની આજ્ઞા નકરતાં રણછોડભાઈએ આ માર્ગે ઝુકાવેલું. પરંતુ પાણીનું ટીપુંયે મોંમાં મૂક્યા વિના દિવસ પસાર કરવામાં તેઓને પિત્તનો પ્રકોપ એવો કનડતો કે ઊલટીઓ પણ થાય. છતાં પ્રથમથી જ મજબૂત મનોબળના રણછોડભાઈએ ઉપવાસ કરવા બાબતે લેશ નમતું ન જોખ્યું. ધીરે ધીરે આવી તપસ્વી જીવનશૈલી તેઓના અંગભૂત બની ગઈ. એ જ રીતે સાદગી, કરકસર, ધર્મપાલન, સેવા, શ્રદ્ધા વગેરે પણ રણછોડભાઈના જીવન સાથે અભિન્નપણે સંકળાયેલા પાસાં. તેથી જ જ્યારે મુંબઈની કપોળવાડીમાં ઊતરેલા યોગીજી મહારાજે રણછોડભાઈને ત્યાગાશ્રમના પંથે પ્રયાણ કરવા આહ્વાન આપ્યું ત્યારે તેઓએ તે સહર્ષ ઝીલી લીધું. અને તા. ૧૧/૫/૧૯૬૧ના રોજ ગઢપુરમાં તેઓ યોગીજી મહારાજના વરદહસ્તે દીક્ષિત થઈ સાધુ ભક્તિપ્રિયદાસ બની ગયા. આ ઘટના સર્વ વિદ્યાલય માટે પણ ગૌરવરૂપ બની રહી, કારણ કે આ સંકુલમાં અભ્યાસ કરીને સંત બનનારા તેઓ પ્રથમ જ વિદ્યાર્થી.

આવા આ નવયુવાન સંતને યોગીજી મહારાજે મુંબઈ-સ્થિત મંદિરનો કાર્યભાર સોંપતાં તેઓ હાલ બી.એ.પી.એસ. સંસ્થામાં કોઠારી સ્વામી તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. ભગવા વસ્ત્રોમાં પણ તેઓની વિદ્યાવ્યાસંગી પ્રકૃતિ અકબંધ જ રહેતાં કોઠારી સ્વામી સન ૧૯૭૨માં ભારતીય વિદ્યા ભવન તરફથી વાચસ્પતિ (પીએચ.ડી.)ની પદવી પામ્યા. તેઓ દ્વારા ગીર્વાણ ગિરામાં લખાયેલો મહાનિબંધ આજે પણ વિદ્વાનો માટે અભ્યસનીય બની રહ્યો છે. અધ્યયનની સાથે કોઠારી સ્વામી અધ્યાપન કાર્યમાં પણ કુશળ. મુંબઈના મંદિરમાં રહેતા સંતોને તેઓએ ઘણા સમય સુધી સંસ્કૃત વ્યાકરણના 'લઘુસિદ્ધાંત કૌમુદી' ગ્રંથનો અભ્યાસ કરાવેલો.

અધ્યાપનની પ્રવૃત્તિ સાથે વ્યવહાર અને વહીવટમાં પણ આ સંતશ્રી નિપુણ પુરવાર થયા. સતત સાડા ચાર દાયકા સુધી તેઓએ સંભાળેલા સંચાલનના સૂત્રો દરમિયાન જ મુંબઈના દાદરમાં ભવ્ય અને કલાત્મક બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું. આ ઉપરાંત નાગપુર, ધૂલિયા અને પૂનામાં ખડાં થયેલાં બી.એ.પી.એસ.ના ગગનચુંબી મંદિરો તેમજ નાસિકમાં નિર્માણાધીન મંદિરમાં પણ કોઠારી સ્વામીની કાર્યદક્ષતા જોવા મળે. મુંબઈમાં અવ્વલ દરજ્જાનો ગણાતો યોગી

સભાગૃહ પણ તેનું જ એક ઉદાહરણ. અત્યારે દક્ષિણ ભારત, મધ્ય ભારત અને મહારાષ્ટ્રમાં વિસ્તરેલા બી.એ.પી.એસ.ના સત્સંગમાં પણ કોઠારી સ્વામીનું બહુમૂલ્ય યોગદાન, કારણ કે તેઓના વડપણ હેઠળ કાર્યરત મુંબઈ મંદિર દ્વારા જ વર્ષો સુધી ઉપરોક્ત પ્રદેશોના સત્સંગની માવજત થતી.

સત્સંગલક્ષી પ્રવૃત્તિઓની સાથે અનેકવિધ સમાજસેવાઓની સરિતા પણ મુંબઈના મંદિર દ્વારા વહેતી રહે. તેના ભાગરૂપે જ ઊભેલી છે 'પ્રમુખસ્વામી આઈ હૉસ્પિટલ'નું સંચાલન પણ કોઠારી સ્વામીના નેતૃત્વ અનુસાર થાય છે. ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કંઈક કુદરતી આપદાઓ વખતેય કોઠારી સ્વામીના આદેશ મુજબ મુંબઈના મંદિર દ્વારા રાહતકાર્યોની પરંપરા ચાલતી રહે. તેઓના જ વડપણ હેઠળ સન ૧૯૯૫માં મુંબઈ મુકામે ઉજવાયેલો પ્રમુખસ્વામી મહારાજનો અમૃત મહોત્સવ હજીયે સૌની યાદદાસ્તમાં છે.

આમ, અનેક વિરાટ પ્રકલ્પોની જવાબદારી વહન કરનારા કોઠારી સ્વામી જીવનભર વિચરણશીલ રહ્યા છે. 'સાધુ તો ચલતા ભલા'ની ઉક્તિને સત્ય ઠેરવનારા તેઓએ દેશ અને દુનિયાના ખૂણાઓને આવરી લેતા અનેક પ્રવાસો ખેડી કંઈકને સદાચારના માર્ગે વાળ્યા છે. જેમ વૃક્ષનો છાંયો પ્રત્યેક વટેમાર્ગુને ગમે તેમ કોઠારી સ્વામીનો સહવાસ પણ સૌને ગમે, કારણ કે તેઓના સાંનિધ્યમાં પ્રેમ અને પ્રેરણા – બંને મળે. જરૂરિયાતમંદ મનુષ્યો માટે તેઓની સહાયનો સ્રોત અવિરત વહેતો રહે. એક વાર ધંધામાં ખોટ ખાઈ ગયેલા એક ભાવિકે કોઠારી સ્વામી સમક્ષ આવી પોતાની કરુણ કથની કહી સંભળાવી. તે જાણી કોઠારી સ્વામીએ તેઓને મંદિરના કોષમાંથી જરૂરી રકમ અપાવી વેપાર ચાલુ રહે તેવી ગોઠવણ કરી આપી. તેઓની આ સમયસરની મદદ અને આશીર્વાદને કારણે પેલા મુમુક્ષુનું ભાગ્યચક્ર પુનઃ દોડવા લાગ્યું અને સમયાંતરે તો તેઓ ધીકતા ધંધાના ધણી બની રહ્યા. કોઠારી સ્વામીની આવી કૃપાનો અનુભવ કરનારા ઘણા.

ઊંચ-નીચ, ગરીબ-તવંગર વગેરે કોઈ ભેદભાવ વિના સૌને એકસમાન છત્ર પૂરું પાડનારા તેઓની વચનસિદ્ધિ પણ લોકજીભે ગવાતી રહે છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'કોઠારી સ્વામીના હાથમાં પદ્મ છે.' તેથી તેઓના આશીર્વાદ અશક્યને શક્ય કરતા રહે છે તેવો સૌને વિશ્વાસ. એટલે તેઓના દ્વારે મુલાકાતીઓનો પ્રવાહ કદી ન ખૂટે. છતાં સદાય સેવકભાવ એ કોઠારી સ્વામીનો પરિચય. મંદિરના મહંત અને સંપ્રદાયના વરિષ્ઠ સદ્‌ગુરુ હોવા છતાં નાનામાં નાની સેવામાં તેઓ ઉમંગભેર પરોવાઈ જાય. રોજ સવારે નિત્યપૂજા પૂર્ણ કરી મંદિરના એકેએક સંતને વંદન કરવા તેઓ તે તે સંતના આસને જાય. ત્યાં પણ નીચા ઝૂકી ચરણસ્પર્શ સહિત પ્રણામ પાઠવે. તેઓની આ શૈલી આજે ૮૩મા વર્ષે પણ અકબંધ.

આવી જ તેઓની ત્યાગ-વૈરાગ્યની છટા. જીવનના સાતમા દાયકા સુધી કોઠારી સ્વામી ભોંયપથારી કરીને જ સૂતા છે. તે પછી ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો આદેશ શિરે ચડાવી તેઓએ પાટ પર શયન સ્વીકાર્યું. સ્વયં મંદિરના મુખ્ય કાર્યવાહક, છતાં કોઠારી સ્વામીનો પોતાનો કોઈ સ્વતંત્ર ઓરડો નહીં. સૌ સંતો સાથે જ પંગતમાં બેસી જમવાનું. તેય સ્વામિનારાયણીય ત્યાગીની રીત અનુસાર કાષ્ઠના પાત્ર (પત્તર)માં સઘળી વાનગી મેળાવીને તેમાં પાણીની ત્રણ અંજલિ નાખીને જમે. જ્યારે દીક્ષા લીધી ત્યારે મળેલા આ પાત્ર, તુંબડી, મસ્તકે ધારણ કરવાની પાઘ વગેરે સામગ્રી પણ કોઠારી સ્વામીએ પચાસ-પચાસ વર્ષ સુધી ચલાવી.

તેઓની આવી એક રહેણી-કહેણીવાળું જીવન જોઈ પ્રમુખસ્વામી મહારાજે તેઓ માટે ઘણીવાર 'સો ટચનું સોનું કે છે સોનાનો દોરો' એવા શબ્દપ્રયોગ વાપર્યા છે. તા. ૪/૯/૧૯૮૫ના રોજ જ્યારે સુરતમાં બિરાજતા પ્રમુખસ્વામી મહારાજને એક સંતે પૂછેલું કે 'સ્વામી ! સાધુતા એટલે શું ?' ત્યારે કોઠારી સ્વામી તરફ નિર્દેશ કરતાં પ્રમુખસ્વામી મહારાજ બોલ્યા હતા : 'આ બેઠા મૂર્તિમાન.' આવો જ અભિપ્રાય બી.એ.પી.એસ.ના વર્તમાન ગુરુહરિ શ્રી મહંતસ્વામી મહારાજનો પણ.

આમ, શાસ્ત્રકથિત સાધુતાના હરતા-ફરતા સ્વરૂપ સમાન કોઠારી સ્વામીની વિશેષતા તેઓના સમત્વમાં. મોટી પદવી પામ્યા પછીયે તેઓએ ક્યારેય આમ જનતાનો સંપર્ક ગુમાવ્યો નથી. મુંબઈમાં રહેનારા નાનામાં નાના ભક્તનું ખોરડુંયે કોઠારી સ્વામીના પગલાંથી બાકાત જોવા ન મળે. આ શહેરની ચાલીઓમાં વસતા અદના સત્સંગીના ઘેર પણ તેઓ એ જ પ્રેમથી પધારે

જેટલા સ્નેહથી તેઓ કોઈ માલેતુજાર શેઠના આલિશાન ભવનમાં પધરામણી કરે.

કોઠારી સ્વામીનો આવો સમતા અને મમતાભર્યો વ્યવહાર તેઓની સાથે રહેલા સંતોનીયે મૂડી-મિરાત બની રહ્યો છે. તેના અનુભવી એક સંતે નોંધ્યું છે કે કોઠારી સ્વામી ભક્તિપ્રિયદાસજી એટલે સાધુતાનો મૂર્તિમાન આદર્શ. જન્મજાત ત્યાગી સ્વભાવ, નિયમ-ધર્મમાં અત્યંત દઢ, પરંતુ તેની બિલકુલ ખખા નહિ. પોતે મહિનાના સાત નિર્જળા ઉપવાસ કરે; પરંતુ કોઈ સંત એકાદશીના દિવસે બીમાર હોય તો સામે બેસીને ફરાળ કરાવતા એ મારો જાત અનુભવ છે. મને અત્યંત સ્પર્શી ગયેલો તેમનો સદ્‌ગુણ કે તેમણે સત્તાનો ક્યારેય ઉપયોગ નથી કર્યો. બાળક ભૂલ કરે તોય માતા ઢાલ બનીને બચાવે તે રીતે તેઓ સૌને સાચવે.' કોઠારી સ્વામીના આવા સાધુતાસંપન્ન જીવનનો આસ્વાદ માણનારા અન્ય એક સંતે સંસ્મરણો વાગોળતાં લખ્યું છે : કોઠારી સ્વામી પૂજ્ય ભક્તિપ્રય સ્વામીનું માતૃ-વાત્સલ્ય સૌને અનેરી હૂંફ આપતું. એમની પારદર્શક સાધુતા અમારા ત્યાગી જીવનનો રાહ કંડારી આપતી. પોતે બેવડી ધાબળી પાથરીને સૂએ. ઓશીકું રાખે નહીં. ઠંડા પાણીએ જ સ્નાન કરે. મહિનાના સાત ઉપવાસ નિર્જળા કરે. ઘણી વાર તેઓને ઉપવાસ લાગતો છતાં સાદું પાણી એક ઘૂંટ પણ લેતા નહિ. ઊંઘ ન આવે. પડખાં ફરે. ઉપવાસને દિવસે બપોરે સૂએ નહીં. સાંજે જમે નહિ. દૂધનો તો યોગીજી મહારાજના વચને વર્ષોથી ત્યાગ કરેલો. જમ્યા પછી સંતોને પીરસવાની સેવા તેઓ નિત્ય મહિમાપૂર્વક કરતા. કદી કંટાળો જોયો નથી. પધરામણીઓ કરીને તેમજ સૌના વ્યવહારમાં સામેલ થઈને તેઓએ સર્વે હરિભક્તોનો પ્રેમ સંપાદન કર્યો છે. તેઓ પધરામણી માટે ભાડૂતી ટૅક્સીનો ઉપયોગ કદી કરતા નહિ. એક વાર તો ઘાટકોપરમાં રહેતા એક હરિભક્તને ત્યાં પધરામણી કરવા જવાનું હતું. તે સત્સંગીની આર્થિક સ્થિતિ સારી નહોતી એટલે કોઠારી સ્વામી ઓછો ખર્ચ થાય તે માટે ડબલ ડેકરની સિટી બસ દ્વારા ઘાટકોપર ગયેલા. એમનું જીવન અમારા સાધુ જીવનની સર્વોચ્ચ તિતિક્ષાનું દીવાદાંડી સમાન રહ્યું છે. આવા એક નહીં, પણ અનેક માટે, અનેક રીતે પ્રેરણાદાયી જીવન જીવનારા કોઠારી સ્વામી ભક્તિપ્રિયદાસજી કડી-સ્થિત સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી રહી ચૂક્યા છે, તે બદલ આ શૈક્ષણિક સંકુલ અને તેના સર્વે કાર્યવાહકો આજે પણ ગૌરવ અનુભવે છે.

**- સાધુ આદર્શજીવનદાસ**
(Double Ph. D.)
બી.એ.પી.એસ. મંદિર, સારંગપુર

**અનુસંધાન પૃષ્ઠ ૩૭ ચાલુ**

અને નરકનો ડર બતાવે છે ! ગુરુજીને ભગવાનને સ્થાને ગોઠવી દે છે. ઘેટાં વાડામાંથી ભાગી ન જાય એટલા માટે દિમાગ બંધ રાખવાનો આદેશ આપે છે. એમની સાચી ટીકા પ્રત્યે પણ ભારે અસહિષ્ણુતા બતાવે છે. હિંસા પર ઊતરી પડે છે; પરિણામે એમની સાચી વાત પણ કહી શકાતી નથી.

એક તરફ વિજ્ઞાનક્ષેત્રે અદ્‌ભુત પ્રગતિ અને બીજી બાજુ ધર્મક્ષેત્રે અંધશ્રદ્ધા અને આતંકવાદ વધતો જાય છે. આ વિરોધાભાસ આશ્ચર્યકારક અને દુઃખદ છે. આચાર્ય રજનીશ કહે છે : **'પ્રચલિત ધર્મ આપણને વિભાજિત કરે છે.'** ધર્મ કે સંપ્રદાયના નામે એકઠાં થયેલાં ટોળાં સમૂહમાનસનો શિકાર થયેલાં હોય છે. મનોવિજ્ઞાન સાચું કહે છે : **Mob has no mind. ભીડને અક્કલ હોતી નથી.** શ્રી ગુણવંત શાહ કહે છે. **જે માણસ ધર્મ વિશે ઓછામાં ઓછું જાણે છે તે ધર્મના નામે વધુમાં વધુ ઝઘડે છે.'** કોઈકે સાચું કહ્યું છે કે સંપ્રદાયનો શરાબ, સૌથી ખરાબ ! કાર્લ માર્ક્સ એટલે જ **ધર્મને અફીણ સાથે સરખાવે છે.** કહેવા ખાતર કહીએ છીએ કે ધર્મ હૃદયોને જોડવાનું કામ કરે છે. મહાકવિ ઇકબાલ કહે છે : **मजहब नहीं सिखाता आपस में बैर रखना ।** પરંતુ આ તો આદર્શની વાત થઈ. ડૉ. હરિવંશરાય બચ્ચન હકીકત રજૂ કરે છે : **मस्जिद मंदिर बैर बढाते, मेल कराती मधुशाला ।**

માનવધર્મનું પાલન થાય, તો ધરતી પર સ્વર્ગ ઊતરી આવે. કમ સે કમ એટલું કરીએ કે, 'ઘરની અંદર જે-તે ધર્મ, પરંતુ ઉંબરા બહાર નાગરિકધર્મ.' તોય ભયો ભયો !

મો. : ૯૯૯૮૦૮૯૬૩૩

# સંપ્રદાયનો શરાબ, સૌથી ખરાબ

**તુલસીભાઈ પટેલ**

વ્યક્તિ અને સમષ્ટિ સુખ-શાંતિ પ્રાપ્ત કરે એટલા માટે ધર્મની શોધ થઈ છે. જગત પર આજે અનેક ધર્મો અસ્તિત્વ ધરાવે છે. પરિણામે સમાજની સુખ-શાંતિમાં વધારો થવો જોઈએ; પરંતુ આજે આપણે શું અનુભવી રહ્યા છીએ ? ધર્મના નામે આજે ભયાનક આતંક અને અત્યાચારનો આપણે અનુભવ કરી રહ્યા છીએ. એ જોઈને એક વિનોદી ટૂચકો યાદ આવે છે :

હજારો વરસ પહેલા સંસારના બધા જ માણસો સુખ-શાંતિપૂર્વક જીવન વ્યતીત કરી રહ્યા હતા. કદાપિ લડાઈ-ઝઘડા થતાં નહીં. વેરઝેરનું નામનિશાન ન હતું. તમામ લોકો પ્રેમપૂર્વક રહેત હતા. એ જોઈને શેતાનના પેટમાં તેલ રેડાયું. એણે વિચાર્યું : મારે કંઈક કરવું પડશે.

... અને એણે ધર્મની શોધ કરી !

ટૂચકો આઘાત આપે એવો છે; પણ છે માર્મિક અને સમજવા જેવો. આપણે એનો ભાવાર્થ ગ્રહણ કરવો ઘટે. મન ખુલ્લું રાખીને એમાં રહેલું સત્ય સ્વીકારવું ઘટે. ધર્મના ક્ષેત્રમાં આટલી બધી અરાજકતા શા માટે ? મુખ્ય કારણ છે : ધર્મ વિશેની આપણી માન્યતા સંકુચિત અને વિકૃત છે. ધર્મની વ્યાખ્યા વિશે સંદિગ્ધતા પ્રવર્તે છે. **'ધર્મ એટલે ફરજ'** એવી અતિવ્યાપ્ત વ્યાખ્યાથી માંડીને 'કટ્ટર સમ્પ્રદાયવાદ' સુધીની અતિ સંકુચિત વ્યાખ્યા વચ્ચે ધર્મની વિભાવના ગૂંચવાયેલી છે. બે અંતિમો વચ્ચે માણસ ઝોલાં ખાય છે.

'ધર્મ'ની વ્યાખ્યા વિશે સ્પષ્ટ થવાની જરૂર છે. ધર્મને આપણે બે ભાગમાં વહેંચી શકીએ : **૧. સામાન્ય ધર્મ** અને **૨. વિશિષ્ટ ધર્મ**. સામાન્ય ધર્મ એટલે જે મનુષ્યમાત્રને એકસરખી રીતે લાગુ પડે છે. ન્યાય, નીતિ, પ્રામાણિકતા, પ્રેમ, દયા વગેરે માનવીય ગુણોનો એમાં સમાવેશ થાય છે. વ્યક્તિ અને સમાજ સુખ-શાંતિ પ્રાપ્ત કરે એટલા સારુ એણે જે નૈતિક મૂલ્યો પાળવાનાં છે, ને ફરજો બજાવવાની છે, એને સામાન્ય ધર્મ કહેવાય છે. સરળ રીતે કહેવું હોય તો 'ધર્મ એટલે ફરજ'. દરેક વ્યક્તિએ પોતપોતાની ફરજનું પાલન કરવું જોઈએ. જે માણસ પોતાની ફરજો સારી રીતે બજાવે છે; નૈતિક મૂલ્યોનું આચરણ કરે છે; તે વ્યક્તિ ધર્મનું આચરણ કરે છે, એમ કહી શકાય. આપણે એને માનવધર્મ કહી શકીએ. ટૂંકમાં **માનવતા એ જ ધર્મ**. સ્વસ્થ, સુખી, સમૃદ્ધ અને સમરસ સમાજની રચના માટે માનવધર્મ આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે. અહીં 'ધર્મ' શબ્દની પૂર્વે કોઈ વિશેષણ જરૂરી નથી. સહુને એ લાગુ પડતો હોઈ એને 'સામાન્ય ધર્મ' કહેવામાં આવે છે. પ્રબુદ્ધજનો, બુદ્ધિજીવીઓ, રેશનાલિસ્ટો વગેરે સામાન્ય ધર્મ પર જ બધો ભાર મૂકતા હોય છે.

ધર્મનું બીજું પ્રચલિત સ્વરૂપ છે : વિશિષ્ટ ધર્મ. સ્થળ અને સંજોગો અનુસાર વ્યક્તિ અને સમાજની સુખ-શાંતિ માટે કેટલાક ખાસ નીતિ-નિયમો નિશ્ચિત કરવામાં આવ્યા. લોક અને પરલોક સુધારવા માટે વિશિષ્ટ ઉપાસના પદ્ધતિ અને કર્મકાંડ તૈયાર કરવામાં આવ્યાં, જેનું પાલન એક ખાસ સમુદાય કરતો હોય છે. એને વિશિષ્ટ ધર્મ કહેવાય. સૃષ્ટિના આરંભકાળમાં સામાન્યધર્મ જ હશે. પરંતુ કાળક્રમે સ્થાનિક જરૂરિયાત પ્રમાણે પાછળથી વિશિષ્ટ ધર્મો અસ્તિત્વમાં આવ્યા હશે. આ પ્રકારના ધર્મોની પૂર્વે વિશેષણ જોડાય છે. જેમ કે, હિન્દુધર્મ, ઈસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ વગેરે. જાણીતા ફિલસૂફ ડૉ. રાધાકૃષ્ણનનું એક જાણીતુ વિધાન આ સંદર્ભમાં સમજવા જેવું છે. તેઓ કહે છે : 'ધર્મો અનેક છે, પરંતુ ધર્મ એક છે.'

બુદ્ધિજીવીઓ માનવધર્મને જ 'ધર્મ' માને છે. વ્યાપક અર્થમાં માનવધર્મ એ જ ધર્મ ગણાય. આ દષ્ટિએ **વિશિષ્ટ ધર્મ એ ધર્મ નહીં, પરંતુ સંપ્રદાય ગણાય.** આટલી પાયાની વાત જો આપણી સમજ-કક્ષામાં આવી જાય તો ધર્મને નામે ચાલતી હિંસા, અત્યાચાર અને અનાચાર દૂર થઈ જાય. ધર્મના નામે થતી લડાઈઓ, ઝઘડા અને વૈમનસ્ય વ્યર્થ લાગે, એટલું જ નહીં એ બધું બેવકૂફી

લાગે.

એક સવાલ અવશ્ય આપણા મનમાં પેદા થવો જોઈએ. આપણે જ વિશિષ્ટ ધર્મ એટલે કે હિન્દુ, ઇસ્લામ, જૈન વગેરેનું પાલન કરીએ છીએ, તે ધર્મ આપણને કેવી રીતે પ્રાપ્ત થયો ? આપણે એને પસંદગીપૂર્વક અપનાવ્યો છે ? એમાં આપણી કશી પસંદગી (Selection) નથી. આપણને એ માતા-પિતા તરફથી વારસામાં મળ્યો છે. જન્મતાંવેંત આપણા પર **ધર્મનો સ્ટૅમ્પ લાગી જાય છે !** હિંદુ પરિવારમાં જન્મ્યો તે હિન્દુ, મુસલમાન ઘરમાં જન્મ્યો તે મુસલમાન. એમાં આપણી પસંદગીનો સવાલ જ આવતો નથી. વળી, આપણે એ વાત પણ જાણીએ છીએ કે જન્મ એ એક અકસ્માત છે. કોને ત્યાં જન્મવું એ આપણા હાથની વાત નથી. જન્મના માત્ર એક અકસ્માતને કારણે ધર્મના નામે આટલાં બધાં વેરઝેર ? જન્મ, કે જે આપણા હાથની વાત નથી, એ બાબતે આટલી બધી હિંસા થતી જોઈને ભારે આશ્ચર્ય અને દુઃખ થાય છે. તમે હિન્દુ છો; પરંતુ મુસલમાનને ત્યાં પણ જન્મ્યા હોત, તો તમે ઇસ્લામને શ્રેષ્ઠ ધર્મ માનતા હોત અને હિન્દુધર્મની નિંદા કરતા હોત. આ દષ્ટિએ બુદ્ધિજીવીઓ વિશિષ્ટ ધર્મને સમ્પ્રદાય માને છે, એ તર્કની દષ્ટિએ બિલકુલ વાજબી પ્રતીત થાય છે.

એકદમ સાદી રીતે કહેવું હોય તે **સ્ટીકર વગરનો ધર્મ જ સાચા અર્થમાં ધર્મ ગણાય.** બાળક જન્મે છે ત્યારે એના કપાળ પર કોઈ વિશિષ્ટ ધર્મનું સ્ટીકર હોય છે ખરું ? વિશિષ્ટ ધર્મને બદલે આપણે સામાન્ય ધર્મ અપનાવીએ, તો ઘણી સમસ્યાઓનો અંત આવી જાય, પરંતુ વ્યવહારમાં એ શક્ય લાગતું નથી. ધર્મ વિશે આપણી વિભાવના-માન્યતા સ્પષ્ટ થાય તોય ઘણું ! આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ ચિંતક કિશોરલાલ મશરૂવાળાએ રજૂ કરેલ એક વિચાર પર ધ્યાન આપવું ઘટે. તેઓ કહે છે કે, માણસને જન્મ સાથે કોઈ ધર્મનું લૅબલ લગાડવામાં ન આવે. વીસેક વરસની વય સુધી એ માત્ર માણસ. પછી એ જગતના બધા ધર્મોનો અભ્યાસ કરે, ને પોતાને જે ધર્મ સારો લાગે એને પસંદ (Select) કરે. એવું પણ બને કે એ કોઈ પણ વિશિષ્ટ ધર્મ પસંદ ન કરે અને માત્ર 'માનવ' બની રહેવાનું પસંદ કરે. શુદ્ધ બુદ્ધિવાદી એમ જ કરે.

વિશિષ્ટ ધર્મ એ જો સંપ્રદાય ગણાય તો આજના અનેકાનેક પ્રચલિત સંપ્રદાયો વિશે શું કહીશું ? બીજી રીતે કહીએ તો વિશિષ્ટ ધર્મ એ વાડો અને સંપ્રદાય એટલે વાડામાં પણ વાડો ! આજે પ્રત્યેક વિશિષ્ટ ધર્મ અનેક શાખાઓમાં વહેંચાયેલ છે. મોટી રીતે જોઈએ તો ખ્રિસ્તીમાં પ્રોટેસ્ટન્ટ અને કૅથોલિક, ઇસ્લામમાં શિયા અને સુન્ની, જૈનમાં શ્વેતાંબર અને દિગંબર; બૌદ્ધમાં હીનયાન અને મહાયાન. અને હિન્દુ ધર્મમાં ? પાર વગરના ભાગ-વિભાગ ! કદાચ સૌથી વધુ વાડાઓ હિન્દુ ધર્મમાં હશે. સ્વામી સચ્ચિદાનંદજી કહે છે તે મુજબ હિન્દુ ધર્મ હજારો વાડાઓમાં વહેંચાયેલો છે ! એમાંય વળી જ્ઞાતિ અને પેટા જ્ઞાતિની સંખ્યા ગણીએ તો પાર ન આવે ! આપણે પોપટની જેમ બોલી જઈએ ખરા કે મનુષ્ય માત્ર 'એક' છે, પણ બધા ખરેખર એક છે ખરા ? આપણા સમાજમાં જ્ઞાતિ, પેટા જ્ઞાતિઓની કેટલી બધી ચડઊતર શ્રેણીઓ છે ! 'અદ્વૈત'ની ફિલસૂફી હાંકે રાખીએ છીએ, 'બધાનો આત્મા સરખો છે' એમ ટેપરેકર્ડની જેમ બોલીએ છીએ, પરંતુ આચરણ ? આચરણમાં આઘાતજનક વિરોધાભાસ છે. એ કહેવાની જરૂર છે ખરી ? રસોડામાં ઉંદર-બિલાડી છૂટથી ફરી શકે, પણ અછૂત માટે પ્રવેશબંધ !

દરેક સંપ્રદાય પોતાને શ્રેષ્ઠ માને છે અને પોતાના અનુયાયીઓની સંખ્યા વધારવા માટે અસરકારક પ્રચારતંત્ર ગોઠવે છે. ક્યારેક તો મૅનેજમેન્ટ-સાયન્સવાળા પણ મોઢામાં આંગળાં નાખી જાય છે કે, આવું આયોજન તો આપણા વિદ્વાન પ્રોફેસરો પણ કરી શકતા નથી ! આઈ.આઈ.એમ.એ. એમને પ્રોફેસર તરીકે રોકવા જોઈએ ! દરેક સંપ્રદાય એવું વ્યક્ત કરે છે, અમારો કોઈની સાથે વિરોધ નથી. જેને જે યોગ્ય લાગે તે અપનાવે, પરંતુ અવ્યક્ત રીતે તેઓ પોતાને જ શ્રેષ્ઠ માનતા હોય છે, ને બધા પોતાના વાડામાં આવે એવું ઇચ્છતા હોય છે. 'બધા સમાન છે' અથવા 'અમારો કોઈની સાથે વિરોધ નથી.' એવું કહેવાની ફરજ આધુનિક વૈજ્ઞાનિક અભિગમને કારણે પડી છે. એવું ન કહે તો એમને જ નુકસાન થાય એવું આધુનિક વૈચારિક વાતાવરણ છે; એટલે સૌ સમાનનું મહોરું પહેરવું પડે છે.

પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે સંપ્રદાયો મોટાં આયોજનો અને પ્રદર્શનો કરતાં રહે છે. સ્વર્ગની લાલચ

**અનુસંધાન પૃષ્ઠ ૩૫ પર**

### સુપ્રીમકૉર્ટના ગૌરવશાળી મુખ્ય નિવૃત્ત ન્યાયમૂર્તિ

# પ્રફુલ્લચંદ્ર નટવરલાલ ભગવતી

**શરદભાઈ શાહ**

ગુજરાત જેમના માટે ગૌરવ લઈ શકે તેવા ગઈ સદીના મહાન ન્યાયશાસ્ત્રી, ભારતની સુપ્રીમ કૉર્ટના ૧૭મા મુખ્ય ન્યાયમૂર્તિ, પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશનના જનક અને Human Right માટે દુનિયાભરમાં કામગીરી કરનાર શ્રી પી. એન. ભગવતીસાહેબનું જીવન સૌ માટે પ્રેરણાદાયી છે. આપણે તેમના જીવનની ઝાંખી ટૂંકમાં જોઈશું.

**જન્મ-બાળપણ-અભ્યાસ :**

ભગવતીસાહેબના દાદા મહેસાણામાં અને કડીમાં પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. તેમનાં દાદીમા પણ શિક્ષિકા હતાં. ૧૯ મી સદીના અંતમાં તેમનાં પ્રેમલગ્ન થયેલાં, જે તે જમાનામાં જવલ્લે જોવા મળતી બાબત હતી. ભગવતીસાહેબના પિતા નટવરલાલ ભગવતીનો જન્મ ૨૮ જુલાઈ, ૧૮૯૪ના રોજ થયો હતો. ડિલિવરી બાદ થોડા સમયમાં તેમનાં દાદીમા એટલે કે નટવરલાલનાં માતૃશ્રી અવસાન પામતાં. તેમના કુટુંબીજનોએ નટવરલાલને ઉછેર્યા-મોટા કર્યા હતા.

નટવરલાલ ભગવતી વડોદરા કૉલેજમાંથી સ્નાતક થઈ મુંબઈ વધુ અભ્યાસ માટે ઊપડ્યા. આર્થિક સ્થિતિ



સામાન્ય હતી; પરંતુ ઉચ્ચ અભ્યાસની લગન હતી. તે વખતે એમ.એ. અને એલએલ.બી. સાથે થઈ શકતું. નટવરલાલે બંને અભ્યાસ શરૂ કર્યા. સારા નસીબે ગવાલિયા ટેન્ક પાસે આવેલી જી. ટી. બૉર્ડિંગમાં પ્રવેશ મળી જતાં તેમાં રહેવા-જમવાનું ફ્રી હતું. જરૂરતમંદ યુવાનો માટે તે આશીર્વાદરૂપ સંસ્થા હતી. નટવરલાલ સંસ્કૃતના વિદ્વાન હતા. જેનો શોખ તેમના પુત્ર પી. એન. ભગવતીસાહેબમાં પણ આવેલ. નટવરલાલ એમ.એ., એલએલ.બી. થયા, પછી હાઈકૉર્ટમાં ઓરિજિનલ સાઇડમાં પ્રેક્ટિસ કરવા ઓ.એસ.ની પણ પરીક્ષા પસાર કરી. જોકે તેમનાં લગ્ન તેઓ ૧૬ વર્ષના હતા અને તેમનાં પત્ની સરસ્વતી ૧૩ વર્ષનાં હતાં ત્યારે થયેલાં; પરંતુ અભ્યાસ બાદ તેમણે ગૃહસ્થજીવન શરૂ હતું.

મુંબઈ હાઈકૉર્ટમાં વકીલાત કરવી હતી; પરંતુ તે માટે સનદ લેવી પડે. સનદ માટે ₹ ૭૫૦/-ની ફી હતી. તેમની પાસે તેટલી મોટી રકમની સગવડ નહોતી; પરંતુ તેમના મિત્ર મનસુખલાલે તેમને મદદ કરી અને તેમણે સનદ લીધી. નટવરલાલે ખૂબ જ મહેનતથી હાઈકૉર્ટમાં વકીલાત કરી અને સારી નામના પ્રાપ્ત કરી. તેઓ હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ નિમાયા. ૧૯૫૧માં તેઓ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બન્યા અને ૧૯૫૯માં ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થયા હતા.

૨૧મી ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ અમદાવાદમાં સારંગપુર તળિયાની પોળમાં પી.એન. ભગવતીસાહેબનો જન્મ થયો. ત્યાર પછી માતા સરસ્વતી નાનકડા પ્રફુલ્લને લઈ મુંબઈ પહોચ્યાં. નટવરલાલે તે વખતે બે બેડરૂમનું એપાર્ટમેન્ટ લીધું હતું. જેમાં ભગવતીસાહેબનો ઉછેર થયો. તેટલું જ નહીં પણ તેમના ૬ ભાઈઓનો પણ ઉછેર થયો. પહેલા ત્રણ ભાઈઓ મધુભાઈ, નવીનભાઈ અને સનતભાઈનો જન્મ અમદાવાદમાં થયો અને પછીના ત્રણ ભાઈ લલિતભાઈ, જગદીશભાઈ અને પ્રવીણભાઈનો જન્મ મુંબઈમાં થયો. સૌનો ઉછેર મુંબઈમાં થયો, સાતે સાત

ભાઈઓ ખૂબ સારું ભણ્યા અને પોત પોતાના ક્ષેત્રમાં ખૂબ જ નામના પ્રાપ્ત કરી. દરેકના અભ્યાસની અને કારકિર્દીની ઝલક જોઈ લઈએ.

સૌથી મોટા પી. એન ભગવતીસાહેબ ઍડ્વોકેટ થયા. ૩૮ વર્ષની ઉંમરે ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ થયા. ગુજરાત હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ થયા. સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ થયા. યુ.એન. હ્યુમન રાઇટ્સ કમિશનમાં પણ નિમાયા હતા.

તે પછી નાનાભાઈ મધુભાઈ શિકાગોની ઇલિનોય ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાંથી એમ.એસસી. થયા અને બિરલા ગ્રૂપની સેન્ચુરી રેયોનમાં જોડાયા અને ઉચ્ચપદેથી નિવૃત્ત થયા.

નવીનભાઈ સિવિલ એન્જિનિયર થયા. શરૂઆતમાં પટેલ એન્જિનિયરિંગ કંપનીમાં નોકરી કરી. પછી ભગવતી એસોસિયેટ્સ નામે પોતાની બાંધકામની કંપની સ્થાપી.

ચોથા ભાઈ સનતભાઈ ન્યૂરોસર્જન બન્યા. બૉમ્બે હૉસ્પિટલમાં બાળકોની ન્યૂરોસર્જરીનો વિકાસ કર્યો અને ઇન્ડિયન સોસાયટી ફૉર પીડિયાટ્રીક ન્યૂરોસર્જરીના પ્રમુખ બન્યા. એટલું જ નહીં ઇન્ટરનેશનલ સોસાયટી ફૉર પીડિયાટ્રીક ન્યૂરોસર્જરીના પણ પ્રમુખ બન્યા. તેમનું નામ ખૂબ પ્રસિદ્ધ થયું, કારણ કે તેમણે ખૂબ મોટી સંખ્યામાં જરૂરતમંદ બાળકોની મફતમાં ન્યૂરોસર્જરી કરી.

પાંચમા ભાઈ લલિતભાઈએ અમેરિકાની IOWA યુનિવર્સિટીમાંથી એગ્રિકલ્ચર એન્જિનિયરિંગની માસ્ટર્સ ડિગ્રી પ્રાપ્ત કરી. તેમણે પોતાની ફૅક્ટરી સ્થાપી અને પંપ, ટ્રેક્ટર એન્જિન, ટેક્સટાઇલ મશીનરીનું ઉત્પાદન કર્યું.

છઠ્ઠા ભાઈ જગદીશભાઈ ઇકોનોમિકસના વિખ્યાત પ્રોફેસર થયા અને દુનિયાભરમાં નામના પ્રાપ્ત કરી. કોલંબિયા યુનિ.માં પ્રોફેસર તરીકે કામ કર્યું. યુ.એન.માં સ્પેશિયલ એડ્વાઇઝર તરીકે સેવાઓ આપી.

સૌથી નાના ભાઈ પ્રવીણભાઈ ફાઉન્ડ્રી એન્જિનિયરિંગમાં પીએચ.ડી. થયા અને પોતાનો ઉદ્યોગ સ્થાપી નામના પ્રાપ્ત કરી.

ભગવતીસાહેબ જણાવે છે કે અમે સાતેય ભાઈઓએ જીવનમાં જે સફળતા પ્રાપ્ત કરી તેનો સઘળો યશ અમારાં મા-બાપને છે. તે બંનેએ અમારા સૌ પર ખૂબ જ પ્રભાવ પાડ્યો હતો. અમારાં બાળપણથી જ સૌની જ્ઞાન માટેની તરસ પ્રજ્વલિત કરી હતી અને સારા સંસ્કારોનું સિંચન કર્યું હતું. મારાં માતા જ્યારે સુવાવડ પ્રસંગે અમદાવાદ જાય ત્યારે પિતાએ માતા જેટલી જ અમારી કાળજી લીધી હતી. મારા પિતાશ્રી નાનપણથી અમને વાંચનની પ્રેરણા આપતા અને ગ્રીક ફિલોસોફર સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ અને બીજા વિદ્વાનોના પુસ્તકો લાવી આપતા. તેઓ અમને મહાભારત અને રામાયણ વાંચવા પ્રેરણા આપતા. નાનપણથી અમને મંદિરમાં, ચર્ચમાં, ગુરદ્વારામાં લઈ જતા. તેઓ જણાવતા કે બધા ધર્મ સરખા છે અને સર્વધર્મ સમભાવ રાખવો જોઈએ. ધર્મની જુદીજુદી નદીઓને અંતે તો દિવ્યતાના સાગરમાં ભળવાનું જ છે.

ભગવતીસાહેબના શિક્ષણની વાત કરીએ તો પાંચ વર્ષની વયે તેમને ભારતીય વિદ્યાભવન, મુંબઈ પાસે આવેલ મ્યુનિસિપલ પ્રાથમિક શાળામાં દાખલ કર્યા. પ્રાથમિક શિક્ષણ ત્યાં લઈ તેઓ ટ્યૂટોરિયલ સ્કૂલમાં નાના ચોક-મુંબઈમાં દાખલ થયા. ત્યાં ૪ વર્ષ અભ્યાસ કર્યો. પછી ધોબી તળાવ પાસે આવેલી એલફિન્સ્ટન સ્કૂલમાં દાખલ થયા. ત્યાં તેમને અંગ્રેજી અને ગણિતના ઉત્તમ શિક્ષકો પાસે અભ્યાસ કરવા મળતો. તેમને ગણિત ખૂબ ગમતું. વધારાની ભાષા તરીકે તેમને સંસ્કૃત પસંદ કર્યું. તેમણે સંસ્કૃતનો ખૂબ સારો અભ્યાસ કર્યો અને મૅટ્રિકની પરીક્ષા પાસ કરતા પહેલા કાલિદાસ, ભવભૂતિ, માઘ, ભારવી અને દંડીના ઘણા ગ્રંથો વાંચી કાઢ્યા. જીવનના અંત સુધી તેમણે આ ગ્રંથોના આસ્વાદને માણ્યો. તેઓ કહે છે કે સંસ્કૃત માટેનું ગાંડપણ હતું, પણ ગણિત અને અંગ્રેજી માટે પણ તેટલું જ ધ્યાન આપી કારકિર્દી બનાવી. શેક્સપિયર, મિલ્ટન, બાયરન, વડઝવર્થ, કીટસ અને શેલીને પણ વાંચી નાખ્યા. ટૉલ્સ્ટૉય અને ગાંધીજીના લખાણથી પણ પ્રભાવિત થયા.

મૅટ્રિકની પરીક્ષા પાસ કરી ભગવતીસાહેબ એલફિન્સ્ટન કૉલેજમાં જોડાયા અને તે વખતના તેમના વિદ્વાન પ્રોફેસરોએ તેમના ઘડતરમાં મોટો ફાળો આપ્યો. અંગ્રેજીના પ્રોફેસર સી. આર. શાહ, સંસ્કૃતના પ્રોફેસર એ. બી. ગજેન્દ્રગડકર અને મેથેમટિકસના પ્રોફેસર પત્રાવલીએ તેમને આ વિષયોના પારંગત બનાવ્યા. આ પ્રોફેસરોનો તેમની પર વિશેષ સ્નેહ હતો. ભગવતીસાહેબ ખૂબ મહેનતુ હતા. રોજ સવારે પાંચ વાગે ઊઠી જતા. નિયમિત રીતે મેથ્સ, સંસ્કૃત, અંગ્રેજીનું અધ્યયન કરતા અને પરીક્ષામાં હંમેશાં ફર્સ્ટ કલાસ મેળવતા અને પહેલા કે બીજો નંબર

પ્રાપ્ત કરતા. બી.એ.માં તેમણે ખાસ વિષય તરીકે મેથ્સ લીધુ હતું. બી.એ.માં ફર્સ્ટ ક્લાસ મેળવી એમ.એ.માં પણ મેથ્સ રાખ્યું હતુ. જોકે એમ.એ.નો અભ્યાસ ચાલુ હતો. બીજુ વર્ષ હતું ત્યારે મહાત્મા ગાંધીજીની સ્વતંત્રતા માટેની હાકલને માન આપી અભ્યાસ છોડી દીધો અને સ્વાતંત્ર્યની ચળવળમાં જોડાઈ ગયા. જેલવાસ પણ ભોગવ્યો. એક વર્ષ અભ્યાસ ન કર્યો. પછી એલએલ.બી.નો અભ્યાસ કર્યો, ઓ. એસ.ની પરીક્ષા આપી અને વકીલાતમાં જોડાયા.

**સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા :**

૧૯૪૨ના ઑગસ્ટ માસની ૮ મી અને ૯મી તારીખે ગોવાલિયા ટૅન્ક પાસે કૉંગ્રેસનું અધિવેશન ભરાયું હતું. જેમાં પાંચ લાખ લોકોએ હાજરી આપી હતી. મહાત્મા ગાંધી, મૌલાના આઝાદ, જવાહરલાલ નહેરુ, આચાર્ય ક્રિપલાણી, સરોજીની નાયડુ, સરદાર વલ્લભભાઈ તથા ઘણા આગેવાનો હાજર હતાં. મહાત્મા ગાંધીના સંબોધનથી ઘણા યુવાનોએ અભ્યાસ છોડી સ્વાતંત્ર્યની લડતમાં ઝંપલાવ્યું. ભગવતીસાહેબ પણ એમ.એ.ના બીજા વર્ષનો અભ્યાસ છોડી લડતમાં જોડાઈ ગયા.

બીજા દિવસે ભગવતીસાહેબ ગોવાલિયા ટૅન્ક પાસે મિટિંગમાં જતા હતા અને લાઠીચાર્જ થયો. હજારો લોકો ઘવાયા, ભગવતીસાહેબના ઉપરના બે દાંત લાઠીચાર્જને પરિણામે તૂટી ગયા. વર્ષો પછી આની અસરને કારણે તેમણે ઉપરના બધા દાંત કઢાવી નાખવા પડ્યા હતા.

ભગવતીસાહેબે વિદ્યાર્થીઓના દળની આગેવાની લીધી. તેમણે કૉલેજમાં પિકેટિંગનો કાર્યક્રમ ગોઠવ્યો અને વિદ્યાર્થીઓ અભ્યાસમાં ન જોડાય અને સરકારનો વિરોધ કરે તેવી ચળવળ ચલાવી. ૧૯૪૨ના ઑગસ્ટના બીજા અઠવાડિયામાં તેમને એલફિન્સ્ટન કૉલેજના દાદર પરથી પકડવામાં આવ્યા અને કોલાબા પોલીસ સ્ટેશનની ૮ ફુટ X ૬ ફૂટની કોટડીમાં પૂરી દેવામાં આવ્યા. તે વખતે તેમના પિતાશ્રી હાઈકૉર્ટમાં વકીલાત કરતા હતા. તે પોલીસ સ્ટેશનમાં આવ્યા. થોડું ખાવાનું આપી ગયા. બીજા દિવસે ભગવતીસાહબહેને વરલી જેલમાં લઈ ગયા. ત્યાં ઘણા સ્વાતંત્રસેનાનીઓ હતા. ત્યાં ૧૪ દિવસ જેલમાં રહ્યા. જેલમાંથી છૂટ્યા પછી પણ લડતમાં ભાગ લેતા રહ્યા. પુરુષોત્તમદાસ ત્રિકમદાસ, અચ્યૂત પટવર્ધન, જયપ્રકાશ નારાયણના માર્ગદર્શન નીચે કામ કરતા રહ્યા. તેથી તેમના વિરુદ્ધ પકડ વોરંટ નીકળ્યું. તે વખતે ભગવતીસાહેબ ક્રૂડ બૉમ્બ અને હૅન્ડ ગ્રેનેડની કાર્યવાહીમાં હતા. તેથી આગેવાનોએ સલાહ આપી કે તેમને ભૂગર્ભમાં રહેવું, નહીં તો પકડાશો તો તમારી પર જુલમ થશે. તે અમદાવાદ ચાલ્યા ગયા અને મામાને ત્યાં એક વર્ષ રહ્યા. વૉરંટ પાછું ખેચાયા બાદ મુંબઈ આવ્યા અને લૉ કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. બે વર્ષ એલએલ.બી.નો અભ્યાસ કરી, ઓ.એસ.ની પરીક્ષા માટે તૈયારી શરૂ કરી. બે ભાગમાં તે પરીક્ષા પસાર કરી. સપ્ટેમ્બર ૧૯૪૭માં પાર્ટ-૧ અને ૧૯૪૮ના માર્ચમાં પાર્ટ-૨ની પરીક્ષા પાસ કરી ઍડ્વોકેટ ઑન ઓરિજિનલ સાઇડ તરીકે નોંધણી કરાવી અને સર જમશેદજી કાંગાની ઑફિસમાં જોડાયા.

**વકીલાતનાં શરૂઆતનાં વર્ષો :**

સને ૧૯૪૮માં વકીલાત શરૂ કર્યા પછી ભગવતીસાહેબે થોડા સમય માટે સર જમશેદજી કાંગાની ઑફિસમાં અનુભવ લીધો. ત્યા ઘણા વિદ્વાન વકીલો જોડાયેલા હતા. જોકે ભગવતીસાહેબના પિતાશ્રીની પોતાની ઑફિસ હતી તેથી થોડા સમય બાદ તેમણે તે સ્વતંત્ર ઑફિસમાં બેસી કામગીરી શરુ કરી. તે ઑફિસ મુંબઈમાં રાજાબાઈ ટાવર સામે મોકાની જગ્યાએ હતી. તે ઑફિસ તેમના પિતાશ્રીએ લીધેલી; પરંતુ તે ન્યાયાધીશ બન્યા તે પછી શ્રી જે. એમ. શેલત તે ઑફિસમાં આવ્યા. તે ન્યાયાધીશ બન્યા તે પછી શ્રી જે. એમ. ગાંધી તે ઑફિસમાં આવ્યા. તે પણ ન્યાયાધીશ બન્યા. ૧૯૪૮ પછી ભગવતીસાહેબે તે ઑફિસમાં સ્થાન ગ્રહણ કર્યું અને સને. ૧૯૬૦માં ૩૮ વર્ષની ઉમરે ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે નીમાતાં ઑફિસ ખાલી કરી.

શરૂઆતથી ભગવતીસાહેબ સ્વતંત્રપણે કેસો ચલાવવા લાગ્યા; પરંતુ સને ૧૯૫૦માં તેમને એક અગત્યનો કેસ ચલાવવાનો આવ્યો. મુંદ્રાના કેસ તરીકે જાણીતા થયેલા એ કેસમાં શ્રી એચ. એમ. પટેલ જે તે વખતે ફાયનાન્સ સેક્રેટરી હતા. તેમની પર આક્ષેપ હતો કે તેમણે ખોટી રીતે મુંદ્રાની દરખાસ્ત સ્વીકારી હતી અને ઊંચા ભાવે શૅર ખરીદી એલ.આઈ.સી.ને ૨૦ લાખનું નુકસાન કર્યું હતું. ફીરોઝ ગાંધીએ પાર્લમેન્ટમાં આ પ્રશ્ન ઉઠાવતાં સરકારે કમિશનની નિમણૂક કરી હતી. જે વિવિયન બોઝ કમિશનમાં આ ઇન્કવાયરી ચાલી હતી. શ્રી એચ. એમ. પટેલે કનૈયાલાલ મુનશીનો સંપર્ક કર્યો; પરંતુ મુનશી વકીલાતમાં અને રાજકીય કામગીરીમાં અત્યંત રોકાયેલા

હતા. તેમણે કહ્યું કે યુવાન વકીલ પી. એન. ભગવતીને કામ સોંપો.

ભગવતીસાહેબને એ ખુશી થઈ કે મુનશી જેવા મોટા વકીલે તેમની પર વિશ્વાસ મૂક્યો. તેઓ મુનશીને મળ્યા. તેમણે આભાર સાથે કામગીરી સ્વીકારી અને ખૂબ મહેનતથી કાર્યવાહી ચલાવી. તેમણે સ્પષ્ટ દર્શાવ્યું કે શૅરોની ખરીદી બાબતમાં શ્રી એચ.એમ. પટેલની કોઈ જવાબદારી નથી અને એલ.આઈ.સી. એ જે કામગીરી કરી છે તેનો દોષ તેમને દઈ શકાય નહીં. શ્રી એચ.એમ. પટેલ વિરુદ્ધ આક્ષેપો ટક્યા નહીં અને તેમનો વિજય થયો. આ એ એચ. એમ. પટેલ છે કે જેઓ જનતા પક્ષની સરકારમાં નાણાપ્રધાન થયા હતા અને રાજકીય અને સામાજિક સેવાનાં અનેક કાર્યો કર્યાં હતાં. ભગવતીસાહેબ માટે આ કેસની સફળતા એ તેમની પ્રગતિ માટે પાયારૂપ બની. તેમણે ૧૨ વર્ષ દરમિયાન ઘણા કેસો ચલાવી એક યુવાન, ઉત્સાહી, વકીલ તરીકે નામના પ્રાપ્ત કરી. તેથી સને ૧૯૬૦માં ગુજરાત હાઈકૉર્ટની સ્થાપના થતાં તેમને હાઈકૉર્ટ જજ થવાનું આમંત્રણ મળ્યું.

**સુખી લગ્નજીવન અને કુટુંબ જીવન :**

ભગવતીસાહેબનાં લગ્ન પ્રભાવતીબહેન સાથે થયાં હતાં. તેમણે ત્રણ દીકરીઓ હતી. તેમનો સંસાર ખૂબ સુખી હતો. તેમના ભાઈઓ અને સૌ કુટુંબીજનો સાથે તેમના ખૂબ જ સ્નેહભર્યા સબંધો હતા. તે જમાનામાં પ્રેમલગ્ન ખૂબ જ ઓછાં થતાં, પણ મા-બાપ કન્યાની પસંદગી કરે અને લગ્ન ગોઠવાતાં. ૧૯૪૮માં તેમણે હાઈકૉર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી. તે પછી તેમનાં માતા-પિતા યોગ્ય કન્યાની શોધમાં હતાં. ત્યારે તેમને વડોદરાના જાણીતા વકીલ ગણપતલાલ શેઠજી વિશે માહિતી મળી. તેમને પ્રભાવતી નામે દીકરી હતી. જે બૉમ્બે યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલી. તેના માટે વિચારણા કરવા ભગવતીસાહેબના પિતાશ્રીએ તેમને જણાવ્યું. તે સંમત થયા અને બંનેના ઓળખીતા શાંતિલાલ ગિરધરલાલને ત્યાં અમદાવાદમાં મિટિંગ ગોઠવાઈ. બંને અને તેમનાં કુટુંબીજનો મળ્યાં અને એકબીજાંને પસંદ કર્યાં. જાન્યુઆરી ૩૧, ૧૯૪૯ના રોજ સગપણ થયાં અને ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૯ના રોજ બંનેએ પ્રભુતામાં પગલા માંડ્યાં.

૧૯૪૯માં જ્યારે તેમનાં લગ્ન થયાં ત્યારે તેમના પિતાશ્રી બૉમ્બે હાઈકૉર્ટમાં જજ હતા. પરિણામે લગ્ન અને રિસેપ્શન હેન્ગિંગગાર્ડના બિશપ લોજમાં ગોઠવાયાં. આજે તે સ્થાનને કમલા-નેહરુપાર્ક કહેવામાં આવે છે. લગ્નસમારંભ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સરસ રીતે સંસ્કૃતમાં ઉચ્ચરાયેલા મંત્રોચ્ચાર સાથે સંપન્ન થયો. રિસેપ્શનમાં બૉમ્બ સ્ટેટના ગવર્નર મહારાજ સિંઘ તથા હાઈકૉર્ટના ન્યાયમૂર્તિઓ, નામી-વકીલો, અને સગાં વહાલાંઓએ ભાગ લઈ નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

તેમનું લગ્નજીવન સુખદ રીતે પૂર્ણ થયું. પ્રભાવતીબહેને ભગવતીસાહેબને જીવનભર ખૂબ જ પ્રેમ, આદર, અને સહકાર આપ્યાં. તેઓ બધા ભાઈઓનાં પ્રિયભાભી બની રહ્યાં. સૌએ તેમને ખૂબ જ સ્નેહ અને આદર આપ્યાં. તેમણે પણ સૌને ખૂબ સ્નેહ આપ્યો. તેમને પારુલ, પલ્લવી અને સોનાલી નામે ત્રણ દીકરીઓ થઈ. ત્રણેય દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. મોટી દીકરી પારુલ Geneticist થઈ અને ડૉક્ટર સાથે લગ્ન કરી અમેરિકા સ્થાઈ થઈ. વચલી દીકરી પલ્લવી વકીલ બની અને સુપ્રીમ કૉર્ટમાં કૉર્પોરેટર લૉયર તરીકે નામના પ્રાપ્ત કરી. તેના પતિ શાર્દૂલ શ્રોફ જાણીતા કૉર્પોરેટર લૉયર છે અને બંને મેસર્સ અમરચંદ મંગળદાસની નામી ફર્મમાં ભાગીદાર છે. નાની દીકરી સોનાલી આર્કિટેક છે. અમદાવાદની જાણીતી સ્કૂલ ઑફ આર્કિટેકમાંથી શિક્ષણ લીધું છે અને પોતાના ક્ષેત્રમાં નિષ્ણાંત છે. દીકરીઓ અને તેમના સંતાનો સાથે તેમણે જીવનભર આનંદમાં સમય વ્યતીત કર્યો છે. તેઓ જાણીતી ઉક્તિ ટાંકે છે કે A son is a son till he gets himself a wife but daughter is a daughter all her life.

તેમનું ૯ દાયકાથી વધુ લાંબુ જીવન ખૂબ જ કાર્યરત રહ્યું. અને ખાસ તો તેમનાં પત્ની, દીકરીઓ અને કુટુંબીજનોના સ્નેહના કારણે ખૂબ જ આનંદમય અને સુખમય વ્યતીત થયું.

**હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ :**

૩૮ વર્ષની ઉમર હતી. ૧૨ વર્ષની વકીલાત હતી. મુંબઈ હાઈકૉર્ટમાં તેમનું નામ ગુંજતું થયું હતું. તે સમયે ૧૯૬૦માં ગુજરાત હાઈકૉર્ટની રચના થઈ. ગુજરાત હાઈકૉર્ટમાં પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એસ. ટી. દેસાઈ નિમાયા. તેમની સાથે જસ્ટિસ મિયાંભાઈ અને જસ્ટિસ શ્રી વી. બી. રાજુ પણ હતા.

ગુજરાતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એસ. ટી. દેસાઈસાહેબે ફોન કરી ભગવતીસાહેબને પૂછ્યું કે તેઓ

ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ થવા રાજી છે ? ભગવતીસાહેબ મુંબઈ હતા, સારી પ્રેક્ટિસ હતી, નાની ઉંમર હતી. તેથી તેમણે તેમના પિતાશ્રીની સલાહ લીધી. તેમણે સલાહ આપી કે ન્યાયતંત્રમાં જોડાવવું જ જોઈએ. તમને ઘણાં વર્ષો કામ કરવાની તક મળશે. તમને કાયદામાં નવો વળાંક આપી સુધારા પણ કરી શકશો. પિતાશ્રીની સલાહ માની ભગવતીસાહેબ ન્યાયાધીશ તરીકે જોડાયા, તે વખતના ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ તેમના નામની ભલામણ કરી અને રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક થઈ.

ગુજરાતમાં જસ્ટિસ એસ. ટી. દેસાઈ પછી જસ્ટિસ કે. ટી. દેસાઈ મુખ્ય ન્યાયમૂર્તિ થયા તે પછી શ્રી મિયાંભાઈ મુખ્ય ન્યાયમૂર્તિ થયા ત્યાર બાદ ભગવતીસાહેબ ગુજરાત હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ થયા અને જુલાઈ ૧૯૭૩માં સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ થયા ત્યાં સુધી આ પદને શોભાવ્યું. ગુજરાત હાઈકૉર્ટના ૧૩ વર્ષની કામગીરી દરમિયાનશ્રી ભગવતીસાહેબે ન્યાયશાસ્ત્રી તરીકે સુંદર છાપ પાડી. તેઓના ચુકાદાઓ ખૂબ જ અભ્યાસપૂર્ણ, લંબાણભર્યા, અને સ્પષ્ટ રહેતા. તેઓની ભાવના ન્યાય કરવાની રહેતી અને ગરીબો અને નબળા વર્ગના લોકો માટે તેમનું વલણ સહાનુભૂતિભર્યું રહેતું.

ગુજરાત હાઈકૉર્ટના કાર્યકાળ દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા બાદ એક અગત્યનો કેસ ચલાવવાનો આવ્યો. ગુજરાતીમાં એક પુસ્તક બહાર પડ્યું હતું જેનું શીર્ષક હતું. ''માઓ ત્સે તુંગના સૂત્રો – Quotations from Mao Tse Tung'' સરકારે આ પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો. આ નિર્ણય ગેરબંધારણીય છે તેવું ઠરાવવા હાઈકૉર્ટમાં રીટ થઈ. ભગવતીસાહેબે રીટ મંજૂર કરી સરકારના નિર્ણયને ગેરબંધારણીય ઠરાવ્યો. તેમણે ઠરાવ્યું કે લોકોએ એ નક્કી કરવાનું છે કે સામ્યવાદી વિચારસરણી અપનાવવી કે ન અપનાવવી તે સરકારે નક્કી કરવાનું નથી. સામ્યવાદી વિચારસરણીવાળા સૂત્રોને રાજદ્રોહ ગણાવી શકાય નહીં. તે પર પ્રતિબંધ મૂકવાનો અર્થ એ થયો કે તમે જ્ઞાનનાં દ્વાર બંધ કરી દો છો. તમારા મતથી વિરુદ્ધ મતની બાબતને રજૂ થતા અટકાવી શકાય નહીં. લોકો માટે કઈ ફિલોસોફી ફાયદાકારક છે તે નક્કી કરવાનું કામ સરકારનું નથી તેમજ કૉર્ટનું પણ નથી. લોકોએ વિવિધ વિચારસરણીમાંથી પોતાના માટે લાભકારક જણાય તે વિચારસરણી અપનાવવાની છે. ભગવતીસાહેબનો આ ઠરાવ એક અગત્યના ઠરાવ તરીકે અને Bold judgement તરીકે વખણાયો. ભગવતીસાહેબે ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે વિવિધ વિષયો પર અનેક વિદ્વાત્તાપૂર્ણ ચુકાદાઓ આપ્યા હતા.

**સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે અને મુખ્ય ન્યાયમૂર્તિ :**

૧૯૭૧ના ડિસેમ્બરમાં ભગવતીસાહેબ ગુજરાત હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ હતા. તે વખતે સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ શ્રી જે. સી. શાહ હતા. તેઓ નાતાલ વેકેશનમાં અમદાવાદ આવ્યા હતા. તેમના માનમાં ભગવતીસાહેબે પોતાના શાહીબાગના નિવાસ સ્થાને ભોજનસમારંભ યોજ્યો હતો. તેમાં હાઈકૉર્ટના ન્યાયમૂર્તિઓ અને વકીલોને આમંત્રિત કર્યા હતા. તે સમારંભ પછી શ્રી જે. સી. શાહસાહેબે ભગવતીસાહેબને પૂછ્યું કે તમને સુપ્રીમ કૉર્ટમાં આવવું ગમશે ? શ્રી જે. સી. શાહસાહેબ ટૂંકમાં રિટાયર થવાના હતા અને તેમની જગ્યા ખાલી પડવાની હતી. શ્રી ભગવતીસાહેબે જણાવ્યું કે જરૂર ગમશે. મારા માટે તે ગૌરવની બાબત બની રહેશે.

શ્રી જે. સી. શાહસાહેબ ૨૯ જાન્યુ, ૧૯૭૨ના રોજ રિટાયર્ડ થયા. તે પહેલાં કે પછી થોડા મહિનામાં ભગવતીસાહેબ પર કોઈ સંદેશો આવ્યો નહીં. તેમની તપાસમાં માલૂમ પડ્યું કે શ્રી જે. સી. શાહસાહેબે ભગવતીસાહેબના નામની ભલામણ કરેલી, પરંતુ પછીથી જસ્ટિસ જે. એમ. શેલત અને જસ્ટિસ એસ. એમ. શીકરીના જણાવવાથી તે નામ પાછું ખેચ્યું હતું. તે બે ન્યાયમૂર્તિઓનું માનવું હતું કે નિવૃત્ત થતા ન્યાયમૂર્તિએ આ રીતે નામ સજેસ્ટ કરવુ જોઈએ નહીં.

ભગવતીસાહેબ સિનિયર ચીફ જસ્ટિસ હતા. વળી ગુણદોષ પર પણ નિમણૂકને પાત્ર હતા; પરંતુ જસ્ટિસ ગજેન્દ્ર ગડકરને શ્રી વાય.બી. ચંદ્રચુડ માટે લાગણી હતી. તેથી તેમણે શ્રી ચંદ્રચુડનું નામ સજેસ્ટ કર્યું. શ્રી એચ.આર.ગોખલે કાયદાના પ્રધાન હતા તેમણે તે નામ સ્વીકાર્યું અને શ્રી ચંદ્રચુડ સુપ્રીમ કોટમાં નિમાયા. ત્યાર બાદ ભગવતીસાહેબ નિમાયા. શ્રી ચંદ્રચુડ સાહેબને પહેલા નીમવાનું કારણ એ આપ્યું કે તે શ્રી ભગવતીસાહેબથી મોટી ઉંમરના હોઈ બંને ભારતની સુપ્રીમકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિવત્ત થઈ શકે. જો ભગવતીસાહેબની નિમણૂક પહેલાં કરી હોત તો શ્રી ચંદ્રચુડસાહેબ મુખ્ય ન્યાયમૂર્તિ ન બની શકત. સ્વાભાવિક રીતે ભગવતીસાહેબ સિનિયર

હોવા છતાં લાંબો સમય મુખ્ય ન્યાયમૂર્તિ થવાની તકથી વંચિત રહ્યા. તેનું તેમને દુઃખ હશે. છતાં તેમની આત્મકથામાં લખે છે.

"The aforesaid events did not affect me in the least, since I attributed them to the Divine will. I have always believed, and it is my firm conviction, that whatever happens is by the will of the Lord and we must always surrender ourselves to His Divine will"

ભગવતીસાહેબ સને ૧૯૭૩માં સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમાયા અને ૧૯૮૪માં મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા અને ૧૯૮૬માં તેઓ નિવૃત્ત થયા. તેમણે જુદા જુદા ક્ષેત્રમાં સંખ્યાબંધ અભ્યાસપૂર્ણ ચુકાદાઓ આપ્યા. તેમની કામગીરીની થોડીક ઝલક જોઈએ.

**નોધપાત્ર ચુકાદાઓ :**

ભગવતીસાહેબના સેંકડો ચુકાદાઓ જે વિદ્વતાપૂર્ણ હોઈ ઊંડા અભ્યાસને પાત્ર છે. ભગવતીસાહેબની વિચારસરણી અને તેમના કાર્યને સમજવા ઘણા ચુકાદાઓ વાંચવા પડે; પરંતુ તેમના ખૂબ જ પ્રસિદ્ધ થયેલા થોડા ચુકાદાઓની યાદી નીચે આપેલી છે. કાયદાના અભ્યાસુએ કાયદાના જરનલમાંથી તેને સંપૂર્ણ વાંચવા ભલામણ છે.

| | |
|---|---|
| *મીનવા મિલ્સ કેસ* | એ.આઈ. આર. ૧૮૮૦ સુ.કો. ૧૭૮૯ |
| *મોતીલાલ પદમાવર સુગર મિલ કેસ* | એ.આઈ. આર. ૧૯૭૯ સુ.કો. ૬૨૧ |
| *શીલા બારસેનો કેસ* | એ.આઈ. આર. ૧૯૮૩ સુ.કો. ૩૦૮ |
| *મેનકા ગાંધીનો કેસ* | એ.આઈ. આર. ૧૯૭૮ સુ.કો. ૫૨૭ |
| *કેશવાનંદ ભારતીનો કેસ* | એ.આઈ. આર. ૧૯૭૩ સુ.કો. ૧૪૬૧ |
| *હુસેનઆરા ખાતુનનો કેસ* | એ.આઈ. આર. ૧૯૭૯ સુ.કો. ૧૩૬૦ |
| *બંધુમુક્તિ મોરચાનો કેસ* | એ.આઈ.આર. ૧૯૯૨ સુ.કો. ૩૬ |
| *ખત્રી વિ. સ્ટેટ ઑફ બિહારનો કેસ* | એ.આઈ.આર. સુ.કો. ૧૪૭૩ |
| *પિપલ્સ યુનિયનનો કેસ* | એ.આઈ.આર. ૧૯૮૨ સુ.કો. ૧૪૭૩ |
| *એ.ડી.એમ. જબલપુર વિ. શિવકાન્ત શુકલાનો કેસ* | એ.આઈ. આર. ૧૯૭૬ સુ.કો. ૧૨૦૭ |

**Quotations :**

- "Life means not only physical existence. It means the use of every limb of faculty through which life is enjoyed. The right to life includes the right to a healthy environment."
- "The court has to innovate new methods and strategirs to provide access to justice to large masses of people who are denied basic human rights, to whom freedom and liberty have no meaning"
- "The Indian constitution is founded on the bedrock of the balance between Fundamental Rights and Directive Principles of State Policy. To give absolute primacy to one over other is to disturb the harmony of the constitution."

**ન્યાયતંત્રની સક્રિયતા :**

તેમના ૧૩ વર્ષના કાયક્રાળ દરમિયાન ન્યાયતંત્રની સક્રિયતા (Judicial activism) અને ન્યાયશાસ્ત્રના વ્યાપને વિસ્તારવાનુ (Expanding the horizons of Indian Jurisprudence) તેમણે કામ કર્યું.

તેમણે સ્પષ્ટ કર્યું કે એ માન્યતા ખોટી છે કે ન્યાયાધીશ માત્ર કાયદાનું અર્થઘટન કરે છે, કાયદો બનાવતા નથી. તેમણે કહ્યું કે ન્યાયતંત્રની સક્રિયતા દ્વારા કહી શકાય કે ન્યાયાધીશ કાયદો બનાવે પણ છે; પરંતુ આ સક્રિયતા કેટલી, શા માટે, કઈ રીતે અને કયા નિયંત્રણોને આધીન છે તે ખ્યાલમાં લેવું પડે.

તેમણે કહ્યું કે ભારતમાં અમે Social Justiceનો ખ્યાલ કર્યો. બંધારણના કાર્યક્ષેત્રમાં રહી અમે સામાજિક ન્યાયના સંદર્ભમાં વિચાર કર્યો. Legal Justiceની સાથે સાથે અમે Social Justiceને પ્રાધાન્ય આપ્યું.

ન્યાયિક સક્રિયતાનું ઉદાહરણ આપતાં તે કેશવાનંદ ભારતીનો જાણીતો કેસ ટાંકે છે. તે કેસમાં સુપ્રીમ કૉર્ટ આર્ટિકલ-૩૬૮ જે બંધારણીય સુધારાની જોગવાઈ કરે છે તેનો ખ્યાલ કર્યો. તે કલમમાં સ્પષ્ટ રીતે એવા શબ્દો કે જોગવાઈ નથી કે જેના આધારે પાર્લમેન્ટની બંધારણીય સુધારાની સત્તા પર કાપ મૂકી શકાય. છતાં કોર્ટે ઠરાવ્યું કે પાર્લમેન્ટને બંધારણીય સુધારા માટે અમર્યાદિત કે અનિયત્રિત સત્તા મળતી નથી. બંધારણના મૂળભૂત માળખાને અસર કરે તેવા બંધારણીય સુધારો પાર્લમેન્ટ કરી શકે નહીં તેવું સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું. ભગવતીસાહેબ કહે છે કે હું ચુકાદાની યોગ્યતા કે અયોગ્યતા વિશે મારો મત પ્રદર્શિત કરતો નથી; પરંતુ એ સ્પષ્ટ છે કે

This is undoubtedly the most remark-

able instance of judicial activism for it has through judicial interpretation gone to the length of limiting the constitutional power of Parliament.

ભગવતીસાહેબ Socially Sensitive Judge હતા. તેમણે અને તેમના જેવી વિચારસરણી ધરાવતા ન્યાયમૂર્તિઓએ બંધારણમાં દર્શાવેલા મૂળભૂત અધિકારોના વ્યાપને વધાર્યા અને સાથે સાથે કુદરતી ન્યાયના વ્યાપને પણ વધાર્યો. આર્ટિકલ-૨૧ના સંદર્ભમાં, ઝડપી ન્યાય અંગે, કસ્ટડીમાં માનવવ્યવહાર અંગે, ફોજદારી કાર્યવાહીમાં કાનૂની સહાય અંગે હુકમો કર્યા અને વિશેષમાં મનુષ્યને પાયાની માનવીય dignity સાથે જીવવાનો અધિકાર છે તેવું ઠરાવ્યું. બંધારણનું અર્થઘટન સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કરવું જોઈએ તેવું તે માનતા હતા. તેમણે આપેલા અસંખ્ય ચુકાદા આ બાબત સ્પષ્ટ કરે છે.

**પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન- જાહેરહિતની અરજ કાર્યવાહી**

ભગવતીસાહેબ જાહેરહિતની અરજના જનક ગણાય છે. તેઓ માનતા હતા કે વિકાસશીલ દેશોમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનું શોષણ થાય છે અને તેમને અન્યાયનો અને હિંસાનો ભોગ બનવું પડે છે. તેમના માટે કૉર્ટનાં દ્વાર ખટખટાવવા બહુ જ અઘરાં પડે છે. તેમના દુઃખ દર્દ ઓછા કરવા અને અન્યાય મીટાવવા તેમના વતી કોઈ વ્યકિત કે સંસ્થા કૉર્ટનો આશરો લઈ શકે તેવું આયોજન થવું જોઈએ. આ માટે બાધારૂપ Locus standiના સિદ્ધાંતને તેમને ધ્યાનમાં લીધો, જે દ્વારા વ્યક્તિએ કાર્યવાહીમાં પોતાનું હિત દર્શાવવું પડે. તેમણે અને તેમની બેન્ચના અન્ય ન્યાયમૂર્તિઓએ ઠરાવ્યું કે સમાજનો કોઈ પણ નાગરિક અગર જાહેરસંસ્થા જાહેરહિતના પ્રશ્નમાં કાર્યવાહી કરી શકે. તેમાં પોતાનું હિત છે તે દર્શાવવાનું રહેશે નહીં. આ પ્રકારની કાર્યવાહી માત્ર એક પત્ર લખવાથી કે સાદી અરજીથી પણ થઈ શકે. કૉર્ટને પત્ર કે અરજીના આધારે બંધારણના આર્ટિકલ-૩૨ કે આર્ટિકલ-૨૨૬ અન્વયે કાર્યવાહી કરી શકે. આ કાર્યવાહીમાં બીજો પ્રશ્ન પુરાવા અંગે થતો હતો. ગરીબ માણસો કે તેમના વતી અરજ કરનાર સંસ્થાઓને તેમના આક્ષેપો સાબિત કરવા પુરાવા રજૂ કરવા પડે. આ પુરાવા એકઠા કરવા અને રજૂ કરવા મુશ્કેલ બનતું. તેથી સુપ્રીમકોર્ટે આ અંગે સોશીયો-લીગલ કમિશન ઑફ ઇન્કવાયરીની નિમણૂક કરવા માંડી. જેની તપાસના રિપોર્ટને પુરાવા તરીકે ધ્યાનમાં લઈ શકાય. બંધુમુક્તિ મોરચા કેસ આ અંગેનું જાણીતું ઉદાહરણ છે. વળી આગ્રા પ્રોટેક્ટિવહોમ કેસમાં આગ્રાના ડિસ્ટ્રિક્ટ જજને કમિશનર તરીકે નીમવામાં આવ્યા હતા તેમના રિપોર્ટ આધારે કૉર્ટે પ્રોટેક્ટિવહોમમાં રહેતી બાળાઓ માટે યોગ્ય હુકમો કર્યા હતા. તે જ પ્રમાણે બિહાર બ્લાઇન્ડિંગ કેસોમાં જે કાચા કામના કેદીઓને અંધ બનાવવામાં આવ્યા હતા તેમને અંધશાળાઓ દ્વારા વોકેશનલ ટ્રેનિંગ આપવાના હુકમો કોર્ટે કર્યા હતા.

આ કાર્યવાહીમાં ત્રીજો પ્રશ્ન હુકમનો અમલ કેવી રીતે કરાવવો તે અંગેનો હતો. સ્વાભાવિક રીતે રાજ્ય સરકારોએ તેનો અમલ કરવા પગલાં લેવા પડે. તે બાબતમાં તે ઉત્સાહી ન હોય અને યોગ્ય પગલાં ન લે તેવું બની શકે. આ હકીકત ધ્યાનમાં લઈ સુપ્રીમકોર્ટે અરજ કરનાર વ્યકિત અથવા સંસ્થાને આ અંગે જાગૃત રહેવા અને હુકમનું પાલન ન થાય તો કૉર્ટનું ધ્યાન દોરવા અને કૉર્ટના હુકમની અવગણના થયાનું ધ્યાન પર લાવવું જોઈએ જેથી યોગ્ય હુકમ થઈ શકે તેવુ જણાવ્યું. ભગવતીસાહેબના સક્રિય પ્રયાસોથી સુપ્રીમકૉર્ટ અને હાઈકોર્ટોએ પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશનના અસંખ્ય કેસોના નિર્ણય કરી ગરીબો, અસહાય નાગરિકો, દબાયેલા કચડાયેલા લોકોને માનવીય હક્કો અને બંધારણીય હક્કો મળે તે માટે યોગ્ય હુકમો કર્યા.

**લીગલ એઇડના અધિકારનો વિકાસ :**

ભગવતીસાહેબ ગુજરાત હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ હતા ત્યારે તેઓ ગામડામાં જતા અને લોકોને મળતા. તેમણે જોયું કે લોકોને પોતાના ન્યાયિક અધિકારોની જાણ નથી અને તેઓ તેમના હક્કો માટે પગલાં લઈ શકે તેવી સ્થિતિમાં નથી. તેથી તેમને વિચાર આવ્યો કે કાનૂની સહાય અંગે પ્રબંધ થવો જોઈએ.

તેમના જણાવવાથી ગુજરાત સરકારે આ માટે કમિશનની નિમણૂક કરી. જેના અધ્યક્ષ તરીકે ભગવતીસાહેબને નીમ્યા. તેઓએ આ અંગે સમગ્ર ગુજરાતનો પ્રવાસ કર્યો, વકીલોને, સમાજિક કાર્યકરોને, એન.જી.ઓ.ને, સરકારી અધિકારીઓને મળ્યા અને વિગત વાર રિપોર્ટ સરકારમાં રજૂ કર્યો.

પછી ભગવતીસાહેબ સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમાયા, તે જ દિવસે જસ્ટિસ ક્રિષ્ણા આયર પણ ન્યાયમૂર્તિ

તરીકે નિમાયા. આ બંને કાનૂની સહાય અંગે યોગ્ય પ્રબંધ થવા જોઈએ તે મતના હતા. ભારત સરકારે તે માટે હાઈપાવર કમિટીની રચના કરી જે કમિટી દ્વારા ભગવતીસાહેબ અને ક્રિષ્ણા આયરે વિસ્તૃત રિપોર્ટ રજૂ કર્યો. જેમાં કેન્દ્ર લેવલે, રાજ્ય લેવલે, લીગલ એઈડ ઓર્ગેનાઈઝેશન સ્થાપવાનું સૂચવ્યું. જે દ્વારા જિલ્લા અને તાલુકા લેવલે લીગલ એઈડ કમિટી નીમવા સૂચન કર્યું. આ રિપોર્ટને ભારત સરકારે સ્વીકાર્યો અને સૂચનોના આધારે લીગલ એઈડ ઍન્ડ ઍડ્વાઇઝ ઍક્ટ પસાર કર્યો. ભગવતીસાહેબ મુખ્ય ન્યાયમૂર્તિ રહ્યા ત્યાં સુધી કેન્દ્રના લીગલ એઈડ ઓર્ગેનાઈઝેશનના ચૅરમૅન તરીકે સેવાઓ આપી. તેઓ દ્રઢપણે પ્રમાણે માનતા હતા કે લીગલ એઇડનો વ્યાપ વધારવો જોઈએ. હજુ તેનો લાભ જરૂરિયાતમંદ ઘણા લોકોને મળતો નથી. આ માટે સક્રિય પ્રયત્નો થવા જોઈએ.

**NGO's અને Social activistsનો સહકાર અને સહયોગ :**

ભગવતીસાહેબે માનવતાની સેવા માટે અને પોતાની માન્યતાઓના અમલીકરણ માટે ઘણી સામાજિક સેવાની સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોનો સહકાર પ્રાપ્ત કર્યો. તેમના સહયોગથી અદ્ભુત કામગીરી કરી. AWARE નામની સંસ્થા અને શ્રી માધવનના પરિચયમાં તે સને ૧૯૮૨ના અરસામાં આવ્યા. તે સંસ્થાના માનદ પ્રમુખ તરીકે પણ તેમણે વર્ષો સુધી કામ કર્યું. આંધ્રપ્રદેશમાં Bonded Labourersના પ્રશ્નમાં ન્યાયિક કાર્યવાહી કરી ૩૨,૨૫૪ બંધક મજૂરોને મુક્ત કર્યા. તે જ પ્રમાણે આંધ્રપ્રદેશના નાકકેલાપાલમ અને અન્ય ગામોના હરિજનોની જમીન જમીનદારોએ પચાવી પાડી હતી તે માધવનના રિપોર્ટર્સના આધારે ખુલ્લી કરી અને ૫૧,૦૦૦ કુટુંબોને ૪૪૦૦૦ એકર જેટલી જમીન પ્રાપ્ત થઈ. ભગવતીસાહેબના માર્ગદર્શન નીચે રહી માધવનની સક્રિય કામગીરીથી ૩૦૦૦ જેટલા ગામડાંઓમાં લોકોને દારૂના વ્યસનથી મુક્ત કર્યા. ૬૦૦૦ ગામડાંઓમાં કાનૂની જાગૃતિ માટે મહાસભા ભરી અને ૬૫૦૦ જેટલા કાનૂની શિક્ષણકૅમ્પ કર્યા. આંધ્રપ્રદેશમાં આ નિમિત્તે ભગવતીસાહેબ સંખ્યાબંધ મિટિંગોમાં હાજર રહ્યા અને માર્ગદર્શન આપ્યું. અને તે પ્રમાણે Society for Community Organization Trust અને તેના કાર્યકર મહેબૂબ બાત્ઝાના સહકાર અને સહયોગથી મદુરાઈ અને આસપાસના વિસ્તારમાં સક્રિય કામગીરી કરી. ભગવતીસાહેબ શ્રી મહેબૂબ બાત્ઝાના સંપર્કમાં સને ૧૯૮૩ માં આવ્યા. શ્રી મહેબૂબ બાત્ઝાએ વેસ્ટર્ન ઘાટના જંગલોમાં જઈ પાલિયાર Tribalsની દયાજનક પરિસ્થિતિ જોઈ. તેમણે પત્ર લખી સુપ્રીમકૉર્ટને વિનંતી કરી કે આ પત્રને IPL ગણવામાં આવે. ભગવતીસાહેબે તેને Writ Petition તરીકે સ્વીકારી કલેક્ટર, ડી.આઈ.જી. અને મહેબૂબ બાત્ઝાની કમિટી નીમી. તેમના રિપોર્ટના આધારે બંધક કામદારોને મુક્ત કર્યા અને તેમના પુનઃવસવાટના હુકમો કર્યા. ત્યાર બાદ ૧૯૮૫ની સાલમાં ભગવતીસાહેબ ચીફ જસ્ટિસ બનવાના છે તે નક્કી થયા બાદ તેઓ તામિલનાડુમાં શ્રીવીલાપાથુર ગયા, જ્યાં પાલિયાર ટ્રાઈબ્સના વસવાટ માટે નગર બનાવ્યું હતું. ભગવતીસાહેબ તેમનાં પત્ની પ્રભાવતીબહેન સાથે ત્યાં ગયા શ્રીવીલાપાથુર ગામથી ટૅક્સીમાં વસવાટના સ્થળે ગયાં. પાંચ કિમી.નો રસ્તો હતો. હજારોની સંખ્યામાં લોકો એકઠાં થયાં હતાં. તેમની સાથે સ્થાનિક ધારાસભ્ય પણ હતા. બધાંએ ફૂલોથી, પુષ્પમાળાઓથી ભગવતીસાહેબનું ભવ્ય સ્વાગત કર્યું. લોકોનો પ્રેમ અને સદ્ભાવ જોઈ ભગવતીસાહેબ પ્રસન્ન થયા અને ઉત્તમ કાર્ય કર્યાનો સંતોષ પ્રાપ્ત થયો.

શ્રી મહેબૂબ બાત્ઝા દ્વારા અનેક સેવાનાં કાર્યો થયાં. કોડાઈ કૅનાલના બંધક મજૂરો અંગે પણ યોગ્ય હુકમો થયા અને ૧૫૭ કુટુંબો બંધનમાંથી મુક્ત થયા. તે જ પ્રમાણે વાલ્લા ગામમાં પોલીસ અને લોકોના સંઘર્ષમાં પોલીસ દ્વારા અમાનુષી અત્યાચાર કરી પારાવાર નુકસાન થયેલું તે અંગે પણ વળતરના હુકમ કર્યો. એ નોંધપાત્ર છે કે શ્રી મહેબૂબ બાત્ઝાને તેમની સામાજિક સેવાની કદરરૂપે દીવાળીબહેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સને ૧૯૯૯નો દીવાળીબહેન નેશનલ એવૉર્ડ પ્રાપ્ત થયો. આમ SOCO ટ્રસ્ટ દ્વારા અને શ્રી મહેબૂબ બાત્ઝા દ્વારા થયેલી ઘણી કાર્યવાહીમાં શ્રી ભગવતીસાહેબના હુકમોના આધારે હજારો લોકોની જિંદગી નવપલ્લવિત બની

Rural Litigation and Entitlement Kendra દ્વારા અને તેના યુવાન કાયકર અવધેશ કૌશલ દ્વારા થયેલ કામગીરીમાં ભગવતીસાહેબે સમાજ ઉપયોગી ઘણા હુકમો કર્યા (સને.૧૯૮૦માં અવધેશ કૌશલની વિનંતીથી દહેરાદુન જિલ્લામાં જાનસોર ભાવર વિસ્તારની ભગવતીસાહેબે મુલાકાત લીધી. ત્યાંના લોકોની દયનીય પરિસ્થિતિ અને પાયાની તમામ સગવડોનો અભાવ જોઈ

તેમનું દિલ દ્રવી ઊઠ્યું. તેમણે જોયું કે ૧૦૦૦ જેટલા બંધક મજૂરોને જમીન ઍલોટ કરવાના હુકમ થયા છે પણ તેનો કોઈ અમલ થતો નથી.

અવધેશ કૌશલ દહેરાદુન વેલીને અને મસુરીના વિસ્તારમાં સમાજસેવાનું કામ કરતા હતા. તેમના દ્વારા થયેલા મસુરીલાઇમ સ્ટોન ક્વોરી કેસમાં ભગવતીસાહેબે પર્યાવરણના રક્ષણ માટે યોગ્ય હુકમો કર્યા. ભગવતીસાહેબે દુન વેલીમાં ઘણા સ્થળોએ વ્યકિતગત મુલાકાત લીધી અને લીગલ એઈડ અને લીગલ લિટરસીના અનેક કાર્યક્રમોમાં માર્ગદર્શન આપ્યું. RLEK સંસ્થા દ્વારા અવધેશ કૌશલે હજારો ગરીબ અને શોષિત લોકોને સમાજિક અને આથિક ન્યાય મળે તે માટે સક્રિય પ્રયત્નો કર્યા અને તેમાં ભગવતીસાહેબનો સાથ મળ્યો. તેમણે આ વ્યકિતઓ અને સંસ્થાઓ ઉપરાંત ઘણા NGOS અને સોશિયલ એક્ટિવિસ્ટ દ્વારા થયેલ કામગીરીમાં યોગ્ય હુકમો કરી ગરીબોને અને શોષિતોને ન્યાય અપાવ્યો. ભગવતીસાહેબ આ કાયક્રમોમાં બંકર અને અરુણા રૉય રાજસ્થાનમાં કાર્યરત હતા. માયા દારૂવાલા જે દિલ્હીમાં રહી કામગીરી કરતા હતા, નટવર ઠક્કર જે નાગાલૅન્ડ ટ્રાઇબલ્સમાં કામ કરતા હતા, દિલબરસાહેબ મુંબઈ સ્થિત હતા, વસુધા ધગુંબર અને લતા સ્વામીનાથનનું સ્મરણ કરે છે અને તેમની કામગીરીને બિરદાવે છે. આ સંસ્થાઓ અને કાર્યક્રમોને કારણે ભગવતીસાહેબને સમાજિક ન્યાયની તક પ્રાપ્ત થઈ તેનો તેમને આનંદ છે.

**Human Rightsના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય કામગીરી :**

સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ હતા ત્યારે ભગવતીસાહેબે જોયું કે જેમ ભારતના લોકોમાં દુઃખ, દર્દ, નિરાશા, તકલીફો છવાયેલાં છે તેમ દુનિયાના અનેક વિકાસશીલ દેશોમાં પણ છે. હ્યુમન રાઇટસની ખાતરી છતાં દુનિયામાં પરિસ્થિતિ ચિંતાજનક છે. તેથી તેમણે ભારત ઉપરાંત અન્ય દેશો માટે પણ મદદરૂપ થવાની ભાવના સેવી. તેઓએ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન, હ્યુમન રાઈટસ કમિટી અને ઇન્ટરનેશનલ કમિટી ઑફ જ્યૂરીસ્ટના સભ્ય તરીકે વર્ષો સુધી સેવાઓ આપી. તેઓ ૧૯૯૪માં યુ. એન. હ્યુમન રાઇટસ કમિટીમાં ચૂંટાયા અને સક્રિય કામગીરી કરી. કમિટીની વર્ષમાં ત્રણ મિટિંગ્સ મળતી. એક મિટિંગ ન્યૂ યૉર્કમાં અને બે મિટિંગ જિનિવામાં મળતી. ભગવતીસાહેબ નિયમિત રીતે મિટિંગમાં હાજર રહેતા, ચર્ચામાં ભાગ લેતા અને માર્ગદશર્ન પૂરું પાડતા. ૪ વર્ષની તેમની ટર્મ પૂરી થયા બાદ તે ફરીથી ૪ વર્ષ માટે ચૂંટાયા અને તે ટર્મ પૂરી થતાં ત્રીજી વખત પણ ૪ વર્ષ માટે ચૂંટાયા. તેમની બાર વર્ષની કામગીરી નોધપાત્ર રહી. તે જ પ્રમાણે સને ૧૯૭૮માં તે ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનમાં ભારતના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા તે કમિટીની મિટિંગમાં વર્ષમાં એક વખત જિનિવામાં મળતી હતી. ભગવતીસાહેબ નિયમિત રીતે મિટિંગમાં હાજરી આપતા અને સક્રિય ભાગ લઈ કમિટીની ચર્ચા-વિચારણાનો રિપોર્ટ તૈયાર કરતા. આ કમિટીમાં તેમણે સને ૨૦૦૫ સુધી સક્રિયપણે કામ કર્યું.

ભગવતીસાહેબે ઇન્ટરનેશનલ કમિશન ઑફ જ્યૂરીસ્ટસમાં પણ વર્ષો સુધી સક્રિય કામગીરી કરી. તેઓ ચીફ જસ્ટિસ હતા ત્યારથી અને ૨૦૦૭ સુધી તે આ કમિશનમાં સક્રિય રહ્યા. તે નિમિતે તેમણે નેપાળ, સાઉથ આફ્રિકા, લુસાકા, ટોકિયો, હોંગકોંગ, ટાન્ઝાનિયા, વગેરે દેશોની મુલાકાત પણ લીધી અને જુદી જુદી કૉન્ફરન્સમાં ન્યાયાધીશો અને વકીલોની સાથે ચર્ચા વિચારણા કરી માગદર્શન પણ આપ્યું. તેમણે જુદા જુદા દરેક દેશમાં ઘણો સમય ફાળવી નોંધપાત્ર કામગીરી કરી.

ભગવતીસાહેબે યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઇટસ કમિટીના ચૅરમૅન તરીકે પણ કામગીરી કરી. તેમણે દુનિયાના વિવિધ દેશોમાં Judicial colloquiaનુ આયોજન કર્યું. અને Domestic Application of International Human Rights Norms અંગે ચર્ચાઓ ગોઠવી. યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ઑફ હ્યુમન રાઇટસ દ્વારા તેમને એશિયા પેસિફિક માટેના રિજિયોનલ ઑફિસર નીમવામાં આવ્યા. મોંગોલિયા, કંબોડિયા, નેપાલ, ઈથોપિયા અને સાઉથ આફ્રિકાના દેશોએ તેમના બંધારણ ઘડવા માટે ભગવતીસાહેબનું માર્ગદર્શન મેળવ્યું હતું. આ સૌએ ખાસ કરીને હ્યુમન રાઇટસના સંદર્ભના વિસ્તૃત માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. આમ ભગવતીસાહેબે ઘણાં વર્ષો સુધી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ હ્યુમન રાઇટસના સંદર્ભમાં પ્રશંસનીય કામગીરી કરી હતી.

**ભારતીય ન્યાયતંત્રને છેલ્લું પ્રદાન :**

ભગવતીસાહેબ જણાવે છે કે મારી ન્યાયાધીશ તરીકેની કામગીરીમાં મારો હેતુ લોકોના કલ્યાણ માટે અને મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતોના પાલન માટે હુકમો કરવાનો હતો. આથી હું દ્રઢપણે માનતો હતો કે કાયદાને નવો વળાંક આપવો પડે તો આપવો, તેમના શબ્દોમાં :

"I began to look upon law as an

instrument of social justice, a powerful instrument in the hands of a judge to bring about social and economic change''

આ ફિલોસોફી આધારે તેમને રિટાયર થવાના દિવસે M.C. Mehta V/s. Union of Indiaનો ચુકાદો આપ્યો. તેમણે Strict liability ના Ryland v. Fletcher ના કેસમાં સ્થાપેલા સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો અને વ્યાપક કર્યો. જે ઉદ્યોગોના કારણે પર્યાવરણને અને માનવોને વ્યાપક નુકસાન થવાની સંભાવના છે તેવા ઉદ્યોગો અંગે Highest Standard of Safety રાખવા જ જોઈએ; પરંતુ તેમ છતાં નુકસાન થાય તો તેનું વળતર આપવું જ જોઈએ અને ઉદ્યોગે જરૂરી બધી કાળજી રાખી હતી તે બચાવ ચાલી શકે નહીં. તેમણે કહ્યું છે. The enterprise must be held strictly liable for causing such fear, as a part of society cost for causing on the hazardous or inherently dangerous activity.

આ કેસમાં વળતરના વ્યાપ અંગે પણ નિર્ણય કર્યો અને ઉદ્યોગ જેટલો મોટો તે પ્રમાણે વળતર પણ વધુ તેવો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો.

૨૦ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ નિવૃત્તિ લેતાં પહેલાં ભગવતીસાહેબે આ ચુકાદામાં સહી કરી સંતોષના સ્મિત સાથે સુપ્રીમકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે વિદાય લીધી.

**જીવનનું આધ્યાત્મિક દ્રષ્ટિબિંદું**

શ્રી ભગવતીસાહેબને બાળપણથી જ ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયેલા. તેમના પિતાશ્રીની પ્રેરણાથી તેમણે ઘણા ધાર્મિક ગ્રંથો વાંચેલા. પિતાશ્રી સાથે મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા, પણ ગયેલા તેમને ક્રિયાકાંડમાં શ્રદ્ધા નહોતી, પણ માનવતાની સેવા એ પ્રભુની સેવા છે એવું મનમાં ફલિત થયેલુ. તેમનું માનસિક વલણ એવું હતું કે તેઓ દિવ્ય આત્માઓ તરફ હંમેશાં આકર્ષાતા, ગુજરાત હાઈકૉર્ટમાં ન્યાયમૂર્તિ હતા ત્યારે અરવિંદ આશ્રમના અંબુભાઈ પુરાણી તેમના ઘેર આવ્યા હતા તે ભગવતીસાહેબના પિતાશ્રીના મિત્ર હતા. તેમણે બાળપણથી જ ભગવતીસાહેબને આજ્ઞાંકિત ન રાખવા શીખ આપી હતી અને બાળકને મુક્તપણે ઉછેરવા દેવા જોઈએ તેમ કહ્યું હતું. તેમને કોટીના જગદગુરુ શંકરાચાર્યનાં દર્શનનો અને આશીર્વાદનો લાભ મળેલો. તે જ પ્રમાણે ન્યૂ દિલ્હીમાં આનંદમયીમાને મળવાનો અપૂર્વ અવસર પ્રાપ્ત થયેલો. તેમને શ્રી ચિન્મયાનંદની સાથે પણ સત્સંગ થયેલો. શ્રી મહેશ યોગી દિલ્હીમાં તેમના મહેમાન થયેલા અને મહેશ યોગીએ ભગવતીસાહેબને Transcendental Meditation પણ શીખવેલું.

ભગવતીસાહેબ ઘણા સંત, મહાત્માઓ અને દિવ્ય આત્માઓના સંપર્કમાં આવ્યા પણ તે કહે છે કે મારા આધ્યાત્મિક ગુરુ તો સત્ય સાંઈબાબા છે. તે કહે છે મને તેમાં કૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં અને તેમની સેવાની વાતો ગમતી. તે કહેતા આપણાં હૃદય, પ્રેમ અને કરુણાથી છલકાતાં રહેવાં જોઈએ. તેઓ પ્રભુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા રાખી જીવ્યા. કૃષ્ણ તેમના ઇષ્ટદેવ હતા. ભગવતીસાહેબે તેમની કામગીરી ભગવાનને નજર સમક્ષ રાખીને કરી. તેમણે લોકોની અને માનવતાની સેવાને પ્રાધાન્ય આપ્યું હતું.

**યાદગાર નિવૃત્તિ સમારંભ :**

ભગવતીસાહેબ નિવૃત્ત થયા ત્યારે જાહેરસમારંભ દ્વારા તેમનો વિદાયમાન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ સમારંભમાં રાજકારણીઓ, વકીલો, ન્યાયાધીશો, આર્મીના અધિકારીઓ અને સમાજિક સંસ્થાના કાયકરોએ ઉદ્‌બોધન કર્યા અને તેમની અદ્વિતીય કામગીરીની પ્રશંસા કરી. આ બધામાં હૃદયસ્પર્શી બાબત એ હતી કે ૫૦,૦૦૦ Cardamom workers જેઓ ભગવતીસાહેબના Landmark Judgementને કારણે બંધક તરીકે મુક્ત થયા હતા અને પુનઃવસવાટ પામ્યા હતા. તેમના તરફથી ૫૦,૦૦૦ કાર્ડામોમ (ઇલાયચી)નો હાર તેમને પહેરાવ્યો. ભગવતીસાહેબે અતિ પ્રસન્નતા અનુભવી હતી. આ હાર તેમણે જીવનના અંત અર્થાત્ ૯૫ વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધી એક મૂલ્યવાન ભેટ તરીકે સાચવી રાખ્યો હતો.

**સન્માન :**

ઘણાં લાંબા સમય સુધી ગુજરાત હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ થવાનું સન્માન ભગવતીસાહેબને પ્રાપ્ત થયું. તે પ્રમાણે ખૂબ લાંબો સમય સુપ્રીમકૉર્ટના ન્યાયમૂર્તિ અને મુખ્ય ન્યાયમૂર્તિ થવાનું સન્માન પ્રાપ્ત થયું. બે વખત ગુજરાત રાજ્યમાં કાર્યકારી ગવર્નર થવાનું સન્માન પણ મળ્યું. ઘણી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સભ્ય તરીકે કામગીરી કરી. ૧૯૮૨માં અમેરિકન એકેડેમી ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સના ફેલો તરીકે પણ ચૂંટાયા. સને ૨૦૦૫માં તેઓશ્રીને પદ્મવિભૂષણનો ખિતાબ એનાયત થયો હતો.

**ટીકા :**

એ.ડી.એમ. જબલપુર વિ. શિવકાંત શુકલાના કેસમાં ભગવતીસાહેબે આપેલા ચુકાદાની ખૂબ જ ટીકા થઈ. ૧૯૭૫થી ૧૯૭૭ના કટોકટીના સમય દરમિયાન વ્યક્તિની ગેરકાયદેસર અટકાયત કરી હોય તો પણ તેના અંગે હેબિયર્સ કૉર્પસ રીટ ચાલે નહીં તેવુ તેમણે ઠરાવ્યું. ભગવતીસાહેબ અને તેમની સાથેના ન્યાયાધીશોએ અગાઉના ચુકાદાઓ વિરુદ્ધ આવો નિર્ણય લીધો. માત્ર ન્યાયમૂર્તિ એચ. આર. ખન્નાએ વિરોધ મત પ્રદર્શિત કર્યો. તેમના આ ચુકાદાની દેશમાં ટીકા થઈ. સને ૨૦૧૧મા એક મુલાકાતમાં ભગવતીસાહેબે કબૂલ કર્યું કે તેમનો નિર્ણય ભૂલભરેલો હતો અને તે બદલ તેમણે ક્ષમા પણ માગી. લાંબી કારકિર્દીમાં આ ચુકાદાએ તેમના વિશે નબળી છાપ ઊભી કરી.

**સમાપન**

ભગવતીસાહેબે તેમની ૯૦ વર્ષની ઉંમરે તેમના જીવન અને કાર્યો વિશે **My Tryst with Justice** એ નામનું પુસ્તક લખ્યું છે. આ લેખમાં તેનો વિશેષ આધાર લીધો છે. શ્રી સલમાન ખુરશીદે આ પુસ્તકની ખૂબ જ અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખી છે. તેમણે ભગવતીસાહેબના ઉમદા ગુણો દર્શાવી તેમને Complete Judgeનું બિરુદ આપ્યું છે. તેમના અભ્યાસપૂર્ણ ઠરાવોની પ્રશંસા કરી છે. સલમાન ખુરશીદે ઇંગ્લૅન્ડના તેમના ટ્યૂટર રૉબર્ટ બહેનેવાલને ''મોતીલાલ પદમપત સુગર મિલ્સ''ના કેસનું ભગવતીસાહેબે લખેલ જજમેન્ટ વંચાવ્યું તે વાંચીને તે બોલી ઊઠ્યા ''Why don't English judges write like this''

ઇંગ્લૅન્ડના લૉર્ડ ચીફ જસ્ટિસ (૨૦૦૦-૨૦૦૪) Harry Woolf તેમના સંદેશામાં ભગવતીસાહેબની અત્યંત પ્રશંસા કરતાં કહે છે ''He has undoubtedly been one of the greatest jurists of his time and made an immense contribution to the development and observance of the rule of law in India and around the Globe''

શ્રી કૃષ્ણા આયરે તો વર્ષો સુધી તેમની સાથે કામ કર્યું. તે ખૂબ જ ભાવવાહી શબ્દોમાં My Tryst with Justice પુસ્તકમાં તેમનું મંતવ્ય નીચે પ્રમાણે રજૂ કરે છે : ''Justice Bhagwati, who is an intimate friend of mine and sat with me in the Supreme Court of India for long years, has proved to be among the best jurists the country has seen and that I have had occasion to recommend him for being considered for Noble Prize for promoting justice, social, economic and political and for the Presidentship of India and for being regarded as the finest jurisprudent, who fulfilled the values outlined in the ground preamble of the constitution of India. I hold him as a judicial marvel and superlative splendor and that to try and read this book is to be familiar with the thoughts and ideas of the great constutional culture of India.''

અંતમાં ભગવતીસાહેબે ન્યાયતંત્રને આપેલી શીખામણ રજૂ કરી લેખનું સમાપન કરીશું.

I always believe that a judge must be in tune with hopes and aspirations of the common man and he must try to interpret the law in a manner which would meets those hopes and aspirations.

Throughout my judicial carrier, I tried to turn the justice system into an ally of the poor and the downtrodden. I urge members of the Indian Judiciary to look beyond the court room and see and feel the misery and suffering of the poor and downtrodden, and use the judicial process to wipe their tears and make their lives meaningful. I urge my brethren in the judiciary to continue the realization of my dream beyond my life time.

ગુજરાતના આ ગૌરવવંતા પુત્ર અને ભારતના મહાન ન્યાયમૂર્તિના જીવન અને કાર્યોમાંથી સૌ કોઈ અને ખાસ કરીને વકીલો અને ન્યાયાધીશો પ્રેરણા લેશે એવી આશા રાખીએ.

**શરદભાઈ પી. શાહ**
એડવોકેટ, મહેસાણા
૫-૬, અનમોલ વિલા-૨, રામોસણા રોડ,
મહેસાણા-૩૮૪૦૦૨ મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫

વિશ્વ સાહિત્યની અટારીએથી

# ઈસ્મત ચુગતાઈ: ૧૯૧૫-૧૯૯૧ (ભારત)

ડૉ. મનીષ વ્યાસ

ભારતીય ઉર્દૂ નવલકથા અને ટૂંકીવાર્તાકાર, ઉદાર માનવહિતવાદી અને ફિલ્મ-મેકર ઈસ્મત ચુગતાઈનો જન્મ ૨૧ ઑગસ્ટ, ૧૯૧૫ના રોજ ઉત્તર પ્રદેશના બદાયું ખાતે થયો હતો. નવ ભાઈ-બહેનોમાં સૌથી નાની વયની ઈસ્મતના પિતા મિર્ઝા કાસીમ બેગ ચુગતાઈ એક ઉચ્ચ સરકારી પદાધિકારી હતા. ઈસ્મતનું મોટા ભાગનું બાળપણ જોધપુર, આગ્રા અને અલીગઢ ખાતે પોતાના ભાઈઓ સાથે વીત્યું હતું, કારણકે તેમની બધી જ બહેનોનાં લગ્ન તેમના જન્મના સમયની આસપાસ જ થઈ ગયાં હતાં. ભારતીય સનદી સેવામાંથી નિવૃત્ત થયા બાદ તેમના પિતા આગ્રા ખાતે સ્થાયી થયા હતા. બાળપણથી જ ઈસ્મત અન્ય બહેનોથી અલગ પડતી હતી. ભાઈઓ સાથેના સહવાસ દરમિયાન તેઓ ક્યારેય એ માનવા તૈયાર નહોતાં કે તેઓ પુરુષોથી તસુભાર પણ ઊતરતી કક્ષાના છે. ગિલ્લી-દંડા હોય કે ચાહે ફૂટબૉલ કે ઘોડેસવારી હોય—ઈસ્મત એ તમામ શોખ પૂરો કરતાં જે છોકરીઓ માટે તે સમયમાં બાધ્ય હતો. ચોથી કક્ષા સુધી આગ્રામાં અને આઠમી કક્ષા સુધી અલીગઢમાં ભણ્યા બાદ તેમનાં માતા-પિતા વધુ ઉચ્ચ અભ્યાસ કરાવવા માટે રાજી નહોતાં. તેઓ તો એમ જ માનતા હતા કે ઈસ્મતે હવે ઘર-ગૃહસ્થીના તરીકા શીખી લેવા જોઈએ જેથી તેના વિવાહ થઈ શકે; પરંતુ કિસમતનો ખેલ કંઈક જુદો જ હતો. ઈસ્મતે ધમકી આપી કે જો તેમને વધુ અભ્યાસની પરવાનગી નહીં આપવામાં આવે તો તે ગૃહ-ત્યાગ કરીને ઈસાઈ ધર્મ અપનાવી લેશે અને મિશનરી સ્કૂલમાં પ્રવેશ મેળવી લેશે. તેમની આ જીદ સામે નમતું જોખતાં તેમના પિતાએ તેમને અલીગઢની શાળામાં સીધો દસમા ધોરણમાં પ્રવેશ કરાવી દીધો. અહીંથી તેમણે એ.એફ.એ.ની પરીક્ષા પાસ કરી હતી.



ઈસ્મતનું અલીગઢ આવવું એ તેમના જીવનનો એક મહત્ત્વનો ટર્નિંગ-પૉઇન્ટ સાબિત થયો હતો. અહીં જ તેમનામાં એક લેખક, એક્ટિવિસ્ટ, કમ્યુનિસ્ટ અને સ્ત્રી-સ્વાતંત્ર્યવાદી વિચારકનાં બીજ રોપાયાં. અલીગઢમાં તેમની મુલાકાત રશીદ જહાં સાથે થઈ જેમણે ૧૯૩૨માં સજ્જાદ જહીર અને અહમદ અલી સાથે મળીને 'અંગારે' નામનો વાર્તા-સંગ્રહ પ્રકાશિત કર્યો હતો. આ વાર્તા-સંગ્રહને તે વખતની અંગ્રેજ હકૂમતે અશ્લીલ અને ક્રાંતિકારી ઘોષિત કરીને તેના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો હતો. એટલું જ નહીં, આ પુસ્તકની તમામ પ્રતો પણ જપ્ત કરવામાં આવી હતી. રશીદ જહાં આઝાદ વિચારો ધરાવતી, પીડિત અને શોષિત મહિલાઓના અધિકારો માટે ઝનૂનપૂર્વક લડનારી આધુનિક નારીનું પ્રતીક હતી. તેમણે જ ઈસ્મતને કમ્યુનિસ્ટ વિચારધારાઓની આધારભૂત માન્યતાઓથી અવગત કર્યાં. બીજી તરફ, ઈસ્મતે પણ રશીદ જહાંને ગુરુ માનીને તેમના નક્શે-કદમ પર ચાલવાનો દઢ નિશ્ચય કર્યો. ઈસ્મતના શબ્દોમાં, ''મને રડમસ ચહેરાવાળી, બિચારી, બાળકોની ફોજ પેદા કરનારી સ્ત્રીઓથી સખ્ત નફરત છે. ખાલી લાગણીઓના ડોળ અને દેખાવા કરતી સ્ત્રીઓ મને નાપસંદ છે. આ બધું મેં રશીદ જહાંની શાગિર્દીમાં શીખ્યું હતું.'' ઈસ્મત માનતાં હતાં કે સ્ત્રીઓની દુર્દશા માટે તેમની નિરક્ષરતા જવાબદાર છે. એ.એફ.એ. કર્યા બાદ ઈસ્મતે લખનૌની આઈ. ટી. કૉલેજમાં પ્રવેશ લીધો જ્યાં તેમણે અંગ્રેજી, રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયો શીખ્યા. આ કૉલેજે ઈસ્મતને ખરા અર્થમાં રૂઢિચુસ્ત મધ્યમવર્ગીય ઇસ્લામ સમાજની બંદિશોમાંથી મુક્ત કર્યાં.

ઈસ્મતે અગિયાર-બાર વર્ષની ઉંમરેથી જ વાર્તાઓ લખવાનું શરૂ કર્યું હતું, પરંતુ આ વાર્તાઓના લેખક તરીકે પોતાના નામનો ઉપયોગ કરવાથી દૂર રહ્યાં. જ્યારે તેમની પહેલી વાર્તા 'ફસાદી' ૧૯૩૯માં તે સમયની પ્રતિષ્ઠિત પત્રિકા 'સાકી'માં પ્રકાશિત થઈ ત્યારે વાચકો એમ જ માનતા હતા કે આ વાર્તાના લેખક તેમના ભાઈ અઝીમ બેગ ચુગતાઈ છે. આ વાર્તાના પ્રકાશન બાદ 'કાફિર', 'ખિદમતગાર', 'ઢીટ' અને 'બચપન' પ્રકાશિત થઈ, જેના થકી ઈસ્મત સિદ્ધહસ્ત ઉર્દૂ લેખકોની શ્રેણીમાં સ્થાન પામ્યાં. ૧૯૪૧ અને ૧૯૪૨માં તેમના બે વાર્તા-સંગ્રહો અનુક્રમે ''કલિયાઁ'' અને ''ચોટેં'' પ્રકાશિત થયા. અલબત્ત, તેમના સાહિત્યિક જીવનનો સૌથી મોટો વિવાદ તો ત્યારે થયો જ્યારે ૧૯૪૨માં અદાબ-એ-

લતીફ મૅગેઝિનમાં તેમની વાર્તા ''લિહાફ' પ્રકાશિત થઈ. બે સ્ત્રીઓ વચ્ચેના યૌન સંબંધોને આલેખતી આ વાર્તાએ તે સમયના ભદ્ર સમાજમાં ભારે ઊહાપોહ મચાવી દીધો હતો. સમાજમાં અશ્લીલતા ફેલાવવાના આરોપસર તેમના ઉપર લાહોર કૉર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. જોગાનુજોગ, આ જ કૉર્ટમાં સઆદત હસન મંટો પણ તેમની વાર્તા 'બૂ' ઉપર થયેલા આ જ પ્રકારના આરોપોનો સામનો કરવા માટે લાહોર કૉર્ટમાં ઉપસ્થિત થયા હતા. જોકે હાજર આરોપીઓ આ કૃતિઓમાં અશ્લીલતા સાબિત ન કરી શકતા બંને લેખકોને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. પચાસના દસકાના ભારતીય વાચકો અને બૃહદ સમાજ માટે ''લિહાફ'' અને ''બૂ'' જેવી રચનાઓ કદાચ સમય કરતાં વહેલા લખાઈ ગઈ હોય તેવું માની શકાય. મોટા ભાગના વાચકો અને છીછરા વિવેચકોએ આ કૃતિઓમાં આલેખિત સમલૈંગિક સંબંધો અને વર્ણનોના માપદંડને આધારે જ આ કૃતિઓને મૂલવી છે; જ્યારે હકીકતે આ કૃતિઓ તેનાથી વિશેષ વર્તમાન સમાજની દંભી આચાર-સંહિતા ઉપર કુઠારાઘાત કરે છે. અફસોસ કે ઈસ્મતની આ બહુ-ચર્ચિત રચનાએ તેમની અન્ય મહત્ત્વની કૃતિઓ જેવી કે, ''જંગલી કબૂતર'', ''ચૌથી કા જોડા'', ''ગેંદા'', ''દો હાથ'', ''જડેં'', ''હિંદોસ્તાન છોડો'', ''નન્હી કી નાની''ને ગુમનામીમાં ધકેલી દીધી.

લખનૌ અને અલીગઢથી અભ્યાસ પૂરો કર્યા બાદ ઈસ્મત મુંબઈમાં ઇન્સ્પેક્ટર ઑફ સ્કૂલ્સની નોકરી મેળવી સ્થાયી થયાં. અહીં તેમના કૉલેજકાળના મિત્ર શાહીદ લતીફ સાથે ૧૯૪૧માં પ્રેમ-લગ્ન કરીને જીવનનો નવીન અધ્યાય શરૂ કર્યો. તેમના શોહર શાહીદ બૉમ્બે-ટૉકીઝ માટે સંવાદો લખવાનું કામ કરતા હતા. આ જ કારણે ઈસ્મત પણ ફિલ્મ ઉદ્યોગના પરિચયમાં આવ્યાં. ૧૯૫૦ના દસકામાં શાહીદ લતીફ સંવાદ લેખક મટીને પ્રોડ્યુસર બની ગયા હતા. પતિની સાથે સાથે ઈસ્મતે પણ પટકથા લેખનમાં (screen writing) હાથ અજમાવ્યો. તેમની પટકથા લેખક તરીકેની પહેલી ફિલ્મ હતી ''ઝીદ્દી'' (જે દેવ આનંદની પણ અભિનેતા તરીકેની પહેલી ફિલ્મ હતી). એટલું જ નહીં, કામિની કૌશલ અને મશહુર અભિનેતા પ્રાણને પણ એક આગવી ઓળખ આ ફિલ્મ થકી જ મળી. આ ફિલ્મમાં લતા મંગેશકર અને કિશોરકુમારે તેમનું સૌપ્રથમ યુગલગીત રેકૉર્ડ કર્યું હતું. ૧૯૪૮ના વર્ષની સૌથી સફળ ફિલ્મ તરીક ''ઝીદ્દી'' દેશભરમાં છવાઈ ગઈ હતી. ત્યાર બાદ ઈસ્મતે ''આરઝૂ'' ફિલ્મ માટે સંવાદો અને પટકથા લેખન કર્યું. ૧૯૫૩માં ઈસ્મતે ફિલ્મ દિગ્દર્શનક્ષેત્રે ઝંપલાવતાં કિશોરકુમારની મુખ્ય ભૂમિકાવાળી ''ફરેબ'' ફિલ્મ બનાવી. આ બંને ફિલ્મો વ્યાવસાયિક રીતે સફળ ફિલ્મો સાબિત થઈ. ફિલ્મઉદ્યોગમાં એક પછી એક સફળતા મળતાં ઈસ્મત અને લતીફે ''ફિલ્મીના'' (Filmina) નામક પ્રોડક્શન કંપની સ્થાપી. આ કંપનીના ફિલ્મ-મેકર તરીકે તેમની પ્રથમ ફિલ્મ હતી 'સોને કી ચિડિયા', જેનું લેખન અને પ્રોડક્શન ઈસ્મતે કર્યું હતું. ૧૯૫૮માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં નૂતન અને તલત મહેમુદ મુખ્ય ભૂમિકામાં હતાં. કૉમર્શિયલ રોમાન્સ ફિલ્મ્સથી તદ્દન ભિન્ન એવી આ ફિલ્મ એક બાળ-મજૂર વિશે છે, જેનું આધુનિક સમાજ સતત શોષણ કરતો રહે છે. સદાબહાર અભિનેત્રી નૂતને આ ફિલ્મને પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શ્રેષ્ઠ ફિલ્મ ગણાવી છે. ફિલ્મ પ્રોડક્શન સાથે સતત વ્યસ્ત રહેવા છતાં ઈસ્મતે ટૂંકી વાર્તા લેખન પર વિરામ ન મૂકતાં ૧૯૫૨માં તેમનો ચોથો વાર્તાસંગ્રહ 'ચૂઈ-મૂઈ' પ્રકાશિત કર્યો હતો, જેમાં તેમણે સ્ત્રીત્વ (womanhood)ને લગતા પરંપરાગત ખયાલો અને વિચારો સામે પડકાર ફેંક્યો. ૨૧મી સદીમાં પણ આ વાર્તાસંગ્રહ એટલો જ પ્રસ્તુત છે તેમ ૨૦૧૪માં પ્રકાશિત થયેલા તંત્રીલેખમાં રફી મહેમુદ નોંધે છે. 'ઈસ્મત આપા કે નામ' નામક સ્મૃતિ-માળાના ભાગરૂપે મોટ્લે (Motley) થિયેટર ગ્રૂપ અને અભિનેતા નસરુદ્દીન શાહે 'ચૂઈ-મૂઈ'નું નાટ્યરૂપાંતરણ કર્યું હતું, જેમાં તેમણે પોતે, પુત્રી હિબા શાહે અને પત્ની રત્ના પાઠક શાહે મુખ્ય પાત્રો ભજવ્યાં હતાં.

ઈસ્મતની લેખિની સાઠ અને સિત્તેરના દસકામાં પણ સાહિત્ય અને ફિલ્મક્ષેત્રે સક્રિય રહી હતી. સાઠના દસકામાં તેમણે કુલ આઠ નવલકથાઓ લખી હતી. આ સૂચીમાં 'માસૂમ' પ્રથમ નવલકથા હતી. જેનું ઘટનાસ્થળ (locale) પચાસના દસકાનું મુંબઈ છે. આ નવલકથાનું મુખ્ય પાત્ર નિલોફર છે, જે ગુજરાન ચલાવવા માટે કૉલ-ગર્લનો વ્યવસાય અપનાવે છે. લૈંગિક શોષણ, સામાજિક અને આર્થિક અન્યાય આ કૃતિના મુખ્ય વિષય-વસ્તુ છે. આ જ દસકાની અન્ય નવલકથા 'સોદાઈ' દમનકારી પુરુષ-પ્રધાન સમાજના ખોખલા દંભ અને નીતિઓ ઉપર પ્રહાર કરે છે. અલબત્ત, આ દસકાની સૌથી લોકપ્રિય અને મહત્ત્વની કૃતિ 'દિલ કી દુનિયા' ગણી શકાય, જેમાં ઈસ્મતના બાળપણના કેટલાક સચોટ અંશો જોવા મળે છે. આ નવલકથા રૂઢિચુસ્ત મુસ્લિમ ઘરાનાની સ્ત્રીઓના જીવનને બેખૂબી ઉજાગર કરે છે. અન્ય પ્રમુખ નવલકથાઓની જેમ આ નવલકથાની નાયિકા એક બદનસીબ યુવતી છે, જેનો પતિ લગ્ન પછી તુરત જ એને છોડીને ચાલ્યો જાય છે. ધર્મ અને સમાજ આ અન્યાય સામે ચૂપકીદી રાખી દે છે. 'અજીબ આદમી' અને 'જંગલી કબૂતર' સિત્તેરના દસકાની અગત્યની નવલકથાઓ છે. આ બંને કૃતિઓ લેખિકાના ફિલ્મઉદ્યોગ જગત સાથેના અનુભવોનો નિચોડ કહી શકાય. ૧૯૭૦માં પ્રકાશિત થયેલી 'જંગલી કબૂતર' તે વખતની કોઈ ખ્યાતનામ ફિલ્મ અભિનેત્રીના જીવન ઉપર આધારિત છે.

૧૯૮૦ના દસકાના અંતિમ વર્ષોમાં ચુગતાઈ અલ્ઝાઈમર્સ રોગથી ગ્રસિત થયાં હતાં, જેનાં પરિણામે તેમના રચનાત્મક લખાણોમાં ઓટ આવી ગઈ. આવાં ક્રાંતિકારી લેખિકાનું ૨૪ ઑક્ટોબર ૧૯૯૧ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું હતું. તેમની અંતિમ ઇચ્છા પ્રમાણે તેમના અંતિમ સંસ્કાર હિંદુ રીત-રિવાજ પ્રમાણે ચંદનવાડી સ્મશાનગૃહ ખાતે કરવામાં આવ્યા હતા. ઈસ્મત ચુગતાઈની તમામ કૃતિઓ ઉર્દૂ ભાષામાં લખાઈ છે. છેલ્લા વીસેક વર્ષોમાં તેમની મોટા ભાગની કૃતિઓનો અનુવાદ હિન્દી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં થયેલો જોવા મળે છે, જેના પરિણામે આ સદીના યુવાન વાચકોની રૂચિ તેમની કૃતિઓના અભ્યાસ પ્રત્યે વધી છે. ઈસ્મત ચુગતાઈની સાથે ઉર્દૂ વાર્તાલેખનમાં દૃષ્ટિ અને કલાના નવા આયામ જોડાય છે. સામાજિક ન્યાય મેળવવાના સંઘર્ષમાં સ્ત્રીની મુક્તિ-આકાંક્ષા અને અધિકાર ચેતનાનો સુભગ સમન્વય તેમની કૃતિઓમાં જોવા મળે છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીઓની દુરવસ્થાથી ઉત્પન્ન થતી કરુણા ફક્ત દ્રવિત જ નથી કરતી, પરંતુ વાચકને એક વ્યાપક વિમર્શ પ્રત્યે દોરી જાય છે. કેટલાક વિવેચકોએ તેમને ફેમિનિસ્ટ વિચારધારાવાળા લેખક તરીકે સીમિત કર્યા છે જે સર્વથાયોગ્ય ન ગણી શકાય. પુરુષના વ્યભિચાર અને સ્વેચ્છાચારની 'માવજત'તો તેમણે કરી જ છે; આ સાથે સાથે સ્ત્રીની સ્ત્રી પ્રત્યેની ક્રૂરતા અને અમાનવીય વ્યવહાર પણ એટલો જ સચોટ રીતે દર્શાવ્યો છે, જે ફેમિનિઝમની પ્રચલિત માન્યતાથી હટકે છે. 'લિહાફ' જેવી કૃતિનું આધુનિક સમાજ-વ્યવસ્થાના પરિપ્રેક્ષ્યમાં પુનઃઅવલોકને (re-reading) સાબિત કર્યું છે કે તેમની કૃતિઓ કાળજયી છે. કોઈ એક જ વિષય-વસ્તુને ન વળગી રહેતાં ચુગતાઈ પોતાની કૃતિઓનો વ્યાપ હંમેશાં વિસ્તૃત કરતાં જ રહ્યાં છે, જે તેમને ઉર્દૂ સાહિત્યના શિરમોર લેખકોમાં સ્થાન અપાવે છે. સઆદત હસન મન્ટો, રાજિન્દર સિંહ બેદી અને કૃષ્ણ ચંદરની સાથે સાથે ઈસ્મત ચુગતાઈને પણ આધુનિક ઉર્દૂ ઉપન્યાસનો ચોથો સ્થંભ માનવામાં આવે છે તે યોગ્ય જ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ રહેલા અને મશહુર હાસ્યલેખક પતરસ બુખારીના શબ્દોમાં: ''हमें इस बात को तस्लीम करने में जरा भी संकोच नहीं होना चाहिओ की ईस्मत की शख्स्तियत उर्दू अदब के लिए गर्व का कारण है । उन्होने कुछ ऐसी पुरानी फसीलों में रखने डाल दिए हैं की जब तक वो खडी थी कई रास्ते नजरों से ओझल थे । ईस कारनामें के लिए उर्दू जाननेवालों को ही नहीं बल्कि उर्दू के अदिबों को भी उनका कृतज्ञ होना चाहिए ।''

**Further Reading**


Chughtai, Ismat. 1988. *Ismat Chughtai: Pratinidhi Kahaniyom.* New Delhi : Rajkamal Prakashan.

— 1993a. *The Heart Breaks Free/The Wild One: Two Novellas by Ismat Chughtai.* New Delhi: Kali for Women.

— 1993b. 'Lihaaf' ['The Quilt'], trans. M. Asaduddin, in *Women Writing in India: Volume II,* The Twentieth Century, eds. Susie Tharu and K. Lalita. Reprinted in 1999 in Manushi 110:36—40

— 1995. *The Crooked Line* [Terhi Lakir], trans. Tahira Naqvi. New Delhi: Kali for Women.

— 1996. *The Quilt and Other Stories.* New Delhi: Kali for Women.

— 1998. *Kaghazi Hai Pairahan.* New Delhi: Rajkamal Prakashan.

— 2000a. *Ismat: Her Life, Her Times,* ed. Sukrita Paul Kumar and Sadique. New Delhi: Katha.

— 2000b. 'An Excerpt from Kaghazi Hai Pairahan (The ''Lihaf'' Trial), *Annual of Urdu Studies* 15 : **429-43.**'

— 2001a. *My Friend, My Enemy: Essays, Reminiscences, Portraits.* New Delhi: Kali for Women.

— 2001b. *Lifting the Veil: Selected Writings of Ismat Chughtai,* selected and translated by M. Asaduddin. New Delhi: Penguin Books.

— 2005. *A Chughtai Collection,* trans. Tahira Naqvi and Syeda S. Hameed. Karachi: Sama Publishing.

— 2010. 'Of Fists and Rubs' ['Mutthi Maalish' from *Dozakhi,* 1967), trans. Muhammad Umar Memon in **Words without Borders.**

— 2011. *Masooma,* trans. Tahira Naqvi. New Delhi: Women Unlimited.

— 2012. A Life in Words: Memoirs [Kaghazi Hai Pairahan], trans. M. Asaduddin. New Delhi: Penguin Books.



**ડૉ. મનીષ વ્યાસ**

એલ.ડી.આર.પી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી એન્ડ રિસર્ચ, ગાંધીનગર

મો. 9428047463

# ભરત `નાટ્યશાસ્ત્ર' રસસિદ્ધાંત અને લલિતકળાઓ

પ્રા. ડૉ. દિનુભાઈ શાહ

આચાર્ય ભરતે રચેલા 'નાટ્યશાસ્ત્ર' નામના ગ્રંથને ભારતીય કાવ્યશાસ્ત્રનો આદિગ્રંથ માનવામાં આવ્યો છે. નાટ્ય, સંગીત અને નૃત્યના સંદર્ભે આ ગ્રંથમાં સૌંદર્ય સર્જક પ્રક્રિયાનો વિમર્શ થયો છે. ભામહથી માંડી જગન્નાથપંડિત સુધીના કાવ્યમીમાંસકોની સુદીર્ઘ વિશાળ પરંપરાની સાથે એ સૌંદર્ય-સર્જક પ્રક્રિયાનો સર્જક, ભાષાનું માધ્યમ યા ઉપાદાન અને ભાવક એમ ત્રિવિધ બિંદુઓને સ્પર્શતી આ પ્રક્રિયા એના મૂળભૂત સ્વરૂપે તો સૌંદર્ય-નિર્માણની પ્રક્રિયા છે, અને આ પ્રક્રિયાના વિમર્શનો આરંભ કાશ્મીરની વિદ્યાનુરાગી અને તત્ત્વનિષ્ઠ સાધક પરંપરા દ્વારા થયો છે, એટલે એમાં અભિનવપાદગુપ્ત, આનંદવર્ધન, કુન્તક, લોલ્લટ, રુદ્રટ ભટ્ટ, નાયક અને શંકૂક જેવા કાશ્મીરી વિદ્વાનો નિષ્ઠા સાથે એની મીમાંસા કરતા રહ્યા છે. પરિણામે કળા, સૌંદર્ય, કળાકૃતિ, કળાકૃતિના આસ્વાદનો અનુભવ, એ અનુભવ કરનાર ભાવક યા ભોક્તા, પ્રમાતા વા સામાજિક જેવી અનેક પરિભાષાયુક્ત એક આખી કાવ્યશાસ્ત્રીય મીમાંસાની પ્રણાલી અસ્તિત્વમાં આવી. વળી, ભારતના વિધવિધ ભાષા-સાહિત્ય ધરાવતા પ્રદેશોમાં પણ આ કાવ્યશાસ્ત્રીય પ્રણાલી અને એના મૂળ પ્રણેતા આચાર્ય ભરતનો પ્રભાવ જીવંત રહ્યા કર્યો. એમણે આપેલો રસસિદ્ધાંત ભલે સર્વ કળાઓ (શ્રાવ્ય, દશ્ય અને પ્રયોગક્ષમ)નો સમાવેશ કરતો ન હોય પણ એણે એક સર્વ-સમાવેશી સૌંદર્યમીમાંસા માટે આમંત્રણ તો જરૂર આપ્યું છે. ભારત પાસે હજુ એક સર્વમાન્ય સૌંદર્યશાસ્ત્ર હોવાની જરૂર છે. ભારતીય ઍસ્થેટિક્સ જગતને એક નૂતન દૃષ્ટિ અને પરિપ્રેક્ષ્ય આપશે, ખાસ તો મનુષ્યની કેવળ વસ્તુલક્ષી બુદ્ધિના ચમત્કારો જ નહીં, પણ એની સર્જનાત્મક બુદ્ધિના ચમત્કારો યા આવિષ્કારોને પણ એ પ્રસ્તુત કરશે. પરિણામે મનુષ્ય સમક્ષ રસદાયક અને પરમ પરિતોષપ્રદ કલાકૃતિઓનો વૈભવ રહેશે. પૃથ્વીના સાંસારિક જીવનને એ રસપૂર્ણ બનાવશે, એટલે ખરેખર પ્રશ્ન મનુષ્યના મનસની ક્ષિતિજોનો વિસ્તાર સાધવાનો છે, ઉપરાંત સાંસારિક જીવનને જીવવાના, સમ્યક્ માનસને સ્થાપવાનો છે.

'નાટ્યશાસ્ત્ર'માં આચાર્યે ભાવક યા પ્રમાતા યા સામાજિકનો પણ વિચાર કરી રસકીય અનુભૂતિનાં વિઘ્નો પણ નિર્દેશ્યાં છે, એટલે નાટ્યશાસ્ત્ર રસશાસ્ત્ર પણ બન્યું છે. કળાના આસ્વાદનના પક્ષને ધ્યાનમાં રાખી કળાકૃતિના ભોક્તાનો અનુભવ ઊર્ધ્વારોહી અને પરમ વિશ્રાંતિજનક હોય છે. આચાર્ય ભરતના 'નાટ્યશાસ્ત્રે' રસનિષ્પત્તિનું સ્વરૂપ વર્ણવતાં સૌપ્રથમ ભારતીય 'કાવ્યશાસ્ત્ર'ને રસના સંદર્ભમાં મૂલવી અનેક સમકાલીનો તથા અનુગામીઓ માટે કાવ્યનું શાસ્ત્રીય-સ્વરૂપ વર્ણવવા માટે મહત્ત્વનો અને સુદીર્ઘ અવકાશ કરી આપ્યો. અભિનવપાદગુપ્ત અને કાશ્મીરના અન્ય વિદગ્ધજનોએ છેક અઢારમી સદી સુધી એનો વિચાર-વિમર્શ જારી રાખ્યો. આ આખોય વિચાર-વિમર્શ સમગ્ર ભારતીય વાઙ્મયને વ્યાપી રહ્યો એટલે કે ભારતના જુદા જુદા પ્રદેશોના વાઙ્મયમાં પણ એ આધારશિલા બની રહ્યો, એટલું જ નહિ, ભાષાના ઉપદાનમાં યોજાતી કાવ્ય (સાહિત્ય)કળાના શબ્દ અને અર્થનો પ્રાણ જ રસ છે એવું સર્વસ્વીકૃત બન્યું.

अर्थ शब्द वपुः काव्यं रसैः प्राणर्वसर्पति ।
अञ्जसा तेन सौहार्दं रसेषु कविमानिनाम् ॥

અર્થાત્ 'શબ્દ અને અર્થરૂપ શરીરવાળું કાવ્ય રસરૂપી પ્રાણથી જ ચાલે છે. તેથી પોતાને કવિ સમજનારાઓનો રસરૂપે હાર્દિકપ્રેમ હોય છે.'

અલબત્ત, રસ અને કાવ્ય-સર્જક-કવિ કરતાં રસ અને કાવ્યના યા કળાકૃતિના ભોક્તા જેને ભાવક, સામાજિક કે પ્રમાતા તરીકે પણ વર્ણવ્યા છે. એના પક્ષે આ કાવ્યાનુભાવનનું મહત્ત્વ વિશેષ ચિંતનીય છે, કારણ કે કલા એ કોઈ ઊંચા મકાનના આરામગૃહમાં બેસીને એકાંતિકપણે ચાલતી પ્રક્રિયા નથી, પણ એની સાથે ભાવકોનો મોટો વર્ગ અનુસંધાન પામેલો હોઈ એ – ભાવક વર્ગને નિમિત્તે કળાકૃતિનું સ્થાન અને મૂલ્ય એમ બંને સ્થાપવાં જોઈએ.

ભારતીય સાહિત્ય (કાવ્ય) શાસ્ત્ર સંદર્ભે ઈ.સ. પૂ.ની આચાર્ય ભરતની રચના 'નાટ્યશાસ્ત્ર' આ સૌંદર્યમીમાંસાને પ્રારંભે છે એ ઘટના ઘણી ગરિમામય છે તથા આરંભિક

રચનાઓમાં નાટ્યકૃતિઓ અને મહાકાવ્યો જેવાં કથનાત્મક કળાનાં વિશિષ્ટ સાહિત્યસ્વરૂપો રચાતાં રહ્યાં એ એની સાથે એના ભાવન-અનુભાવન યા કળાકૃતિના આસ્વાદનના અનુભવનું સ્વરૂપ પણ વૈજ્ઞાનિક ઢબે તો ખરું જ, પણ નિષ્ઠા સાથે ચર્ચાતું રહ્યું એ ઘણી જ આહ્‌લાદક ઘટના છે. અહીં એ હકીકતની પણ ખાસ નોંધ લેવી જોઈએ કે કાવ્યશાસ્ત્રના આ વિમર્શ-વિવેચનમાં મૂળ એક વ્યાપક સંગીત, નૃત્ય, નાટ્યની સમન્વિત ભવ્ય પરંપરામાં રહ્યો છે. નાટ્યશાસ્ત્રનાં કુલ ૩૭ પ્રકરણો છે, જેમાં નાટ્યનાં ૨૭ અને નૃત્યનાં ૧૦ પ્રકરણો છે. અનુગામી કાળમાં આ ગ્રંથનો અને ગ્રંથે પ્રેરેલી આંગિકમ્-અભિનયની મુદ્રાઓનો ઘણો પ્રભાવ રહ્યો છે. શિવને નૃત્યના દેવતા માનવાની અને એમના તાંડવ તથા લાસ્યનૃત્યની પ્રકાર ભિન્નતા સાથે એ બંને નૃત્યોનાં પ્રભાવને દર્શાવતી અનુશ્રુતિઓએ ભારતીય માનસમાં શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય વિશે ઉદાત્ત ભાવનાઓ પ્રેરી છે.

નાટ્ય વિશેની આચાર્ય ભરતની મીમાંસા તત્ત્વગામી તો છે એની સાથે એ નૃત્ય, સંગીત અને નાટ્યની એક ખૂબ સમૃદ્ધ પરંપરાની દ્યોતક પણ છે. 'દ્વાદશસહસ્રી' નામના બાર હજાર શ્લોકના સંક્ષિપ્ત છ હજાર શ્લોક જેને 'ષટ્‌સહસ્રી' કહેવામાં એની રચના સદાશિવનામના આચાર્યે કરી હતી. શ્રી વિભુકુમાર શિ. દેસાઈ 'વૈદિક સંગીત અને અન્ય લેખો' ગ્રંથ) વળી, નાટ્યને પાંચમો વેદ કહીને ઓળખાવવાની પ્રથા એક રૂઢિ માત્ર જ ન હતી, પણ એ શરીરના (આંગિકમ્) તત્ત્વને સૌંદર્યમય અને પવિત્રરૂપમાં જોવાની દૃષ્ટિ પણ સૂચવે છે. નાટ્યશાસ્ત્રનું એક 'સાહિત્ય-પ્રકાર (કાવ્ય પ્રકાર) વિશેષ' તરીકે જે નહીં, પણ જીવનમાં ભૌતિક શરીરની એક સૌષ્ઠવમૂલક સ્થાને ઉચ્ચરૂપમાં સ્થાપના કરવાના દર્શન તરીકે પણ જોવાની છે. અભિનેતા અને નૃત્યકાર આપણને શરીરની સૌંદર્યમૂલક માનસિકતા અનુભવવામાં જ નહીં, પણ એ માનસિકતાની સ્થાપના કરવાનું પણ શીખવે છે. ભારતમાં જેમ ધ્યાની મનસ્ કેળવાયું તેમ નાટ્ય, નૃત્ય અને સંગીતના સંસ્કારોએ સૌંદર્યશીલ મનસ્ વિકસાવવામાં પણ મોટું પ્રદાન કર્યું છે. ખરેખર, તો આ એક વિશાળ ચૈતન્યતત્ત્વની પરિચાયક અનુશાસનાત્મક શાખાઓ છે, જે એક પરમતત્ત્વની સર્વવ્યાપી સર્વજ્ઞતાને વ્યક્ત કરે છે.

આચાર્ય ભરતે આ સૌંદર્યશીલ મનસમાં પહોંચવાની ગતિ રસસૂત્ર દ્વારા નિરૂપી છે. સૌંદર્ય એ જ અવનિનું અમૃત છે, એટલે એનું જીવન મહીં સ્થાપન મૂલ્યવંતુ છે. એમણે લૌકિક આઠ રસને જ માન્યા છે અને એમના આઠ સ્થાયીભાવ ગણાવ્યા છે. જેમ કે, વીર, રૌદ્ર, અદ્‌ભુત, કરુણ, શૃંગાર, બીભત્સ અને ભયાનક. એમનું સંગીત દૃષ્ટિએ ષડ્‌જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ અને ધૈવત તેમજ નિષાદ એવા સાત સ્વરોમાં વર્ગીકરણ પણ કર્યું છે.

જાતિ અથવા રાગનું પણ રસદૃષ્ટિએ શ્રી આચાર્યે આઠ રસને આ રાગ સાથે જોડી આપ્યા છે. સ્વરનું પ્રાધાન્ય રાગને નિયત કરે છે અને જે તે રાગ જે તે રસને ઉદ્‌ભાવે છે. આચાર્યની રસચર્ચા સંગીતના રાગ વિશે અને એના રસ વિશે તો જણાવે છે સાથે એના વર્ણ (રંગ) વિશે પણ આપણને માહિતી આપે છે. સંગીતની અને નૃત્યની ચર્ચા કરીને એમની કલાવિષયક રસ દૃષ્ટિનાં ઊંડાણ અને વ્યાપકતા પ્રગટ કર્યાં છે. ભરતને કાવ્ય, સંગીત અને નૃત્યની કલાઓના સંદર્ભે આજે પણ આધારભૂત માની શકાય એટલા એ સુસંગત છે. નાટ્યના શાસ્ત્રને ક્ષેત્રે જ એમની પ્રતિભાસી મિત નથી પણ ભૌતિક જીવનમાં સૌંદર્યશાસ્ત્રીય મીમાંસા દ્વારા એમણે ઇન્દ્રિયગત શરીર સ્વરૂપને સૌંદર્યાભિવ્યક્તિનું ઉપકરણ, માધ્યમવા સ્વયં કલાકૃતિ બનાવી દીધું છે. એમની પ્રતિભા સ્થળ કે સમયવર્તી નથી, પણ મનસ અને શરીરના સૌંદર્યલક્ષી સ્વરૂપને દૃષ્ટિકૃત કરી આપનારી પ્રતિભા છે, એટલે સમગ્ર માનવજીવન માટે એની ઉપાદેયતા સ્વયંસ્પષ્ટ છે. ઉપર કથિત સ્થાયીભાવોની સૌંદર્યપરાયણ ઉત્ક્રાંતિ કળામાત્રનો ધર્મ છે, એટલે જ આપણે આ મીમાંસાને નાટ્ય, નૃત્ય, સંગીત પૂરતી સીમિત માનીને ત્યાં જ એનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ થઈ જાય છે એવું માનીશું નહીં.

દૃશ્યકળાઓ અને શ્રાવ્યકળાઓ તથા પ્રયોગનિષ્ઠ કળાઓનો સમગ્રતાથી વિચાર કરીએ તો એના ભોક્તા માટે જે તે કળા એક ખાસ પ્રકારના અનુભવની પ્રતીતિ કરાવે છે. આ પ્રતીતિ ભાવકસમાજની ચેતનાને પરિષ્કૃત કરે છે. સંગીત જેવી શ્રાવ્યકળા, નૃત્ય અને નાટક જેવી પ્રયોગક્ષમ કળાઓ પૂરતી જ આ મીમાંસા સીમિત રહી શકે એવી નથી પણ એ સ્થાપત્યકળા, શિલ્પ, ચિત્ર જેવી દૃશ્યકળાઓના રસાનુભવનું સ્વરૂપ સમજવામાં સહાયક નીવડે એવી છે. ચિત્રકળાની પરંપરા પણ સુદીર્ઘ છે. ચિત્રકારોની અને ચિત્રકળા (પેઇન્ટિંગ્સની કળા)ની સમીક્ષા કરનારા ડૉ. ઓ. સી. ગાંગુલિ, શ્રી અશોકમિત્રા, ડૉ. નિહારરંજન રે, ડૉ. રંધવા તથા ડૉ. મોતીચન્દ્ર અને બી.સી. સંન્યાલ જેવા ધુરંધરો આજે રહ્યા નથી, પણ એમણે છેક સિંધુ સરસ્વતી ખીણ (હડપ્પા) સંસ્કૃતિના સમયથી આ કળાનો ભવ્ય ગરિમામય આરંભ થયાનું જણાવ્યું છે. ઉપરાંત બૌદ્ધકાળમાં આ કળાનું જે રૂપ પ્રગટ્યું છે એ એક મહાન અને વૈવિધ્ય તથા વિશેષતાઓભરી ઘટના ગણાવી જોઈએ.

ચિત્રકળા યા પેઇન્ટિંગ્સની કળાનું રસ-વિવેચન એની રંગ અને રેખાઓના વિન્યાસમાં દેખાતી કલાકારની સમર્થતાને આધારે થવું જોઈએ. બીજું એ વિશિષ્ટલક્ષણ આપણે નોંધવું જોઈએ કે દશ્યકળાઓનો વિકાસ પ્રાચીન ભારતમાં દરેક યુગમાં થયો છે, એટલું જ નહીં સિંધ નજીકના રોરુકનગરના રાજકુમાર રુદ્રાયણની ઘટના જે બુદ્ધની હયાતિ, હાજરી અને એમના અમિતાભ સ્વરૂપની સાક્ષી બની રહી હતી એવી ભવ્ય પણ હતી. ચિત્રકળાના સાત્ત્વિક, વૈણિક, નાગર અને મિશ્ર એવા પ્રકાર પણ જાણીતા હતા. એટલે એવો આધાર માની શકાય કે ચિત્રકળા છેક ઈ.સ.પૂર્વેના ચોથા સહસ્રાબ્દથી ઈ.સ.પૂ.ના પ્રથમ સહસ્રાબ્દ સુધી વિકસિત રહી હતી. આમ તો ચિત્રકળાનાં રૂપભેદ, પ્રમાણભાવ, લાવણ્યયોજના, સાદશ્ય અને વર્ણિકાભંગ એટલે કે રંગ તથા પીંછીની કલાત્મકતા સર્જવાની શક્તિ કે કલાકારની જ પ્રતિભાની લાક્ષણિકતાઓ સર્જે છે. આજે ચિત્રકળા અનેક પ્રકારના ઉપાદાનગત અને શૈલીગત ભેદોમાં વિકસી છે. ભારતીય ચિત્રકળાનો પ્રલંબ અને જીવંત ઇતિહાસ સંકુલ પણ બન્યો છે. બૌદ્ધકાળની ગુફાઓ જેવી કે અજન્તા, ઇલોરા, બાઘ, બદામી, સિગિરિયા, સિધ્ધાન વાસલ વગેરેમાં પણ ચિત્રકળાની સમૃદ્ધિ પ્રગટ થઈ છે. ‘શબ્દ’ કરતાં ‘ચિત્ર’ની ભાષા દ્વારા પણ ઘટનાઓના કથનની શક્તિ વિકસી ગઈ હતી. આ કળામાં ઘણી ઉચ્ચ પ્રતિભાઓ (શ્રી અવનીન્દ્રનાથ, શ્રી રવીન્દ્રનાથ, શ્રી એમ. એફ. હુસૈન, રાજા રવિ વર્મા, યામિની રાય, અમૃતા શેરગિલ, ભૂપેન ખખ્ખર અને અન્ય અનેકાનેક) વિકસી છે. સાથેસાથે એ પણ નોંધવું જોઈએ કે જે તે પ્રતિભાશાળી ચિત્રકારના પેઇન્ટિંગ્સ મબલક મૂલે વેચાયાં પણ છે. પેઇન્ટિંગ્સની કળાનું રસદર્શન કરાવનાર ચિત્ર સમીક્ષકો છે, પણ એના રસાનુભવનું સ્વરૂપ અને એના મૂલ્યાંકનનાં ધોરણો એવી રીતે પુનર્નિર્ધારિત થવાં જોઈએ કે એ સમગ્ર દશ્ય-કળાઓ, સ્વયં ચિત્રકળા અને સામાન્યતઃ લલિતકળાના કૃતિકર્મને આવરી લેતા હોય. રાજસ્થાન પ્રદેશ વિશેષ તરીકે, ગુફાઓનાં ચિત્રાંકનો અને મૂર્તિ વિધાનનાં કેટલાંક લક્ષણો : આ ત્રણ વાનાંને સમાવતો અને પરમરસબિંદુની પરખ કરાવતો સિદ્ધાંત જરૂરી છે.

સ્થાપત્યકળા આમ તો ઉપયોગી કળા યા Lesser Art જેવી કળા ગણાય, પરંતુ એમાં પ્રતીકાત્મકતા ઊભી કરવાનું અજબ સામર્થ્ય રહેલું છે, એટલે સ્થાપત્યકળા પ્રતીકાત્મક સંદેશ આપવામાં કેટલી અને કેવી સફળ છે એ સદાયે લક્ષમાં રહેવું જોઈએ. સ્થમ્ભ, સ્તૂપ, વિહાર, રાજમહેલ, દેવાલય, વીથિકા કૂપ, ઉદ્યાન જેવાં અનેક રૂપોમાં એ જે તે સમાજની મૂલ્યદષ્ટિનો પરિચય આપે છે. ઉપયોગિતા સાથે એ ઘણી સર્જનાત્મક રસચર્વણા કરાવી શકે એટલી શક્તિશાળી છે. અઢારમી સદી અને ઓગણીસમી સદી (વિક્ટોરિયન યુગ)માં તો સ્થાપત્ય-કળાને જે તે પ્રજાના શીલ સાથે જોડીને જોવામાં આવતી હતી. વિલિયમ જ્હૉન અને જૅમ્સ ફર્ગ્યુસન જેવા વિદ્વાનોએ એ દિશામાં ઘણું મૂલ્યવંત કાર્ય કર્યું છે. માનવ જીવન આંતરબાહ્ય જીવનદષ્ટિએ એક મૂક પ્રતીકાત્મક ભાષામાં વ્યક્ત કરી શકે છે આધુનિક યુગમાં ‘(આર્કિટેક)નું સ્થાન સામાન્ય નિવાસસ્થાનથી નગર આયોજનો સુધી વિસ્તર્યું છે. વિકસતા – શહેરીકરણમાં દષ્ટિસંપન્ન એટલે કે માનવજીવન અને મનસની સંરચના સમજનારા લોકો જ સ્થાપત્યકળા દ્વારા લય, પ્રમાણ અને સંવાદિતાનાં મૂલ્યોનો મહિમા સમજાવી શકશે.

શિલ્પની કળા સ્થાપત્યની સંગિની અને સહોદરા બનીને સૌંદર્યશીલ માનસના ઘડતરમાં ઘણી સહાય કરે છે. મનુષ્યની ભીતરની સૌંદર્ય ચેતનાને સંકોરવામાં તથા કેવળ ઉદરપોષણની દષ્ટિ એ જ એને સેવનારા કારીગર વર્ગને કલાકાર અને ઘડવૈયા તરીકેનું બેવડું માન અપાવે એવી આ કળાઓ છે, એટલે ખરેખર આ ત્રણે દશ્યકળાઓની સ્વતંત્ર અને અલાયદા કળાકાર દષ્ટિ, ઉપાદાન અને આકૃતિગત વિશેષતાઓને ધ્યાનમાં રાખી સિદ્ધાંતરૂપે એની પ્રક્રિયા અને પરિણતીના જ્ઞાનમાં અને અનુભાવનમાં પણ વૃદ્ધિ કરે એવા મૂલ્યાંકનલક્ષી રસસિદ્ધાંતની જરૂર છે.

ગુજરાતમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજીની અનુશાસનત્રયી સુવિખ્યાત છે. એમણે કાવ્યશાસ્ત્રના સંદર્ભમાં ‘કાવ્યાનુશાસન’માં એની ચર્ચા કરીને ગુજરાતમાં એક સીમાચિહ્ન રોપ્યું છે. ભરતમુનિ અને અભિનવગુપ્તની ‘અભિનવભારતી’ પછીનું આ મહાન કલાવિષયક વિમર્શનું ખાસ કરીને સાહિત્ય (કાવ્ય) શાસ્ત્રનું એક ઉત્તમ દર્શન છે. અભિનવગુપ્ત સમક્ષ આનંદવર્ધનની (ધ્વન્યાલોક)ની ધ્વનિ-ચર્ચા પણ હતી. ‘ધ્વનિ’ સિદ્ધાંતથી કાવ્યમીમાંસા વધુ સુસંગત બની, કારણ કે શબ્દ અને અર્થની આ કલા રસધ્વનિથી એનું લક્ષ્ય પૂરું પાડી શકે એમ છે, ‘રસ’નું સ્થાન ખરેખર તો સમસ્ત કલાનુભવ માટે છે.

રસની નાટ્યશાસ્ત્રગત મીમાંસામાં ‘શાંત’ યા ‘ઉપશમ’ ભાવની ચર્ચા નથી. આઠ સ્થાયીભાવમાં પણ ‘શાંત’ રસના સ્થાયીભાવની ચર્ચા નથી. ‘શાંતરસ’ ખરેખર તો આઠ રસની બહાર જ રહેવો જોઈએ, પરંતુ મુખ્યત્વે ભારતમાં અને વિશ્વમાં અન્ય સ્થળે ભૌતિકતાનાં બંધનોથી

**અનુસંધાન પૃષ્ઠ ૫૬ ૫૨**

# ભારત અનેક પડકારો વચ્ચે વિશ્વની ટોચની દસ અર્થવ્યવસ્થામાં

**પ્રો. કમલેશ જોશીપુરા**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર ઉદ્યોગ-વ્યાપારક્ષેત્રે કાર્યરત પ્રતિષ્ઠિત સંસ્થા પીએચ.ડી. ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ટરનેશનલ ઇકોનોમિક રિઝાલન્સ રિપોર્ટના અહેવાલ મુજબ કોવિડ મહામારી અને પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય તનાવ વચ્ચે પણ ભારત એકમાત્ર એવો દેશ છે જેણે વિશ્વનાં ટોચનાં ૧૦ અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન સાતત્યસભર રીતે જાળવી રાખ્યું છે. ૨૦૧૯માં છઠ્ઠા સ્થાને રહેલ ભારતે ૨૦૨૧માં પ્રતીતિજનક પ્રગતિ કરી ત્રીજું સ્થાન મેળવ્યું અને હવેના અનુમાનિત સ્થાનની શ્રેણીમાં ૨૦૨૨માં બીજા સ્થાને આવશે તેવો વર્તારો કુલ સ્થાનિક ઉત્પાદન (જી.ડી.પી.) નિકાસ, કરંટ એકાઉન્ટ બૅલેન્સ સહિત પાંચ જેટલા આયામોનાં વિશ્લેષણાત્મક અવલોકનનાં આધાર પર આ પરિણામ પ્રાપ્ત થયું છે. કૅનેડા પ્રથમ ક્રમે, ભારત બીજા ક્રમે (૨૦૨૨) ત્યાર બાદ ઇટાલી, જાપાન, અમેરિકા વગેરે અર્થવ્યવસ્થાઓનો ક્રમ છે. આ બાબતથી વિપરીત ચીન, ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, બ્રાઝિલ સહિતનાં દેશો ટૉપ ટેનમાં છે, પરંતુ સ્થાન પાછળ ગયું છે. ભારત સરકાર દ્વારા લેવાયેલ અનેક પ્રોત્સાહક પગલાંઓ અને ઔદ્યોગિક વિકાસ માટે અનુકૂળતા સર્જવા લેવાયેલ નીતિવિષયક નિર્ણયોને કારણે ભારતીય અર્થવ્યવસ્થા વૈશ્વિક સ્તરે મજબૂતાઈ સાથે બહાર આવી છે.

આ પ્રકારની તંદુરસ્ત સ્થિતિ જાળવી રાખવા માટે ભારત નાના અને મધ્યમકદનાં ઉદ્યોગો માટે પ્રોત્સાહક પગલાંઓ ઉપરાંત કૃષિ અને ઉત્પાદન ક્ષેત્રને હજુ વધુ પ્રોત્સાહન આપવું તેવું વ્યાપાર ઉદ્યોગનાં અભ્યાસુઓ તેમજ આ તારણ અંતર્ગત અવલોકન કરવામાં આવેલ છે. સુનિશ્ચત છતાં સ્થિતિસ્થાપક અને પરિવર્તનશીલ વિધાયક દૃષ્ટિકોણ સાથેની નીતિનાં કારણોસર આ પરિણામ પ્રાપ્ત થયું છે. જેમાં હજુ પણ વધુ સુદૃઢ પગલાંઓ વધુ સારું પરિણામ આપી શકે તેમ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણ અને વિદેશી સીધુ મૂડી રોકાણ તેમજ ઘરેલું રોકાણકારોનાં સંદર્ભમાં વ્યવસાયગત સુગમતા ઉપરાંત નવોત્થાન(ઈનોવેશન) આ બે બાબતો ઉપર અગ્રતા અપાઈ રહેલ છે તેનાથી ભારતીય અર્થતંત્રને નવું બળ મળી રહેલ છે. કોરોના મહામારી પૂર્વેની પરિસ્થિતિ ક્રમશઃ સુધરી રહી છે, ધી ઇન્ડેક્ષ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શનના આંકડાઓ ઉપર દૃષ્ટિપાત કરતાં ખ્યાલ આવશે કે એપ્રિલમાં ઉત્પાદનક્ષેત્ર ઉત્પાદનની ટકાવારી ૭.૧ ટકા હતી જે રાષ્ટ્રીય આંકડા સંબંધી સંસ્થા મુજબ મે મહિનામાં વધીને ૨૦ ટકા સુધી પહોંચેલ છે, ખાણખનીજ ઉત્પાદન તેમજ પાવર ઉત્પાદન ૨૩.૫ ટકા સુધી પહોંચી વૃદ્ધિ દર્શાવે છે.

ભારતીય સમવાયતંત્રનું સ્વરૂપ જોતાં દેશની સક્ષમતાનો આધાર રાજ્યોની પરિસ્થિતિ ઉપર સ્વાભાવિક મહદંશે છે તે સ્થિતિમાં કેન્દ્ર સરકારે રાજ્યોને નાણાકીય તરલતા જળવાઈ રહે તે અર્થે રાજ્યોની નાણાના કર્જ લેવાના પ્રમાણને અગાઉની લોન ભરાઈ કરવાની રકમ સામે સરભર કરવાની એટલે કે લોનની બાકી રકમ ભરપાઈ કરવા અર્થે "ઑફ બજેટ લોન"નાં ધારાધોરણોમાં થોડી મોકળાશ કરી નિયમો થોડા ઓછા કડક કર્યા છે, આનાથી રાજ્યોને નાણાકીય સ્થિતિ સંદર્ભે થોડી સરળતા રહેશે.

સ્વ. અરુણ જેટલી સ્મૃતિવ્યાખ્યાનમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી શ્રી નરેદ્ર મોદીએ વિકાસની પ્રક્રિયામાં સર્વસમાવેષક નીતિ ઉપર ખાસ ભાર મૂકતાં જણાવ્યું છે કે વિકાસની પ્રક્રિયામાં ખાનગી કે નિજીક્ષેત્રની પૂરી હિસ્સેદારી ખૂબ જ અગત્યની છે. સર્વસમાવેષકનીતિ દ્વારા વિકાસ અને વિકાસ દ્વારા સર્વસમાવેષક ધ્યેય હાંસલ કરવા અર્થે પ્રત્યેક ક્ષેત્રની હિસ્સેદારી ખૂબ જ અગત્યની છે.

ઉદ્યોગજગતનાં માધ્યમથી રોજગારીની તકો વધારવા માટે સવિશેષ રીતે નિમ્ન કૌશલ્ય અને અર્ધકુશળ શ્રમશક્તિને ઉત્પાદન પ્રક્રિયામાં જોડી અને બાદમાં કૌશલ્યવર્ધન દ્વારા આ વિરાટ શ્રમશકિતને અર્ધકુશળમાંથી કુશળમાં પરિવર્તિત કરી શકાય જે ઉદ્યોગો માટે શ્રેષ્ઠ અસ્કયામત બની શકે તેમ છે. સવિશેષ રીતે અનૌપચારિક અને અસંગઠિત શ્રમિકક્ષેત્રની વિપુલતા જોતાં આ વિરાટ શ્રમશક્તિમાં કૌશલ્યવર્ધન કરાય તો તે એક નવી તાકાત તરીકે ઊભરી આવશે અને આ પ્રકારની તક વૈશ્વિકસ્તરે માત્ર અને માત્ર ભારત પાસે જ છે

તે ભૂલવા જેવું નથી. ઉત્પાદકતા વધારવા માટે ઉત્પાદનક્ષમતાનાં વિકાસ અર્થે પ્રોત્સાહક પગલાંઓને ઉત્પાદન સાથે જોડવાથી ખૂબ જ સારાં પરિણામો પ્રાપ્ત થયાં છે. ધી ઇન્ડિયન રિન્યુએબલ ડેવલપમેન્ટ એજન્સીએ રિન્યુએબલ એનર્જી સેકટરમાં લઘુ અને મધ્યમકક્ષાનાં ઉદ્યોગોને વધુ પ્રોત્સાહિત કરી જોડવાની કરેલી જાહેરાત પણ આ ક્ષેત્રને વધુ મજબૂતાઈ બક્ષશે કારણ વૈશ્વિકપ્રવાહો જોતાં આ ક્ષેત્ર દિનપ્રતિદિન વિકસિત થઈ રહેલ છે.

પશ્ચિમી રાજ્યોની સરખામણીમાં ભારતીય શ્રમ ઓછી કિંમતે વિપુલમાત્રામાં પ્રાપ્ય છે. આ એક મહત્ત્વના કારણ ઉપરાંત વધુ માત્રામાં પ્રાપ્ય કુશળ શ્રમશકિત અને વિવિધ સરકારી યોજનાઓને કારણે ઉત્પાદનક્ષેત્ર (મેન્યુફેકચરિંગ સેકટર)માં ખૂબ જ તેજી આવી છે અને ૨૦૨૨નાં નાણાકીય વર્ષમાં ઉત્પાદન - નિકાસનાં ક્ષેત્રમાં ૪૦ ટકા જેટલી વૃદ્ધિ થયેલી છે. ગ્લૉબલ કન્સલ્ટન્સી ફર્મ બેઈન ઍન્ડ કંપનીના વર્તારા મુજબ ૨૦૨૮ સુધીમાં ખાસ કરીને ફાર્મા ઉદ્યોગ, કેમિકલ ઉદ્યોગ, મશીનરી, ટેક્ષટાઈલ તૈયાર કપડાં, ઓટોમોટિવ સહિતનાં ક્ષેત્રો ઘરેલું ઉત્પાદન નિકાસમાં કલ્પનાતીત પ્રગતિ કરશે. અલબત્ત, આ સિદ્ધિ હાંસલ કરવા માટે ભારતીય કંપનીઓ સ્પષ્ટ અને સુરેખ નિકાસનીતિ અપનાવશે તો ચોક્કસ પરિણામ પ્રાપ્ત થશે. આમ પણ વૈશ્વિક નિકાસમાં ફાળો અપેક્ષાકૃત નથી અથવા ઓછો છે, પરંતુ ભારતીય ઉત્પાદનક્ષેત્ર ભારતનો ક્રમ છઠ્ઠા નંબરે છે, આ ક્ષેત્ર જો નિકાસ ઉપર વિશેષ ધ્યાન આપશે તો ચોક્કસ ઇચ્છિત વિકાસ લક્ષ્યાંક હાંસલ થશે.

સમગ્ર રીતે કોવિડ મહામારી પછીના સમયગાળામાં વ્યાપાર-ઉદ્યોગક્ષેત્રે થોડી સારી સ્થિતિ બનવાનું શરૂ થયેલ છે અને આશા રાખીએ આગામી સમયમાં આ વલણ બની રહે. રાહતની બાબત એ છે કે બ્લુમબર્ગના સર્વે મુજબ પશ્ચિમી દેશો, એશિયાનાં કેટલાક અન્ય દેશોમાં મંદીની શક્યતાની વિવિધ સંભાવનાઓ (ટકાવારી) છે પણ ભારત આ સ્થિતિમાં પણ મંદીની સ્થિતિમાં નહીં જ જાય તેવો વર્તારો કરેલ છે. (સંદર્ભ ૨૬ જુલાઈ) આ જ બતાવી આપે છે કે ભારતીય અર્થતંત્ર સક્ષમ અને મજબૂત છે. સમગ્ર રીતે સંસદ સમક્ષ તાજેતરમાં નાણામંત્રીએ ભારતીય અર્થતંત્ર સંદર્ભે આપેલી વિગત તથ્યો અને હકીકત ઉપર આધારિત છે એ વાત સ્પષ્ટ છે.

**ડૉ. કમલેશ જોશીપુરા**
ચૅરમૅન,
લિગલ રિસર્ચ ફાઉન્ડેશન
મો. ૯૮૨૪૨૧૨૦૩૩

---

**અનુસંધાન પૃષ્ઠ ૫૪નું ચાલુ**

મુક્ત જીવનનો આદર્શ પણ સ્વીકારાયો છે એનું લક્ષ્ય બધા રાગનુરાગોથી સર્વથા મુક્ત નિરાસક્તભાવમાંથી પેદા થતી ઉપશમની અવસ્થા! આ અવસ્થા જ ‘શાંત’ અવસ્થા છે. એનો પણ વિશાળ પ્રદેશ છે એ પરમાનંદમાં લીન કરી દેનારી અવસ્થા છે, એટલે પરમ ચૈતન્યમાં ડૂબેલા અને સાંસારિક આસક્તિઓથી મુક્ત એવા જીવનને લક્ષ્યતાં કાવ્ય-કલા માટે કહેવાયું છે કે :

**विश्रान्ति यस्य सम्भागे सा कला न सा कलामता ।**
**लीयते परमान्दे भवात्मा सा पराकला ॥**

‘પરાકલા’ના આ સિદ્ધાંતને આપણે નાટ્યશાસ્ત્ર, અભિનવગુપ્ત અને આનંદવર્ધનની કાવ્યમીમાંસા સાથે ગ્રહી શકીએ એમ નથી, પણ એને આ લૌકિકકલાની મીમાંસામાં જ સમાવિષ્ટ કરી શકીએ કદાચ, એટલે જ આઠ રસોની ચર્ચામાં જ નવમા રસ તરીકે ‘શાંત’ રસનો (સ્થાયીભાવ ઉપશમ, યા ‘નિર્વેદ’) સમાવેશ કરવામાં એક પ્રકારની ઔચિત્યબુદ્ધિ છે. અલબત્ત, ‘તપશ્ચરણની તિતિક્ષા, ભયમાત્રથી મુક્તિ અને અહંકારજન્ય આત્મસ્થાપનાઓની જુગુપ્સા વગેરે સમાઈ શકે અને આઠેય રસોના લૌકિક સ્વરૂપને સૂક્ષ્મ આધ્યાત્મિક આંતર જીવનના સંદર્ભે વધુ તર્કપૂર્ણ સંગતિ આપી શકાય.

અંતે આપણી કાવ્યમીમાંસા આજે પણ વધુ વિશાળ સૌંદર્યમીમાંસા માગે છે એ ભારતના ધાર્મિક જીવનના સંદર્ભે કલાગત માનદંડો માટે ચિંતનને આમંત્રે છે તથા સમગ્ર જીવનની ચૈતસિક ઉત્ક્રાંતિના સંદર્ભે વધુ વિશાળ મનસનાં ઉચ્ચસ્તરોને સ્પર્શે એવી સૈદ્ધાંતિક ભૂમિકાની અપેક્ષા સેવે છે. ભારતે ધ્યાની મનસ અને સૌંદર્યપરાયણ મનસની ભૂમિકા સ્પષ્ટ કરી છે; હવે આ બંને મનસની સ્વરૂપગત લાક્ષણિકતાઓ જેમાં સમાઈ શકે એવા ઉચ્ચતર મનસને અનુરૂપ એક સૌંદર્ય યા રસસિદ્ધાંત રચાય એવું ઇચ્છીએ

**પ્રા. ડૉ. દિનુભાઈ એમ. શાહ**
૧૦૩, સુખધામ ફ્લેટ્સ
મ્યુનિસિપલ માર્કેટ સામે. નવરંગપુરા
મો. ૯૩૨૮૪૩૫૯૨૧

# બે પદાર્થોનો પ્રશ્ન

# (The Two-Body Problem)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

આપણે કેન્દ્રગામી બળની અસર નીચે પદાર્થની ગતિનો અભ્યાસ કર્યો. ન્યૂટનના ગતિના ત્રણ નિયમોએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે. એમાંયે બીજો નિયમ તો ખૂબ જ ઉપયોગી છે. ન્યૂટન હવે આ બધાનો ઉપયોગ કરીને ખરા પ્રશ્નોના ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે. જેવા કે સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે. આપણે બંનેની ભ્રમણકક્ષાઓ જાણીએ તો પ્રશ્નોના જવાબ મળે.

ન્યૂટન બે પરસ્પરિક અસરો કરતા બે પદાર્થોના પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરે છે. આ બે પદાર્થો તેમના દ્રવ્યમાન કેન્દ્રની (Center of Mass) આસપાસ ફરે છે. જ્યાં સુધી બહારના બળો ન લાગતા હોય ત્યાં સુધી આ દ્રવ્યમાન કેન્દ્ર સ્થિર છે અથવા સુરેખામાં એક ધારી ગતિથી સુરેખામાં મુસાફરી કરે છે. આપણે અનુકૂળતા માટે ધારી લઈએ કે ચોખટાના સંદર્ભમાં (Frame of Reference) દ્રવ્યમાન કેન્દ્ર સ્થિર છે.




બે દ્રવ્યો (પદાર્થો) $M_1$ અને $M_2$ વચ્ચે અંતર L છે. બે દ્રવ્યોનું દ્રવ્યમાન કેન્દ્ર $M_1$ થી $\left(\frac{M_2}{M}\right)L$ અંતરે અને દ્રવ્ય $M_2$ થી $\left(\frac{M_1}{M}\right)L$ અંતરે છે. અહીંયાં $M = M_1 + M_2$ છે.

**પ્રમેય - 57**

Two bodies that attract each other describe similar figures about their common centre of gravity and also about each other.

એકબીજાને આકર્ષતા બે પદાર્થો તેમના સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ પરસ્પર સમાન આકૃતિઓ અને એકબીજાની આસપાસ પણ વર્ણવે છે.

બંને પદાર્થોનું દ્રવ્ય $M_1$ અને $M_2$ છે. બંને વચ્ચેનું આક્રમણ બળ એકથી દિશિત રેખામાં બીજા તરફ નીચેના સ્વરૂપમાં હોવું જરૂરી છે.

$f(M_1, M_2, r_{12})$ $\qquad f > 0$

f, $M_1$ અને $M_2$માં સંમિત (symmetrical) છે અને $r_{12} = |\bar{r}_1 - \bar{r}_2|$ બંને પદાર્થો વચ્ચેનું અંતર છે.

$M_1$ અને $M_2$ ની ગતિઓનું સંચાલન કરતાં સમીકરણો :

$$M_1 \frac{d^2\overline{r_1}}{dt^2} = -f\left(M_1, M_2; r_{12}\right)\frac{\overline{r}_1 - \overline{r}_2}{r_{12}} \qquad (1)$$

અને

$$M_2 \frac{d^2\overline{r_2}}{dt^2} = f\left(M_1, M_2; r_{12}\right)\frac{\overline{r}_1 - \overline{r}_2}{r_{12}} \qquad (2)$$

(1) અને (2) નો સરવાળો કરતાં

$$\frac{d^2}{dt^2}\left(M_1\overline{r_1} + M_2\overline{r_2}\right) = 0$$

ગુરુત્વકેન્દ્ર $\overline{c}$

$$\left(M_1 + M_2\right)\overline{c} = M_1\overline{r_1} + M_1\overline{r_2}$$

$$\therefore \overline{c} = \frac{M_1\overline{r_1} + M_2\overline{r_2}}{M} \text{ જ્યાં } M = M_1 + M_2 \qquad (3)$$

$$\left(M_1 + M_2\right)\overline{c} = M_1\overline{r_1} + M_2\overline{r_2} = \left(M_1 + M_2\right)\overline{V}t + \overline{A} \qquad (4)$$

જ્યાં $\overline{V}$ અને $\overline{A}$ અચળ સદિશો (vectors) છે.

(1) ને $M_2$ વડે ગુણો, (2)ને $M_1$ વડે ગુણો પછી (1) માંથી (2) બાદ કરતાં

$$M_1 M_2 \frac{d^2\left(\overline{r}_1 - \overline{r}_2\right)}{dt^2} = -(M_1 + M_2) f\left(M_1, M_2, r_{12}\right)\frac{\overline{r}_1}{} \qquad (5)$$

$$\therefore \frac{d^2\left(\overline{r_1} - \overline{r_2}\right)}{dt^2} = -\left(\frac{M_1 + M_2}{M_1 M_2}\right) f\left(M_1, M_2, r_{12}\right)\frac{\overline{r_1} - \overline{r}}{r_{12}} \qquad (6)$$




$$\left(M_1 + M_2\right)\overline{R}_{cm} = M_1\overline{r_1} + M_2\overline{r}_2$$

$$\overline{R}_{cm} + \overline{\xi}_1 = \overline{r_1}$$

$$\therefore \overline{\xi}_1 = \overline{r}_1 - \overline{R}_{cm}$$

$$= \overline{r}_1 - \frac{1}{M_1 + M_2}\left(M_1\overline{r}_1 + M_2\overline{r}_2\right)$$

$$= \frac{M_2\left(\overline{r}_1 - \overline{r}_2\right)}{M_1 + M_2} \qquad (7)$$

$$\bar{\xi}_2 = \bar{r}_2 - \bar{R}_{cm} = \bar{r}_2 - \frac{\left(M_1\bar{r}_1 + M_2\bar{r}_1\right)}{M_1+M_2} = \frac{M_1\left(\bar{r}_2 - \bar{r}_1\right)}{M_1+M_2} = \qquad (8)$$

$$\therefore \frac{(M_1+M_2)}{M_2}\bar{\xi}_1 = -\frac{M_1+M_2}{M_1}\bar{\xi}_2 = \left(\left|\bar{\xi}_1\right| - \left|\bar{\xi}_2\right|\right) \qquad (9)$$

Hence $\dfrac{|\xi_1|}{M_2} = \dfrac{|\xi_2|}{M_1} = \dfrac{r_{12}}{M_1+M_2}.$ (10)




આકૃતિ 1(a)




આકૃતિ 1(b)

આકૃતિ 1(a)માં $M_1$ અને $M_2$ (સમાન) મળતા વર્તુળો બનાવે છે અને બન્ને સામસામી બાજુઓમાં છે. અહીંયાં $M_1 > M_2$. જ્યારે $M_1 = M_2$ હોય ત્યારે આકૃતિ 1(b)માં બતાવેલ વર્તૂળ છે, જેમાં બંને વર્તુળો સરખા છે.







આકૃતિ 2 (a)

આકૃતિ 2 (b)

આકૃતિ 2(a)માં $M_1$ અને $M_2$ (સમાન) મળતા ઉપવલયો બનાવે છે.

## પ્રમેય 58

If two bodies attract each other with any forces whatever and at the same time revolve about their common center of gravity, I say that by the action of the same forces there can be described around either body if unmoved a figure Similar and equal to the figures that the bodies so moving decribe around each other.

જો બે પદાર્થો કોઈ પણ પ્રકારના બળોથી એકબીજાને આકર્ષતા હોય અને સાથે સાથે તેમના ગુરુત્વકેન્દ્રની આસપાસ ફરતા હોય તો હું કહું છું કે એ જ બળોના કારણે બેમાંથી કોઈ પણ એક હલનચલન વગરનો હોય તેની આસપાસ ફરતા પદાર્થની ભ્રમણાકક્ષાની આકૃતિ જે અરસપરસ ફરતા પદાર્થની ભ્રમણકક્ષાની આકૃતિના જેવી અને સરખી છે.




બે પદાર્થો P (Planet, ગ્રહ) અને S (sun, સૂર્ય) જેમનું દ્રવ્ય $M_1$ અને $M_2$ છે તેઓ ગુરુત્વકેન્દ્ર Cની આસપાસ ફરે છે. પદાર્થનું દ્રવ્ય $M_1$ છે તે $M_2$ની આસપાસ ફરે છે અને તેની ગતિનું સમીકરણ (૬) :

$$M_1 \frac{d^2\left(\bar{r}_1-\bar{r}_2\right)}{dt^2}=-\frac{M_1+M_2}{M_2} f\left(M_1,M_2;r_{12}\right)\frac{\bar{r}_1-\bar{r}}{r_{12}} \qquad (11)$$

બીજી બાજુ $s$ જેનું દ્રવ્ય $M_2$ છે તે સ્થિર છે તેની આસપાસ આકર્ષણબળથી ફરતા p ની ગતિનું સમીકરણ ($M_1 << M_2$)

$$M_1 \frac{d^2\bar{S}}{dt^2}=-f\left(M_1,M_2;\left|\bar{S}\right|\right)\frac{\bar{S}}{\left|\bar{S}\right|} \qquad (12)$$

જ્યાં $\bar{S}$ $s$ અને p ને જોડતી સદિશ ત્રિજ્યા છે. (11) અને (12)ની સરખામણી કરતાં Pની Sની આસપાસની ભ્રમણકક્ષા જે બંને વચ્ચેના પરસ્પર આકર્ષણના કારણે છે, આને બીજી રીતે કેન્દ્રગામી બળ જે $s$ સ્થિર હોય ત્યારે લાગે છે. જ્યારે સમીકરણ (11) માં બળ અચળ $\frac{M_1+M_2}{M_2}$ નો ગુણક હોઈને, બંને સમીકરણો (11) અને ((12) ની ભ્રમણકક્ષાઓ સમરૂપ અને સામ્ય છે.

આપણે ઉપપ્રમેયો માટે નીચેનાં પરિણામો જરૂરી છે.

(6), (7) અને (9) માંથી

$$M_1 \frac{d^2\bar{\xi}_1}{dt^2} = \frac{M_2}{M_1+M_2}\frac{d^2(\bar{r}_1-\bar{r}_2)}{dt^2} = -\frac{M_2}{M_1+M_2}\frac{M_1+\ldots}{M_1M\ldots}$$

$$\therefore M_1 \frac{d^2\bar{\xi}_1}{dt^2} = -f(M_1, M_2; \frac{M_1+M_2}{M_{12}}|\bar{\xi}_1|)\frac{M_1+M_2}{M_2}\bar{\xi}_1\frac{M\ldots}{M_1+\ldots}$$

$$= -f(M_1, M_2; \frac{M_1+M_2}{M_2}|\bar{\xi}_1|)\frac{\bar{\xi}_1}{|\bar{\xi}_1|} \qquad (13)$$

આપણે $\bar{\xi}_1 = \frac{M_2}{M_1+M_2}\bar{x}$ અને $T = t(\frac{M_1+M_2}{M_2})^{1/2}$ (14)

(13) માં લઈએ

$$\frac{d\bar{\xi}_1}{dt} = \frac{d\bar{\xi}_1}{dT}\frac{dT}{dt} = \left(\frac{M_1+M_2}{M_2}\right)^{1/2}\frac{d\bar{\xi}_1}{dT}$$

$$\frac{d}{dt}\left(\frac{d\bar{\xi}_1}{dt}\right) = \frac{d}{dT}\left(\frac{d\bar{\xi}_1}{dT}\right)\frac{dT}{dt}\left(\frac{M_1+M_2}{M_2}\right)^{1/2} = \frac{M_1+M\ldots}{M_2}$$

$$= \frac{M_1+M_2}{M_2}\frac{M_2}{M_1+M_2}\frac{d^2\bar{x}}{dT^2}$$

$$\therefore M_1\frac{d^2\bar{x}}{dT^2} = -f\left(M_1, M_2; |\bar{x}|\right)\frac{\bar{x}}{|\bar{x}|} \qquad (15)$$

જે (12)ના બરાબર હોઈને

$$\bar{S}(t) = \bar{x}(T) = \frac{M_1+M_2}{M_2}\bar{\xi}_1\left(t\sqrt{\frac{M_2}{M_1+M_2}}\right) \qquad (16)$$

આથી $M_2$ જે સ્થિર છે તેના કેન્દ્રગામી આકર્ષણ $M_1$ જે ભ્રમણકક્ષાએ ફરે છે તેના જેવી ભ્રમણકક્ષા $M_2$ ની છે જે ગુરુત્વકેન્દ્ર c ની આસપાસ પરસ્પર આકર્ષણના કારણે છે.

ઉપપ્રમેય 1 : Hence (By Theoram ૧૦) two bodies, attracting each other with forces proportional to their distance, describe concentric ellipses, both around their common center of gravity and also around each other; and, conversely, if such figures are described.

બે પદાર્થો એકબીજાને બંને વચ્ચેના અંતરના પ્રમાણસર બળથી આકર્ષતા હોય ત્યારે તેમની ભ્રમણકક્ષાઓ સમકેન્દ્રીય ઉપવલયો છે જેનુ કેન્દ્ર તેમનું ગુરુત્વકેન્દ્ર છે અને તેઓ એકબીજાની આસપાસ છે, અને આથી ઉલટું જો આવી વર્ણાત્મક આકૃતિઓ હોય તો...

ઉપપ્રમેય 2 : And (by Props. ૧૧, ૧૨ and ૧૩) two bodies, under the action of forces inversely proportional to the square of the distance, describe - around their common center of gravity and also around each other - conics having their focus in that center about which the figures are described, And, conversely, if such figures are described, the centripetal forces are inversely proportional to the square of the distance.

અને બે પદાર્થો તેમના અંતરના વર્ગના વ્યસ્તના પ્રમાણસર બળના પ્રભાવ નીચે હોય ત્યારે તેમની ભ્રમણકક્ષાઓ તેમના સહીઆરા ગુરકેન્દ્રની આસપાસ અને તેમની દરેકની આસપાસ શાંકવો જેની નાભિ જે કેન્દ્રની આસપાસ ભ્રમણકક્ષાઓ ફરે છે તે છે, અને આથી ઊલટું જો આવી આકૃતિઓ વર્ણવી હોય, કેન્દ્રગામીબળો અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

પ્રમેય 60 : If two bodies S and P, attracting each other with forces inversely proportional to the square of their distance, revolve about their common centre of gravity : I Say, that the prinsipal axis of the ellipse which eiher of the bodies, as P describes by the motion about the other S, will be to the principal axis of the ellipse, which the same body P may describe in the same periodic time about the other body S fixed, as the Sum of the two bodies S + P to the first of two mean proportionals between that sum and the other body S.

જો બે પદાર્થો S અને P વચ્ચેનું એકબીજાનું આકર્ષણ આ બે પદાર્થો વચ્ચેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં લાગતા બળના પ્રમાણસર છે અને આ બંને પદાર્થો તેમના સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ ગોળ ગોળ ફરે છે : હું કહું છું કે બંને પદાર્થોમાંથી કોઈ એક જેમ કે, Sની આસપાસ Pની ગતિના કારણે બનાવતા ઉપવલયનો મુખ્ય અક્ષ, સ્થિર Sની આસપાસ Pની ગતિના કારણે એક સરખા આવર્તકાળમાં બનતા ઉપવલયના મુખ્ય અક્ષથી બનતો ગુણોત્તર S + P અને Sના માધ્યમ સમપ્રમાણમાં (mean proportional) છે.

નોંધ : x અને y, a અને b ના સમપ્રમાણમાં હોય તો

$$\frac{a}{x}=\frac{x}{y}=\frac{y}{b} \; or \; x^2=ay \text{ અને } y^2=bx.$$

$$\text{આથી } bx^3=ay^3 \text{ અથવા } x/y=\sqrt[3]{\frac{a}{b}} \text{ થાય.}$$

બંને પદાર્થો S અને P વચ્ચેના આકર્ષણબળ બંને વચ્ચેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોઈને

$$f\left(M_1, M_2, r_{12}\right)=\frac{M_1 M_2}{r^2_{12}} \text{ છે.}$$

(૧૧) માં $\bar{r}_1=\bar{R}+\bar{r}_2$ અને $f\left(M_1, M_2, r_{12}\right)=\frac{M_1 M_2}{r^2_{12}}$ મૂકતાં

$$\frac{d^2\bar{R}}{dt^2}=\frac{M_1+M_2}{M_1 M_2}\frac{M_1 M_2}{|\bar{R}|^2}\frac{\bar{R}}{|\bar{R}|}=-\left(M_1+M_2\right)\frac{\bar{R}}{|\bar{R}|^3}. \quad (17)$$

બીજી બાજુ S જેનું દ્રવ્ય $M_2$ છે તે સ્થિર છે. તેની આસપાસ આકર્ષણબળથી ફરતા P ની ગતિનું સમીકરણ

$$\frac{d^2\overline{S}}{dt^2}=-\frac{M_2\overline{S}}{\left|\overline{S}\right|^3}$$ છે. (8)

પ્રમેય 15થી ઉપવલયી ભ્રમણકક્ષાનો આવર્તકાળ તેનો અર્ધ મુખ્ય અક્ષ a હોઈને $2\pi a^{3/2}$ છે. આથી (17) અને $(10)_2$ ભ્રમણકક્ષાઓના આવર્તકાળ નીચે પ્રમાણે છે.

$$T_R=2\pi\frac{a_R^{3/2}}{(M_1+M_2)^{1/2}}$$ અને $$T_s=\frac{2\pi a_s^{3/2}}{M_2^{1/2}}.$$

જો $T_R = T_S$ હોય, તો $$\frac{a_R^{3/2}}{(M_1+M_2)^{1/2}}=\frac{a_S^{3/2}}{M_2^{1/2}}.$$

આથી $$\frac{a_R}{a_s}=\sqrt[3]{\frac{M_1+M_2}{M_2}}.$$

જો $a_R=a_S$ હોય, તો $$T_R/T_S=\sqrt{\frac{M_2}{M_1+M_2}}$$

પ્રમેય 61 : If two bodies attracting each other with any kind of forces, and not otherwise acted on or impeded, move in any way whatever, their motions will be the same as if they were not attracting each other, but were each being attracted with the same forces by a third body set in their common center of gravity, And the law of attracting forces will be the same with respect to the distance of the bodies from that common center and with respect to the total distance between the bodies.

જો બે પદાર્થો કોઈ પણ જાતના બળથી આકર્ષતા હોય અને તેમને કોઈ પણ અવરોધ કરનારા બળો લાગતા ન હોય, તે પદાર્થો કોઈ પણ રીતે ફરે છે, એમની ગતિ એવી રહેશે કે જે એકબીજાને આકર્ષતા નથી, પણ બંને પદાર્થો ગુરુત્વકેન્દ્રએ મૂકેલા ત્રીજા પદાર્થથી સરખા બળથી આકર્ષાશે અને આકર્ષક બળોનો કાયદો સામાન્ય કેન્દ્રથી પદાર્થોના અંતરોના સંદર્ભે સરખો જ છે, એ જ રીતે બંને પદાર્થો વચ્ચેના અંતરોના સંદર્ભે છે.

આપણે $\xi_1$ની ગતિ માટે સમીકરણ (13) અને એના જેવું $\xi_2$ નું સમીકરણો જાણીએ છીએ જે

$$M_1\frac{d^2\xi_1}{dt^2}=-f\left(M_1,M_2\frac{M_1+M_2}{M_2}\overline{\xi_1}\right)\frac{\overline{\xi}_1}{\left|\overline{\xi}_1\right|}$$

અને

$$M_2\frac{d^2\xi_2}{dt^2}=-f\left(M_1,M_2,\frac{M_1+M_2}{M_1}\left|\overline{\xi_2}\right|\right)\frac{\overline{\xi}_2}{\left|\overline{\xi}_2\right|}$$

છે. આ સમીકરણો આ પ્રમેયના પહેલા ભાગની જ સાબિતી છે.

## પ્રમેય 15

ઉપવલય : $\frac{x^2}{a^2}+\frac{y^2}{b^2}=1$ જ્યાં $b=a\sqrt{1-e^2}$

નાભિલંબ $L: F(ae,o)$માંથી દોરેલો લંબ, નાભિલંબ છે.

$$\frac{y^2}{b^2}=1-\frac{x^2}{a^2}=1-\frac{a^2e^2}{a^2}=1-e^2$$

$$\therefore\ y=b\sqrt{1-e^2}={b^2}/{a} \qquad \therefore L=\frac{2b^2}{a}$$

ઉપવલયના ક્ષેત્રફળ = $\pi ab=\pi a\sqrt{\frac{La}{2}}=\pi a^{3/2}\sqrt{L/2}$

આવર્તકાળ = $\frac{\text{ક્ષેત્રફળ}}{\text{ક્ષેત્રફળ વર્ણવાનો દર}}$ = $\frac{\pi a^{3/2}\sqrt{L/2}}{dA/dt}$

આપણે અગાઉ સાબિત કરેલું કે $dA/dt=\frac{1}{2}\sqrt{L/2}$

$$\therefore\ \text{આવર્તકાળ} = \frac{2\pi a^{3/2}\sqrt{\frac{L}{2}}}{\sqrt{\frac{L}{2}}}=2\pi a^{3/2}$$

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે :


(1) Chandrasekhar S. Newton's Principia for the common Reader, Oxford Clarendon Press, 1995.

(2) Cohen I. A guide to Newton's Principia. Berkeley, University of Califronia Press, 1999.



**– વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર

મો. 94280 19042

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**સાર્વજનિક ગ્રંથાલયોની વિકાસરેખા અને ભારતના વિવિધ રાજ્યોના ગ્રંથાલય ધારાઓ. / ડૉ. કનકબાળા અરવિંદકુમાર જાની.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૯. ૪૭૨ પૃ. કિં. રૂ. ૬૦૦. ISBN : ૯૭૮-૯૩-૫૧૦૮-૭૧૬-૮.

પ્રાયઃ ૨૧મી સદીના પ્રારંભથી પીએચ.ડી. ડિગ્રી હેતુ શોધપ્રબંધો તૈયાર કરવામાં ઘોડાપુર આવ્યું છે. અને આ સાથે જ આપણી યુનિવર્સિટીઓ, અનુસ્નાતક વિભાગો અને માર્ગદર્શક અધ્યાપકો પણ અમે આટલા પીએચ.ડી. produce કર્યા તે આંકડામાં ગર્વ અનુભવતાં જોવા મળે છે – અલબત્ત અપવાદ બાદ કરતાં. આ શોધપ્રબંધો પૈકી કેટલા શોધપ્રબંધો પ્રકાશનની ક્ષમતા ધરાવે છે કે કેટલા પ્રકાશિત થયા છે તેમાં ડોકિયું કરવામાં આવે તો તેની વાસ્તવિકતાનો ખ્યાલ આવી શકે. આ એક શોધનો વિષય બની રહે છે. પ્રવર્તમાન સમયની આ વાસ્તવિક સ્થિતિમાં સમીક્ષિત ગ્રંથનાં લેખિકા ડૉ. કનકબાળા જાની અભિનંદનનાં અધિકારી બની રહે છે કે જેમણે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં પ્રસ્તુત શીર્ષક હેઠળ શોધપ્રબંધ રજૂ કરીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવ્યા બાદ તેનું પ્રાયઃ મૂળસ્વરૂપે જ (પ્રારંભિક એકાદ-બે પ્રકરણો બાદ કરતાં) પ્રકાશન કરાવ્યું છે. આ ગ્રંથ સુનિયોજિત ૮ પ્રકરણોમાં વિભાજિત છે. આ સાથે જ વિસ્તૃત શાસ્ત્રીય વાઙ્મયસૂચિ તથા દૃષ્ટિપૂત ૫ પરિશિષ્ટો, જેમકે ગુજરાત ગ્રંથાલય ધારો : ઇતિહાસની અટારીઓથી, ભારતના ગ્રંથાલય અને આનુષંગિક ધારાઓ/કાનૂનો, ડૉ. રંગનાથનું વિવિધ રાજ્યોના ગ્રંથાલય ધારાઓના ઘડતરમાં પ્રદાન વગેરે આપવામાં આવવાં આવ્યાં છે, જે વિશેષ ઉલ્લેખનીય છે.

ભારતનાં વિવિધ રાજ્યોના સાર્વજનિક ગ્રંથાલય ધારાઓના તુલનાત્મક અને વિવેચનાત્મક અભ્યાસના પ્રારંભે સાર્વજનિક ગ્રંથાલય એટલે શું ? તેની વિભાવના, હેતુઓ, કાર્યો, મહત્ત્વ વગેરે વિશે દેશ-વિદેશનાં શિક્ષણપંચો, ગ્રંથાલય સમિતિઓ, યુનેસ્કોનો સાર્વજનિક ગ્રંથાલય ઢંઢેરો વગેરેનાં ગ્રંથાલય વિશેનાં મંતવ્યોના પરિપ્રેક્ષ્યમાં સમજૂતી આપવામાં આવી છે. ત્યાર બાદ વૈશ્વિક, ભારતીય અને ગુજરાત સ્તરે ગ્રંથાલય પ્રવૃત્તિની કાળક્રમાનુસાર વિકાસરેખા સંક્ષેપમાં છતાં સાધાર ઉજાગર કરી આપી છે. અહીં પ્રમુખ ઘટનાઓ અને વળાંકોની કાળજીપૂર્વક નોંધ લેવામાં આવી છે. વૈશ્વિકસ્તરની ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસ અંતર્ગત વિશ્વમાં સૌપ્રથમ ઇંગ્લૅન્ડમાં ૧૮૫૦માં ગ્રંથાલયધારો પસાર થવો અને આ માટે બ્રિટિશ મ્યુઝિયમ લાઇબ્રેરીના મદદનીશ ગ્રંથપાલ એડવર્ડ એડવર્ડના નોંધપાત્ર ફાળાની નોંધ લીધી છે, જે ધ્યાનાર્હ બની રહે છે. આ જ રીતે ભારતની પ્રાચીન અને મધ્યકાળની ગ્રંથાલય પ્રવૃત્તિ વિગતે વર્ણવ્યા બાદ અર્વાચીનયુગ અંતર્ગત સ્વતંત્રતા પૂર્વે અને સ્વાતંત્ર્યોત્તરયુગીન વિકાસ અંતર્ગત પંચવર્ષીય યોજનાઓ, વિવિધ આયોગો, રાજા મનોહર લાઇબ્રેરી ફાઉન્ડેશન, રાષ્ટ્રીય ગ્રંથાલય અને દિલ્હી પબ્લિક લાઇબ્રેરી, નેશનલ નોલેજ કમિશન અને ગ્રંથાલયો વગેરેના પરિપ્રેક્ષ્યમાં વિચાર-વિમર્શ કર્યો છે. સ્વતંત્રતા પૂર્વે દેશી રજવાડાં, મુંબઈ પ્રાંત (અંગ્રેજો શાસિત પ્રદેશ), વડોદરા રાજ્યની ગ્રંથાલય પ્રવૃત્તિ અને સ્વાતંત્ર્યોત્તરકાલીન સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ, હાલમાં અસ્તિત્વ ધરાવતાં વિવિધ પ્રકારનાં સાર્વજનિક ગ્રંથાલયો, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, અનુદાનના નિયમો વગેરે વિશેની માહિતી ૭૦થી અધિક સંદર્ભો સાથે આપવામાં આવી છે, જે ધ્યાનાર્હ બની રહે છે. સાર્વજનિક ગ્રંથાલય બાદ કાયદાની વિભાવના - કાયદાની મૂળગામી ચર્ચામાં અને ગ્રંથાલય ધારાની તાત્ત્વિક ચર્ચામાં લેખિકાના કાનૂની વિદ્યાક્ષેત્રના જ્ઞાન અને રસરુચિનાં સહજમાં દર્શન થાય છે. સાર્વજનિક ગ્રંથાલય ધારાની ચર્ચા અંતર્ગત આ ધારાના હેતુઓ, લક્ષણો, ધારાની આવશ્યકતા, અમલીકૃત ધારાઓના મુખ્ય પ્રશ્નો, જેમ કે અપર્યાપ્ત નાણાંકીય જોગવાઈઓ, રાજ્યમાં સુયોગ્ય સાર્વજનિક ગ્રંથાલય પ્રણાલીના માળખાનો અભાવ, ધારાની બિનઅસરકારકતા, ભારતના બંધારણમાં શિક્ષણને રાજ્યોના અધિકાર હેઠળ મુકવામાં આવેલ હોવાથી રાજ્યો દ્વારા પોતપોતાની અનુકૂળતા મુજબ ધારાઓ ઘડીને પસાર કરવા અને ક્વચિત્ પસાર કરીને અમલ ન કરવો વગેરે, તેમજ આઝાદીનાં ૭૫ વર્ષ બાદ પણ ઘણાં ખરાં રાજ્યોમાં ધારો પસાર ન થવો અથવા પસાર થયેલ ધારાઓમાં પણ વિસંગતતાઓ હોવી અને તેના પરિણામે એક જ દેશનાં નાગરિકો એકસમાન લાભથી વંચિત રહેવા વગેરે

વિશે અહીં તાત્ત્વિક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે.

'ભારતનાં રાજ્યોમાં સાર્વજનિક ગ્રંથાલય ધારાઓ' શીષક હેઠળના પ્રકરણમાં વર્ષ ૧૯૪૫થી પ્રસ્તુત અભ્યાસના વર્ષ ૨૦૦૮ સુધી પસાર થયેલા કુલ ૧૮ રાજ્યોના ધારાઓનો કાળક્રમાનુસાર અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. ભારતનાં રાજ્યો પૈકી સૌપ્રથમ કોલ્હાપુર રાજ્ય દ્વારા ૧૯૪૫માં 'કોલ્હાપુર રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય ધારો ૧૯૪૫' અને હૈદરાબાદ રાજ્ય સાર્વજનિક ગ્રંથાલય ધારો ૧૯૫૫માં પસાર કરવામાં આવ્યા હતા. આઝાદી બાદ કોલ્હાપુર રાજ્યને મહારાષ્ટ્ર રાજ્યમાં અને હૈદરાબાદ રાજ્યને પ્રાયઃ આંધ્રપ્રદેશ રાજ્યમાં ભેળવી દેવામાં આવતાં આ બંને ધારાઓનો સંક્ષેપમાં પરિચય આપવામાં આવ્યો છે, જ્યારે બાકીના ૧૬ રાજ્યો, જેમ કે તામિલનાડુ (૧૯૪૮), આંધ્રપ્રદેશ (૧૯૬૦), કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઉત્તરપ્રદેશ (૨૦૦૬), ઉત્તરાંચલ (૨૦૦૮), વગેરે રાજ્યોના ધારાઓની કલમોનો ધારામાં વિભાજિત કર્યા અનુસારનાં પ્રકરણોમાં મુદ્દાનુસાર સુરેખ પરિચય કરાવ્યો છે. આ અભ્યાસની વિશેષ ધ્યાનાર્હ બાબત એ છે કે પ્રત્યેક રાજ્યના ધારાના પરિચયના પ્રારંભમાં જે તે રાજ્યની ઐતિહાસિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિની તેમજ ધારો પસાર થવા પૂર્વેની મથામણોની ઝલક દર્શાવવા ઉપરાંત પ્રત્યેક રાજ્યના ધારાની વિશેષતાઓ અને મર્યાદાઓ વિગતે અને મોકળાશથી તારવી આપી છે, જેમાં સંશોધિકાનો પ્રત્યેક ધારાનો સઘન અભ્યાસ અને ઊંડી સમજનાં સહજમાં દર્શન થાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ઉત્તર પ્રદેશના ધારાની ૧૦ મર્યાદાઓ તરફ આંગળી ચીંધી છે, જેમ કે, નાણાકીય વ્યવસ્થા રાજ્ય સરકારના શિરે નાખવામાં આવી છે, પરંતુ નિશ્ચિત રકમનો કોઈ જ નથી ઉલ્લેખ કે નથી જોગવાઈ ગ્રંથાલય કરની, રાજ્યમાં પ્રકાશિત પુસ્તકો ઈત્યાદિ કમ સે કમ કોઈ એક ગ્રંથાલયમાં એકત્ર કરવાની જોગવાઈ નથી, 'રાજ્ય સ્થાયી ગ્રંથાલય સમિતિ'માં એક પણ ગ્રંથાલય વ્યવસાયિકને સ્થાન ન આપી ગ્રંથાલય વ્યવસાયિકોની ઉપેક્ષા કરવી, સાર્વજનિક ગ્રંથાલયોનો સ્વતંત્ર વિભાગ નથી, તેમજ ગ્રંથાલય નિયામક ગ્રંથાલય તજ્જ્ઞ હોવો જોઈએ તેવી સ્પષ્ટતા નથી, નગર, તાલુકા અને ગ્રામ્યગ્રંથાલય સમિતિઓનો અભાવ, ગ્રંથાલયનીધિનો અભાવ, વગેરે. ગોવાના ધારાની વિશેષતાઓ, જેમ કે સરકાર દ્વારા IMFL ની એકસાઈઝ ડ્યૂટી ઉપર ગ્રંથાલય કર નાંખવો, અનુદાનની રકમ રાજ્યના શિક્ષણના બજેટના ૧% જેટલી રકમના ધોરણે ફાળવવી, 'રાજ્ય ગ્રંથાલય પરિષદ'ના સચિવ તરીકે રાજ્ય ગ્રંથાલય અધિકારીની નિયુક્તિ, રાજ્ય સ્તરથી શરૂ કરી જિલ્લા, તાલુકા અને ગ્રામ્યગ્રંથાલય સમિતિઓનો પ્રબંધ, રાજ્ય ગંથાલયના ગ્રંથભંડાર માટે રાજ્યમાં પ્રકાશિત પ્રત્યેક પુસ્તકની ૨ નકલો જમા કરાવવાનો પ્રબંધ, ધોરણ-૮થી ઉપરના વિદ્યાર્થીઓએ સાર્વજનિક ગ્રંથાલયમાં ફરજિયાત નોંધણી કરાવવી, બેરોજગાર યુવકો માટે રોજગાર કાર્યાલયમાં નોંધણી કરાવવા હેતુ ગ્રંથાલયનું સભ્યપદ પ્રમાણપત્ર ફરજિયાતપણે રજૂ કરવું, સાર્વજનિક ઉપક્રમ સેકટર દ્વારા ગ્રંથાલયોને દત્તક લેવાની પરંપરાને પ્રોત્સાહન પૂરું પાડવું વગેરે વિશેષ ઉલ્લેખનીય અને ધ્યાનાર્હ બની રહે છે. વધુમાં, દેશના જે જે રાજ્યો કે જ્યાં આ ધારો પસાર કરવામાં આવ્યો નથી, જેમકે, અરુણાચલ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં ધારો પસાર કરાવવા માટેના પ્રયાસોની વિકાસરેખા વર્ણવી છે. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ ધારા સંબંધી કોઈ હિલચાલ પણ થતી નથી તેની નોંધ લેવાનું ચૂક્યાં નથી. આમ સમગ્ર ભારતમાં સાર્વજનિક ગ્રંથાલય ધારાની યથાતથ સ્થિતિ ઉજાગર કરી આપી છે.

પ્રસ્તુત અભ્યાસની એક નોંધપાત્ર વિશેષતા એ છે કે અહીં દેશના અન્ય રાજ્યોના સાર્વજનિક ગ્રંથાલય ધારાઓના અભ્યાસની તુલનાએ ગુજરાતના ધારા વિશે અલગ ત્રણ પ્રકરણો ફાળવીને ઊંડાણપૂર્વક વિવેચનાત્મક અભિગમથી અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં ખાસ ધ્યાનાર્હ બાબત તો એ છે કે 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય ધારા'નો અન્ય રાજ્યોના ધારાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરવા ઉપરાંત ગુજરાતની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ ઉપર આ ધારાનો કેવો પ્રભાવ રહેશે તે વિશે પણ સુચિંતનીય ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. પ્રારંભમાં 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય ધારો - ૨૦૦૧' પસાર થયા પૂર્વે પ્રથમ પ્રયાસ ૧૯૬૪થી શરૂ કરી ૧૨મા પ્રયાસ ૧૯૯૯ સુધીના પ્રયાસોની કાળક્રમાનુસાર વિગતસભર ગાથા – જેમ કે, બિલ કોણે વિધાનસભામાં રજૂ કર્યું, ક્યારે ચર્ચામાં લેવાયું, ધારાનું માળખું, તેની કલમો વગેરે સહિત અને ધારા હેતુ તૈયાર કરવામાં આવેલ પ્રત્યેક બિલ અગાઉના બિલથી કઈ રીતે અલગ પડે છે તે તારવી આપવામાં આવ્યું છે. તેરમા પ્રયાસની ફળશ્રુતિ એટલે પ્રસ્તુત 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલયધારો ૨૦૦૧'. આ ધારાની પ્રત્યેક કલમનો વિગતે પરિચય આપ્યા બાદ આ ધારાની ૨૦ વિશેષતાઓ દર્શાવી આપવાની સાથે તેની ૨૬ મર્યાદાઓ તરફ આંગળી કરી છે. આ મર્યાદાઓ

પૈકી ધારો ક્યારથી અમલી બનશે તેની કોઈ જ સ્પષ્ટતા નથી, પરિણામે આજ દિન સુધી ધારો અમલમાં આવ્યો નથી, 'ગુજરાત રાજ્ય ગ્રંથાલય વિકાસ બોર્ડ' સલાહકાર કે સત્તામંડળ છે તેની સ્પષ્ટતા નથી, પરિષદમાં રાજ્યની એક પણ યુનિવર્સિટીને સ્થાન આપ્યું નથી, ગ્રંથાલય કર કે અન્ય કોઈ ચોક્કસ નાણાંકીય જોગવાઈનો અભાવ, 'વિકાસ નિધિ'માં સરકાર પ્રતિવર્ષ કેટલું અનુદાન આપશે તેમજ પ્રતિવર્ષ કેટલો વધારો કરવામાં આવશે તેની સ્પષ્ટતાનો અભાવ, 'રાજ્ય ગ્રંથાલય પરિષદ'માં મહિલા ગ્રંથાલયોને પ્રતિનિધિ આપ્યું નથી અર્થાત્ સ્ત્રીસમાનતાની બાબતનો ધારામાં છેદ ઉડાડી દીધો છે. પરિષદના સભ્યોની મુદત સરકાર રાખે ત્યાં સુધીની રહેશે, ધારામાં ગ્રંથાલય નિયામકને મહત્ત્વપૂર્ણ સ્થાન; પરંતુ તેની લાયકાતનાં ધોરણો અંગે મૌન, વાઙ્મયસૂચિઓના પ્રકાશનની વ્યવસ્થાનો અભાવ, ધારો સરકારના નિયંત્રણ હેઠળ, સાર્વજનિક ગ્રંથાલય કોને કહેવાય તે સરકાર અને નિયામકને આધીન, નવાં ગ્રંથાલયોની સ્થાપવાની જોગવાઈ; પરંતુ આ ગ્રંથાલયોને કેટલાં નાણાં ફાળવવામાં આવશે તે વિશે મૌન, હોદ્દાગત સિવાયના સભ્યોની નિમણૂક કઈ રીતે કરવામાં આવશે તે અંગે મૌન, સમિતિમાં નાણાંસચિવ અને સાંસ્કૃતિક વિભાગના સચિવનો સમાવેશ નથી, શહેર અને ગ્રામ્યસમિતિનો અભાવ વગેરે ચીધી આપી છે. આ સાથે જ લોકમુખે વહેતી વાતો, જેમ કે, 'ગુજરાતનો ગ્રંથાલય ધારો સૌથી ખરાબ, 'ધારામાં છે જ શું ?', 'સુનિયોજિત નાણાકીય જોગવાઈઓ વિહીન ધારાનો અર્થ શું ?' 'ધારો પસાર કરવામાં ઉતાવળ થઈ છે' વગેરે. અહીં ઉદધૃત કરી છે, જેમાં ધારા સંદર્ભે પ્રજામતનાં દર્શન થાય છે. ધારાનો તુલનાત્મક અભ્યાસ પ્રમુખ કલમો અનુસાર વિવિધ ૨૨ કોઠાઓના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જે તેના અધ્યેતાને વિહંગમ દૃષ્ટિએ અવલોકવા માટે વિશેષ ઉપકારક બની રહે છે. આ અભ્યાસના અંતે સંશોધિકાનું મંતવ્ય ''પ્રત્યેક ગ્રંથાલય ધારો જુદી જુદી બાબતોને લઈને ખાસિયતો ધરાવે છે. પરંતુ કોઈ એક ધારામાં ગ્રંથાલયને સ્પર્શતા પ્રત્યેક પાસાથી સંતોષ થતો નથી. આમ છતાં સૌથી શ્રેષ્ઠ બાબતોની જોગવાઈ ગોવાના ગ્રંથાલય ધારામાં કરવામાં આવી છે, જેને પ્રત્યેક રાજ્યે અનુસરવાની જરૂર છે. વધુમાં, કર્ણાટકના ધારામાં પ્રત્યેક સ્તરના કર્મચારીની નિમણૂકમાં ગ્રંથાલય પ્રશિક્ષિત હોવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ કર્ણાટકનો ધારો ગ્રંથાલય વ્યવસાયિકો માટે લાભદાયી છે.'' ગહન અભ્યાસનું દ્યોતક બની રહે છે.

ગુજરાતના ધારાનો અન્ય રાજ્યોના ધારાઓ સાથે તુલનાત્મક અભ્યાસ કરવા ઉપરાંત આદર્શ ગ્રંથાલયધારાના વિવિધ મુસદાઓ સાથે પણ તુલના કરવામાં આવી છે. આ અંતર્ગત ડૉ. રંગનાથન પ્રદત્ત આદર્શ ગ્રંથાલયધારો, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયનો આદર્શ ગ્રંથાલય ધારો (૧૯૫૮), ભારત સરકારના આયોજન પંચનો આદર્શ ગ્રંથાલયધારાનો ૧૯૬૫નો મુસદો અને ડૉ. વી. વેંકટપૈયા (આઈ.એલ.એ.નો ૧૯૮૯ અને ૨૦૦૬)નો મુસદો – આ પ્રત્યેક મુસદાનો સારગ્રાહી પરિચય કરાવીને આયોજન પંચના મુસદા સાથે ગુજરાતના ધારાની પ્રત્યેક કલમ સાથે તુલના કરવાની સાથે ગુજરાતનો ધારો તેનાથી કેટલી નિકટતા ધરાવે છે કે દૂર છે તે તારવી આપ્યું છે. ઝીણવટપૂર્વકનો આન તુલનાત્મક અભ્યાસ અભિનંદનીય બની રહે છે. તુલના બાદનું અવલોકન ''ખાસ કરીને નાણાકીય સદ્ધરતા, ગ્રામ્યસ્તરની સાર્વજનિક ગ્રંથાલયપ્રણાલી, રાજ્યમાં પ્રકાશિત સાહિત્યની વાઙ્મયસૂચિઓનું પ્રકાશન, ગ્રંથાલય વિજ્ઞાન સાહિત્યનું પ્રકાશન વગેરે બાબતોમાં ગુજરાત સાર્વજનિક ગ્રંથાલયધારો આદર્શ ગ્રંથાલયધારાથી પાછળ છે એમ દુઃખ સાથે નોંધવું પડે છે'' દૃષ્ટવ્ય બની રહે છે. ગુજરાતનો ધારો રાજ્યની સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ ઉપર કઈ રીતે પ્રભાવક પુરવાર થશે તે વિશે ૨૧ મુદ્દાઓ, જેમ કે, ગ્રંથાલય સત્તામંડળને નકશાની ગરજ સારશે, ઉચ્ચબૌદ્ધિક ક્ષમતા ધરાવતા સભ્યોનું સમિતિમાં પ્રતિનિધિત્વ, કાયદાકીય સાર્વજનિક ગ્રંથાલય પ્રણાલીનું નિર્માણ, રાજકીય પરિવર્તનો ધારાના કારણે ગ્રંથાલય વિકાસમાં અવરોધ પેદા નહીં કરી શકે, સુદઢ ગ્રંથાલય માળખું, ગ્રંથાલય વ્યવસાયક્ષેત્રે રોજગારી મળવાની ઉજ્જ્વળ તકો, ગ્રંથાલય વ્યવસાયને સામાજિક દરજ્જો પ્રાપ્ત થવો, ગ્રંથાલય સેવાઓનો સુનિયોજિત વિકાસ, નવાં ગ્રંથાલયોની સ્થાપના, વ્યવસાયિકો માટે પ્રશિક્ષણ, માનાંકોની પ્રસ્થાપના, વગેરેમાં કઈ રીતે ધારો ઉપકારક નીવડશે તેમાં લેખિકાની દૂરદષ્ટિ ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ સંશોધિકાએ નોંધ્યું છે કે ''બહુવિધ રીતે ગ્રંથાલય ધારો પ્રભાવક રહેવા છતાં નાણાંકીય સ્વાવલંબનની જોગવાઈના અભાવમાં આ તમામ પ્રભાવાત્મક બાબતો એકડા વિનાનાં મીડાં બરાબર છે. આથી જ ગ્રંથાલયધારો પસાર કરાવવા માટે જે ઉત્સાહ હતો તે ધારાને પસાર થયા બાદ જોવા મળતો નથી. ૨૦૦૧માં ધારો પસાર થવા છતાં હજુ સુધી નિયમો બન્યા નથી''. પ્રસ્તુત અભ્યાસના અંતમાં સંશોધિકાએ રાજ્યોના અન્ય ગ્રંથાલયધારાઓ તથા મુસદા વિવિધ આદર્શ ગ્રંથાલયધારાઓના મુસદાઓને ધ્યાને

લઈ સ્વતંત્ર પ્રકરણ અંતર્ગત આ બધા ધારાઓના ઋણસ્વીકાર સાથે 'The Model Public Libraries ACT'નો મુસદો (પૃ. ૪૦૦-૪૨૭) તૈયાર કરીને આપ્યો છે.

પ્રસ્તુત અભ્યાસના અંતમાં રજૂ કરવામાં આવેલ તુલનાત્મક પ્રરિપ્રેક્ષ્યમાં ૨૨ તારણો રસપ્રદ બની રહે છે. આ સાથે સૂચનો અંતર્ગત કેટલાંક સૂચનો, જેમ કે પ્રત્યેક ગામના સાર્વજનિક ગ્રંથાલયમાં શાળામાં શિક્ષક કે ગામના તલાટી અને ગ્રામસેવકની નિમણૂક કરવામાં આવે છે તે જ ધોરણે ગ્રંથપાલની નિમણૂક કરવી, પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઑફ બુકસ ઍક્ટ અન્વયે પ્રાપ્ત પુસ્તકોની વાઙ્મયસૂચિનું પ્રકાશન કરવું, ગ્રંથાલય કરની જોગવાઈ ઉપરાંત રાજ્યના કુલ બજેટની ૧% રકમ ગ્રંથાલયો માટે ફાળવવી, ધારાસભ્યો અને સંસદસભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી અમુક ટકા રકમ ફરજિયાતપણે જે તે પ્રદેશનાં ગ્રંથાલયો માટે ફાળવવી, ઔદ્યોગિકગૃહોની સ્થાપના સમયે અમુક રકમ ગ્રંથાલયનિધિમાં જમા કરાવવાની શરત, સહકારી બૅંકો વગેરે શિક્ષણફંડ અનામત રાખે છે તેમાંથી ફરજિયાતપણે અમુક રકમ ગ્રંથાલયનિધિમાં જમા કરાવવી, પ્રચાર માધ્યમોનો ઉપયોગ ગ્રંથાલય-પ્રવૃત્તિના પ્રસાર-પ્રસાર માટે કરવો તેમજ ધારાવાહિકોનું નિર્માણ કરવું, વાચનટેવ વિકસાવવા અર્થસભર પ્રયાસો કરવા, નફો રળતાં એકમો જેમ કે, ઓ.એન.જી.સી., જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી. વગેરેના અનામત ભંડોળની અમુક ટકા રકમ ગ્રંથાલયો માટે ફાળવવી વગેરે સુચિંતનીય અને ધ્યાનાર્હ બની રહે છે.

સમગ્રતયા પ્રસ્તુત અભ્યાસ સંશોધિકાનાં ગહન અધ્યયનશીલતા, સંશોધકીય નિષ્ઠા, વિદ્યાકીય પુરુષાર્થ રસરુચિ અને મૌલિક પ્રતિભાનો દ્યોતક બની રહે છે. અને ખાસ તો કાનૂન વિદ્યાશાખાનો અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કર્યો હોવાથી કાનૂનની આંટીઘૂંટીઓની સમજ અને તેના ઉકેલની કોઠાસૂઝ અને રજૂઆત શ્લાઘનીય બની રહે છે. આ ઉપરાંત સંદર્ભોની નોંધ અને વાઙ્મયસૂચિ માટે MLA Style Manualનું પાલન ધ્યાનાર્હ બની રહે છે. આમ છતાં નોંધવું રહ્યું કે અહીં અભ્યાસ હેઠળના વિવિધ ગ્રંથાલયધારાઓ અને પસંદગીનાં મહત્ત્વપૂર્ણ પદોની સૂચિ (Index) આપવામાં આવી હોત તો બહુવિધ રીતે ઉપકારક બની રહેત.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પુસ્તકની લેખિકા/સંશોધિકા ડૉ. કનકબાળા જાની હેમચંદ્રાચાર્યા ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં કાયકારી યુનિવર્સિટી લાઇબ્રેરિયન અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કો-ઓર્ડિનેટર તરીકે વ્યવસાયિક નિષ્ઠા અને પ્રશાસકીય કુનેહ સાથે સેવાઓ આપી રહ્યાં છે. તેમના માર્ગદર્શન હેઠળ હે. ઉ. ગુ. યુનિવર્સિટીમાંથી ૫ વિદ્યાર્થીઓએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. ની ડિગ્રી મેળવેલ છે. પ્રસ્તુત મૌલિક પુસ્તક ઉપરાંત તેમનાં ૧૦ સંપાદિત અને અનુવાદિત પુસ્તકો પ્રકાશિત છે, જેમાં 'Public Library Acts in India', 'વગડાવો રૂડા ઢોલ', 'IGNOU પ્રકાશિત AACR-IIનો ગુજરાતી અનુવાદ' (ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત) વગેરે તેમજ શતાધિક સંશોધન તથા લોકભોગ્ય લેખો અને ૭૦ પુસ્તકોનાં અવલોકનો પ્રકાશિત છે. આ ઉપરાંત પાટણ યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય'ના સંપાદક તથા સંશોધન જર્નલ 'આનર્ત'નાં સહ-સંપાદિકા તરીકે સેવાઓ આપે છે.

❑

**શબ્દ–જોડણી સમૃદ્ધિ / વિનાયક કે. ઘોત્રે** ગાંધીનગર : શ્રીરામ એજ્યુકેશન ટ્રસ્ટ (૬૧/૧, ઘ–ટાઇપ, લગનવાડી સામે, સેક્ટર-૨૩, ગાંધીનગર–૩૮૨૦૨૩), ૨૦૨૨ ૨૫+ ૨૮૬ પૃ ISBN ૯૭૮-૮૧-૯૫૭૪૨૨-૦-૦૨ કિં. રૂા ૩૫૦.

સંસ્કૃત સૂકિત 'आकृतिः गुणानां कथयति' એ ન્યાયે પ્રસ્તુત પુસ્તકનું શીર્ષક અને તેના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર તેના હાર્દરૂપ કથયિત્ય – શુદ્ધ જોડણી તથા શબ્દ સમૃદ્ધિનો અર્થબોધ કરાવે છે જે, પુસ્તકમાંથી સાદ્યંત પસાર થતાં સહજમાં સમજાયું. અહી લેખકે એકસાથે પાંચ હેતુઓ સિદ્ધ કર્યા છે : ૧. શબ્દની શુદ્ધ જોડણી કરતાં શીખવું. ૨. જોડણી સંબંધી વ્યાકરણના નિયમોનું અર્થાત્ વ્યાકરણીય જ્ઞાન મેળવવું. ૩. શબ્દ સમૃદ્ધિ. ૪. જોડણી શીખવા માટે સ્વયંશિક્ષકની ભૂમિકા પૂરી પાડવી, અને ૫. જોડણીના અધ્યાપન માટે અધ્યાપકીય રીતિ-નીતિનો આદર્શ પ્રસ્તુત કરવો.

પ્રસ્તુત પુસ્તકને તેના ઉપયોગની સરળતાને ધ્યાને લઈને દૃષ્ટિપૂત ૨૮ પ્રકરણોમાં વગીકૃત કરીને તૈયાર કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પુસ્તકમાં સમાવિષ્ટ લેખો માતૃભાષા અભિયાનના પુરસ્કર્તાઓ પૈકીના એક એવા માતૃભાષાભિમાની ડૉ. પી. જી. પટેલના તંત્રીકાળ દરમિયાન અને ત્યાર બાદના તંત્રી ડૉ. અનિલ પટેલના તંત્રીપદે પ્રકાશિત **'પ્રગતિશીલ શિક્ષણ'** સમાયિકમાં વર્ષ ૨૦૧૩ થી 'શબ્દ–

જોડણી સમૃદ્ધિ' શીર્ષક હેઠળ ધારાવાહિક રીતે પ્રકાશિત થયા હતા. જે અહીં સંશોધિત – સંવર્ધિત કરીને સહાયક્રમમાં ગોઠવીને રજૂ કરવામાં આવ્યા છે. હાલમાં પણ આ લેખમાળા ચાલુ જ છે. આ બધાં પ્રકરણો, સ્વર–વ્યંજન, જોડાક્ષર જોડણી, તત્સમ, તદ્‌ભવ, સ્વિરૂપ, અનુસ્વાર, સંધિ, સામાસિક, અધિકતાવાચક, ત્રિપુટીવાચક શબ્દો, સામાન્ય ભાષા જોડણીદોષ, શબ્દ–વ્યુત્પત્તિ અને શબ્દરચના વગેરે મથાળાં હેઠળ ક્રમાનુસાર ગોઠવ્યાં છે. પ્રારંભનાં પ્રકરણોમાં ઉત્તમ અંગ્રેજી, માતૃભાષાનું મહત્ત્વ અને આ સંદર્ભે ઉમાશંકર જોશી, ગુણવંત શાહ, રવીન્દ્ર દવે, વગેરેનાં વિચારગર્ભ ચિંતનમૌકિતકોની ગૂંથણી, શિક્ષણનું માધ્યમ માતૃભાષા, 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૨' અનુસાર ધોરણ-૫ સુધી માતૃભાષાના માધ્યમમાં અધ્યાપન કરાવવાનું સ્તુત્ય પગલું વગેરે વિશે સંક્ષેપમાં છતાં અસરકારક રીતે સમજાવવામાં આવ્યું છે. ત્યાર બાદ લેખનમાં શુદ્ધ જોડણી શા માટે ? શુદ્ધ જોડણીના અભાવમાં પેદા થતા અનર્થો તેમજ સંબંધિત વાક્યમાં સ્પષ્ટ અર્થબોધ ન થવો વગેરે વગેરે બાબતો ઉદાહરણો સાથે સમજાવવામાં આવી છે. આ સાથે જ શબ્દ–જોડણી સમૃદ્ધ કરવા માટે લેખકનું અનુભવસિદ્ધ વિધાન 'શ્રવણ, કથન, વાંચન અને લેખનએ ભાષા–શિક્ષણના ચાર પાયાનાં કૌશલ્યો છે' હૈયે ધરવું રહ્યું. આ સાથે જ અહીં જોડણીકોશનું મહત્ત્વ, જોડણીકોશનો ઉપયોગ કઈ રીતે કરવો, 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'માં આપવામાં આવેલા ૩૩ નિયમો અહીં ઉદધૃત કરીને (પૃ ૧૪૭–૧૭૨) આવશ્યકતાનુસાર ઉદાહરણો સાથે વિવરણ આપવામાં આવ્યું છે. પરિણામે આ નિયમો સરળતાથી સમજાઈ જાય છે. વધુમાં, શબ્દકોશનું મહત્ત્વ દર્શાવતાં નોંધેલ મંતવ્ય, શબ્દકોશમાં કોઈ માત્ર જોડણી અને અર્થ ના હોય, પણ તેની સાથે ઉચ્ચારણ, વ્યાકરણ, શબ્દપ્રયોગ, વ્યુત્પત્તિ, શબ્દસંધિ, શબ્દસમાસ, શબ્દરચના જેવી અનેક બાબતો હોય છે' ધ્યાનાર્હ બની રહે છે અને તેથી જ આ બધી બાબતોને ધ્યાને લઈને લેખકે શબ્દકોશને 'માત્ર સંદર્ભગ્રંથ' નહીં, પરંતુ 'સ્વાધ્યાયગ્રંથ પણ છે' તેમ ઓળખાવ્યો છે.

અહીં લેખકે પ્રત્યેક પ્રકરણના પ્રારંભમાં જે તે પ્રકારના શબ્દો, જેમ કે, તત્સમ, તદ્‌ભવ, સ્વિરૂપ, સંધિ, સમાસિક વગેરે વિશે સંક્ષેપમાં છતાં પર્યાપ્ત પરિચય કરાવીને જે તે શબ્દની વ્યુત્પત્તિ અર્થાત્ શબ્દ કઈ રીતે બન્યો, તથા જોડણી સંબંધી વ્યાકરણના નિયમોને વિવિધ ઉદાહરણો સાથે અર્થાત્ તેના પ્રયોગ સાથે સમજાવેલ છે. પરિણામસ્વરૂપે જોડણી સંબંધી નિયમોની શુષ્કતાથી આ પુસ્તક ઉપર ઊઠતું હોવાથી જોડણી અને વ્યાકરણ સંબંધી મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ પણ સરળતાથી આપે છે. આમ, આ પુસ્તક જોડણી શીખનાર કે તેમાં રસ ધરાવનાર જિજ્ઞાસુઓ માટે ભોમિયાની ગરજ સારતું Self Teacher પુસ્તક બની રહે છે. વળી, વર્ગખંડમાં જોડણી શીખવવામાં આવતી હોય તે રીતે અધ્યાપકીય દૃષ્ટિકોણથી તેની પ્રસ્તુતિ કરવામાં આવી હોવાથી અધ્યાપકો માટે પણ ખૂબ જ ઉપયોગી બની રહે તેટલું સમૃદ્ધ છે. આ સાથે જ આ બધાં પ્રકરણો અંતર્ગતના કેટલાક શબ્દો આપણે અશુદ્ધ તરીકે વાપરીએ છીએ અને તે કેમ અશુદ્ધ છે તે શબ્દની વ્યુત્પત્તિ આપીને સમજાવતા રહે છે. ઉદા., તરીકે વ્યકિતનું નામ હૃષીકેશ પ્રાયઃ 'ઋષિકેશ' ખોટી રીતે લખાય છે તે સમજાવતાં નોંધ્યું છે કે 'હૃષીકેશ' શબ્દ હૃષ્ ધાતુ (ક્રિયાપદનું મૂળ રૂપ) પરથી રચાયો હૃષ્ એટલે હરખવું, તૃપ્ત થવું, પ્રસન્ન થવું, હૃષ્ ઉપરથી હૃષીક, સંજ્ઞા (નામ) આમાં વિશેષણ બનાવનાર 'ઈ' પ્રત્યય નથી એટલે જોડણી 'હૃષિક' નહિ, પણ 'હૃષીક'. હૃષીક એટલે ઈંદ્રિય હૃષીક + ઈશ = હૃષીકેશ – ઇંદ્રિયોના સ્વામી એવા ભગવાન શ્રીકૃષ્ણ. ઋષિકેશ લખીએ તો ઋષિના કેશ ! એવો અર્થ થાય ઋષિ એટલે મુનિ, તપસ્વી ઋષિકુમાર, ઋષિકુળ, ઋષિપંચમી જેવા સામાસિક શબ્દોમાં ઋષિ આવે પણ હૃષીકેશ શબ્દ 'ઋષિ' સાથે સંબંધિત નથી. હૃષીકેશ શુદ્ધ જોડણી છે (એટલે શબ્દકોશમાં ઋમાં શોધશો તો નહિ મળે). આ જ રીતે ખોટી રીતે વપરાતા શબ્દો પૈકી કેટલાક તારવી આપ્યા છે, જેમ કે, અગત્ય–અગત્યતાx, સગવડ–સગવડતાx, સત્ત્વર–સત્ત્વરેx, વાજબી – વ્યાજબીx, સર્વત્રીકરણ – સાર્વત્રીકરણx, નાણાકીય – નાણાંકીયx, રતિલાલ – રતીલાલx (રતિ એટલે પ્રીતિ, આનંદ અને રતી એટલે ચણોઠી તેથી કોઈ ચણોઠી ઉપરથી નામ ન પાડે) વગેરે.

આ પુસ્તકની એક અન્ય ધ્યાનપાત્ર વિશેષતા એ છે કે અહીં અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી કઈ રીતે કરવી તે વિશે 'અંગ્રેજી શબ્દોની જોડણી' પ્રકરણમાં અંગ્રેજી શબ્દોના ઉચ્ચારણ અને તેના સ્પેલિંગના આધારે કેટલાંક સામાન્ય તારણો તારવી આપ્યાં છે. જેમ કે, ભાર ન હોય તો હ્રસ્વ ઉ ઉદા., તરીકે બુક અને ભાર આવે તો દીર્ઘ ઊ, ઉદા., તરીકે ફૂટ વગેરે, કેટલાક શબ્દોમાં ઇ, ઈ હોય છે, ય નહી, જેમ કે, લાઇબ્રેરી, હાઈસ્કૂલ વગેરે, એ કે ઓનું વિવૃત્ત (પહોળું) ઉચ્ચારણ હોય તો એ ઓ માટે ઊંધી માત્રા, જેમ કે, ઑફિસ, કૉલેજ વગેરે. આ ઉપરાંત અરબી–ફારસી–

પોર્ટુગલ શબ્દોની જોડણી માટે પણ માર્ગદર્શક કેટલાંક ઉદાહરણો આપ્યાં છે.

જોડણી સંદર્ભેની ઉપેક્ષા અને અરાજકતાની સ્થિતિમાં આ પ્રકારનાં પુસ્તકો આવકાર્ય બની રહેતાં હોવાથી શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, હર્ષદ શાહ, પ્રા. શાંતિલાલ ગઢિયા, ડૉ. અનિલ પટેલ શ્રી રતિલાલ બોરીસાગર વગેરેએ આ પુસ્તકને છલકતા હૈયે આવકાર્યું છે. આપણા વિચારપુરુષ ગુણવંત શાહે દિનપ્રતિદિન સુષુપ્ત થતા જતા ભાષાભિમાનને જગાડવા અપીલ કરતાં અને આ પુસ્તકને આવકારતાં નોંધ્યું છે કે : 'શ્રી વિનાયક ઘોત્રોજી જેવા મરાઠી ભાષી વિદ્વાને ગુજરાતી પ્રજાને 'શબ્દ–જોડણી સમૃદ્ધિ' જેવું અત્યંત મૂલ્યવાન પુસ્તક લખીને સવાયા ગુજરાતી એવા કાકાસાહેબ કાલેલકરના વારસાને અધિક સમૃદ્ધ બનાવ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠ સાથે જીવનભર જોડાયેલા સદ્ગત મગનભાઈ દેસાઈ પણ આ પુસ્તક વાંચ્યા પછી અત્યંત પ્રસન્ન થયા હોત. ગાંધીજીને પણ એક બાબત ખૂંચતી હતી. અંગ્રેજી જોડણી ખોટી હોય તે ખૂંચે આવું કેમ ? જવાબ છે : ભાષાભિમાનનો અભાવ... આ પુસ્તક 'પ્રગતિશીલ શિક્ષણ'ના સહિયારા પુરુષાર્થનું પુણ્યફળ છે. ગુજરાતમાં ગુજરાતી વિષય ભણાવનારા શિક્ષકો અને અધ્યાપકોને આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થશે એ અંગે કોઈ શંકા ખરી ? ઘોત્રેજીને અભિનંદન !'

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પુસ્તકના લેખક વિનાયક ઘોત્રે 'ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનલ ટૅક્નૉલૉજી' (GIET)ના સેવાનિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર છે. તેમની માતૃભાષા મરાઠી છે અને વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક હોવાની સાથે સંસ્કૃત, અંગ્રેજી, અને ગુજરાતી ભાષાઓના જ્ઞાતા છે તેમણે 'પાઠયપુસ્તક મંડળ' નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓપન સ્કૂલિંગ' વગેરેનાં વિજ્ઞાન ઉપરાંત અન્ય વિષયોનાં પાઠયપુસ્તકોનાં સંપાદન, અનુવાદ, પ્રૂફરીડિંગની કામગીરી કરી છે. આ ઉપરાંત 'ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ' વગેરેનાં અંગ્રેજી પુસ્તકોના અનુવાદ પણ કર્યા છે. લેખક પ્રકૃતિએ સૌમ્ય અને મૃદુભાષી છે અને તેટલું જ ખુલ્લાપણું પણ ધરાવે છે. જેની પ્રતીતિ 'પ્રગતિશીલ શિક્ષણ'માં ચાલતી લેખમાળાના સમયગાળામાં વિવિધ વાચકો તરફથી જોડણી સંદર્ભે તેમના મંતવ્ય સંબંધી પ્રશ્નાર્થો કે વધુ સ્પષ્ટતા કરતા ૧૮ પત્રો પ્રાપ્ત થયા હતા. આ પૈકી ૧૪ પત્રો પ્રા. શાંતિલાલ ગઢિયા (વડોદરા) દ્વારા લખવામાં આવ્યા હતા. આ અઢારેય પત્રો અને લેખકે 'વિનાયકી શૈલી'માં પાઠવેલા પ્રતિભાવો સંબંધિત લેખના અંતમાં 'સંગોષ્ઠિ' મથાળા હેઠળ આપ્યા છે. આજે ૮૭ વર્ષની વયે પણ તેઓશ્રી વિશુદ્ધ જોડણી માટે ક્રિયાશીલ બની રહ્યા છે. તીર્થક્ષેત્રના માહાત્મ્ય સંબંધી પ્રચલિત શ્લોકમાં થોડોક ફેરફાર કરીને કહેવું રહ્યું કે તેમને મન અશુદ્ધ જોડણીનો પ્રયોગ એટલે –

**અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।**

**વર્ણસંયોજનક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥**

આ પુસ્તક શુદ્ધ જોડણી શીખવતું હોઈ શાળા–કૉલેજો–યુનિવર્સિટીઓનાં તથા સાર્વજનિક ગ્રંથાલયો માટે બહુમૂલ્યવાન બની રહેવાની સાથે અંગત ગ્રંથસંગ્રહ માટે પણ ખૂબ જ ઉપયોગી બની રહેશે.

સમગ્રતયા પ્રસ્તુત પુસ્તક એ કોઈ શબ્દકોશ/જોડણીકોશનો પર્યાય નથી કે જેમાં જોડણીની દૃષ્ટિએ આંટીઘૂંટીવાળા શબ્દોની શુદ્ધ જોડણી અને તત્સંબંધી ચાવીરૂપ કેટલાક નિયમો દર્શાવવામાં આવ્યા હોય. આ તો એ પુસ્તક છે કે જેમાં વિવિધ પ્રકારના શબ્દોની શુદ્ધ જોડણી વ્યાકરણીય રીતે કરી શકાય તે જિજ્ઞાસુઓ/વિદ્યાર્થીઓને શીખવતું તેમજ ભાષાશિક્ષકો/અધ્યાપકોને શુદ્ધ જોડણી અને તે માટેના નિયમોનું કઈ રીતે અધ્યાપન કરવું તે શીખવતું પુસ્તક છે. વળી, પ્રવર્તમાન સમયમાં અદ્યતન કમ્યુનિકેશન ટૅક્નૉલૉજીના આવિષ્કારના કારણે મશીનથી લખવાનું પ્રચલન વધી રહેવાની સાથે મશીન લખે તે જોડણી સ્વીકારી લેવાની માનસિકતા તેમજ ભાષા–સાહિત્ય સિવાયના વિષયોમાં શુદ્ધ જોડણીના પ્રયોગ પ્રતિ ઉપેક્ષાના કારણે ગુજરાતી શબ્દોની જોડણીમાં દિનપ્રતિદિન ભારે અરાજકતા પ્રવર્તી રહી છે ત્યારે આ પ્રકારનાં પુસ્તકો સાચી જોડણીના આગ્રહી બનવા ઉપકારક બની રહેશે. આશ્ચર્ય તો એ છે કે અંગ્રેજી ભાષાના શબ્દોની ખોટી જોડણી નહીં ચલાવી લેવાનું વલણ મક્કમ બનતું જાય છે. આ સારી વાત છે, પણ માતૃભાષા માટે આવું વલણ કેમ નહીં ? અંગ્રેજી માધ્યમની શાળાઓ પ્રતિ અભૂતપૂર્વ આકર્ષણ અને ગુજરાતી માધ્યમ પ્રતિ ઉપેક્ષાને ધ્યાને લઈ શિક્ષણવિદો દ્વારા માતૃભાષા બચાવો અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યાં છે તે આવકાર્ય છે; પરંતુ આ સાથે જ શુદ્ધ જોડણી વાપરવા માટેનાં વિશેષ અભિયાનો પણ તેટલાં જ અનિવાર્ય અને આવકાર્ય છે અને ખાસ તો માતૃભાષા ગુજરાતીને સાચા અર્થમાં બચાવવા આ દિશામાં સક્રિય થવું રહ્યું.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કાયરોપ્રેકિટક પદ્ધતિ

● ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી, ગાંધીનગરમાં તા. ૨૦-૨૨, જૂન, ૨૦૨૨ના રોજ ત્રિદિવસીય કાયરોપ્રેકિટક સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. કાયરોપ્રેકિટક નામે ઓળખાતી આ નવી સારવાર પદ્ધતિના કેમ્પનું ઉદ્‌ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને અમેરિકાથી પધારેલા કેલિફોર્નિયાઆની લાઈફ કાયરોપ્રેકિટક કૉલેજના પ્રેસિડેન્ટ ડૉ. રોબ ઓબરસ્ટાઈને દીપ પ્રગટાવીને કર્યું હતું. આપણી કૉલેજના અધ્યાપકોને આ નવી સારવાર પદ્ધતિ શીખવાડવા - સમજાવવા ૯ જેટલા અમેરિકન ડૉક્ટરોની ટીમ ગાંધીનગર આવી હતી. આ ડૉક્ટરોની સેવાનો લાભ મોટા પ્રમાણમાં દરદીઓ લઈ શકે તે માટે ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં વિવિધ માધ્યમોના સહારે જાણકારી પહોંચાડવામાં આવતાં ત્રણ દિવસ દરમિયાન કુલ ૩૦૦૦ જેટલા દરદીઓએ આ સારવારનો લાભ લીધો હતો. આ સારવાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વિના મૂલ્યે આપવામાં આવી હતી.

### ગુરુપૂર્ણિમા

● એસ એસ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજમાં તા ૧૩/૦૭/૨૦૨૨ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત તાલીમાર્થીઓએ ગુરુજનોનું પૂજન કર્યું હતું. ત્યાર બાદ ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ સંસ્થા પરિચય આપી ગુરુનું મહત્ત્વ સમજાવીને ગુરુ ઈશ્વરનું દર્શન કરાવે છે. ગુરુ અજ્ઞાનતાને દૂર કરે છે એમ જણાવ્યું હતું. આ ઉપરાંત તાલીમાર્થીની હિમાની જાડેજાએ ગુરુઓ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાયક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### પ્રવેશોત્સવ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજ, ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓના આવકારોત્સવનું તા ૧/૦૭/૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમના આરંભે એજ્યુકેશન ફેકલ્ટીનાં ડીન પ્રો વીણાબહેન પટેલે મહેમાનશ્રીનો શાબ્દિક પરિચય આપી તાલીમાર્થીઓને વર્ષ દરમિયાન આપવાની ટ્રેનિંગ, ટીચિંગ સ્કિલ મેથડનો અભ્યાસ તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનાં આયોજન થકી તાલીમાર્થીઓને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયૂરભાઈ શાહે શિક્ષકો પાસે રાખવામાં આવતી અપેક્ષાઓ વિશે વાત કરી ધ્યેયનિષ્ઠા સાથે તાલીમ મેળવવા માટે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### યોગદિવસ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ દ્વારા ડૉ. જિજ્ઞાસાબહેન જોશીના માર્ગદર્શન હેઠળ તા ૨૨/૦૬/૨૦૨૨ના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તાલીમાર્થીઓને ડૉ. અજય રાવલે યોગ વિશે અને જીવનમાં યોગના મહત્ત્વ વિશે માહિતી આપી જુદા જુદા પ્રકારના યોગની પ્રેક્ટિસ કરાવી હતી.

### વ્યાકરણ કાર્યશિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' દ્વારા 'સર્વ વિદ્યાલય કેળવણીમંડળ'ની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બી. એડ. કૉલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી ભાષામાં વિવિધ સ્વરો અને વ્યંજનો (વર્ણમાલા) વિશે કાર્યશિબિરનું ડીન પ્રો ડૉ.

વીણાબહેન પટેલની ઉપસ્થિતમાં આયોજન તા ૨૩/૦૭/૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ ડૉ. પિન્કીબહેન પડ્યાએ સ્વર એટલે શું ? વ્યંજન એટલે શું ? ભાષામાં તેનો ભેદ શું છે ? તેના વિશે માહિતી આપી ભાષાનાં વિવિધ ધ્વનિઓ, કંઠ્ય, તાલવ્ય, ઓષ્ઠય, મૂર્ધન્ય, દન્ત્ય વ્યંજનો વિશે સમજ આપી મુખ વિવરના વિવિધિ ભાગો દ્વારા ક, ખ,ગ, ઘ, ચ, જેવા વ્યંજનો કેવી રીતે બોલાય છે. વગેરે વિશે વિવિધ ઉદાહરણો આપી સમજ આપી હતી.

### શૈક્ષણિક મુલાકાત

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી. એડ. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા ૨૯/૭/૨૨ના રોજ ગાંધીનગર ખાતે આવેલ ઇન્દ્રોડાપાર્કની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓએ આ મુલાકાત દરમિયાન નેચરપાર્ક, ડાયનાસોર મ્યુઝિયમ, સ્નેકપાર્ક, જુદા જુદા પક્ષીઓની પ્રજાતિઓ, વેલ માછલીનું હાડપિંજર, જુદા જુદા પ્રકારની વનસ્પતિઓ, વિવિધ જીવોની જીવન શૈલી વગેરે વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત તા ૧૪/૭/૨૨ના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૩માં સ્થિત દાંડીકુટીરની મુલાકાત લીધી હતી. દાંડીકુટીરની મુલાકાત દરમિયાન ગાંધીજીનું બાળપણ, તેમના જીવનને અસર કરતાં પરિબળો, ગાંધીજીનો વકીલાત તરીકે અનુભવ, દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ, ભારત પરત આવ્યા પછી ભારતમાં સ્વતંત્રતાસંગ્રામ માટે યોજેલી વિવિધ ચળવળો વગેરેનું પ્રદર્શન નિહાળ્યું હતું.

## શાળા વિભાગ

### કલાત્મક પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંતર્ગત ધોરણ-૧માં છાપકામ કરવાની તથા કુટુંબવૃક્ષ બનાવવાની, ધો-૨માં કાગળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવવાની, ધોરણ-૩માં કાગળમાંથી હોડી અને માસ્ક બનાવવાની, ધોરણ-૪માં રાખડી બનાવવાની, ધોરણ-૪ની બધી જ વિદ્યાર્થિનીઓ માટે રંગીન કાગળમાંથી પક્ષી બનાવવાની, ધોરણ-૫માં બર્થ-ડે કાર્ડ અને બર્થ-ડે તોરણ બનાવવાની અને ધોરણ ૧ થી ૫માં વેશભૂષા, તથા એકપાત્રિય અભિનય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલારુચિનાં દર્શન કરાવ્યાં હતાં.

● કડી નગરમાં કડી જેસીસ દ્વારા આયોજિત રાખડી સ્પર્ધામાં એસ. એમ. કે. પ્રા શાળા, ભાઉપુરા – કડીની ધોરણ-૬ની વિદ્યાર્થિની શ્રેયા જે. પટેલ પ્રથમ તથા ધોરણ-૭ની વિદ્યાર્થિની દેવાંશી એસ. પટેલ દ્વિતીય તેમજ મહેંદીસ્પર્ધામાં ધોરણ-૮ની વિદ્યાર્થિની પ્રિન્સી આર. પ્રજાપતિ ચોથા ક્રમે વિજેતા થયાં હતાં. તેમજ C.R.C. કક્ષાએ યોજાયેલ કલા ઉત્સવમાં ધોરણ-૮નો વિદ્યાર્થી શુભ એસ. પ્રજાપતિ પ્રથમ તથા ધોરણ-૮ની વિદ્યાર્થિની પ્રિન્સી આર. પ્રજાપતિ પ્રથમ ક્રમે વિજેતા થઈને શાળાનું ગૌરવ વધાર્યું છે.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૦-૭-૨૨ના રોજ રંગીન કાગળમાંથી હોડી, વિમાન, તથા અલગ અલગ આકારો બનાવી ફેમિલીચાર્ટ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૪ના વિદ્યાર્થીઓ માટે તા ૧૮/૭/૨૨ના રોજ ફૂલની પાંદડીમાંથી નામ લખવાની સ્પર્ધાનું અને ધોરણ ૭ના વિદ્યાર્થીઓ માટે મોરનાં પીંછાં અને કાચની બંગડીમાંથી ડિઝાઇન અને અનાજ કઠોળમાંથી રાષ્ટ્રધ્વજ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રધ્વજની રગોળી બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ગણિતશાસ્ત્ર

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા તા. ૨૩/૮/૨૨ના રોજ ધોરણ-૭ના ગણિત વિષયના સંદર્ભમાં ખૂણાઓની સમજ કેળવવાના હેતુસર શાળાના સેમિનાર હૉલમાં તેનું આયોજન કરવામાં આવતાં ૬૦ જેટલી વિદ્યાર્થિનીઓએ સ્ટેજ ઉપર સરસ રજૂઆત કરી હતી.

### ગુરુપૂર્ણિમા

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણીના

ભાગરૂપે શાળામાં દાદા–દાદીને નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં બાળકોએ દાદા–દાદીની પૂજા કરી અને પુષ્પગુચ્છ આપી આશીર્વાદ મેળવ્યા હતા. ડાયરેક્ટર શ્રી કિરણબહેન તેમજ આચાર્યશ્રી મીનાક્ષીબહેન રામી અને શિક્ષકોએ ભૂલકાંઓને શુભાશિષ પાઠવ્યા હતા.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા ૧૩/૭/૨૨ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત કેટલાક વિદ્યાર્થીઓએ દ્રોણચાર્ય, અર્જુન, એકલવ્ય, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદન જેવાં પાત્રોની વેશભૂષા કરીને ઉત્તમ ગુરુ શિષ્યનાં ઉદાહરણ પૂરાં પાડ્યાં હતાં, તેમજ વિદ્યાર્થીઓએ જીવનમાં ગુરુના મહત્ત્વ વિશે વકતવ્યો રજૂ કર્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ગુરુપૂર્ણિમા ઉજવણી તા. ૧૩/૭/૨૨ના રોજ કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ ગુરુપૂજન કર્યું હતું. આ અંતર્ગત ભક્તિગીત સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા નીરુબહેન પટેલે વિદ્યાર્થિનીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૩–૭–૨૨ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવતાં આ અંતર્ગત આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. દરેક વિદ્યાર્થીએ શ્લોકના સુમધુર ગાન સાથે સ્વપ્રયત્ને તૈયાર કરેલ પુષ્પગુચ્છ સહ ગુરુઓની આરતી અને પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા, તેમજ ગુરુ–શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો પણ રજૂ કર્યાં હતાં.

### ગૌરીવ્રત

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં ગૌરીવ્રતની ઉજવણી હેતુ બાળાઓ સરસ મજાની ચણિયાચોળી પહેરીને બાલમંદિરમાં આવી હતી તેમજ ગોરમાની પૂજા–આરતી કરી હતી અને જવારા લઈને ગરબે ઘૂમી હતી.તમામ બાળકોને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગૌરીવ્રત નિમિત્તે તા. ૯/૭/૨૨ના રોજ ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### જન્માષ્ટમી

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરના ઉપક્રમે જન્માષ્ટમી પર્વની ઊજવણી કરવામાં આવી જેમાં બાળકો, કૃષ્ણ, રાધા, ગોવાળિયા અને ગોપી બનીને આવ્યાં હતાં. નંદઘેર આનંદભયો જયકનૈયા લાલકીના નાદથી સરસ મજાની મટકી ફોડ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. બાળકો સાથે શિક્ષકો પણ રાસ રમ્યા હતા. શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પણ જન્માષ્ટમી મહોત્સવની ઊજવણી કરવામાં આવી હતી.

### નાટ્યપ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૭ અને ૮ના અંગ્રેજી વિષયના અભ્યાસક્રમમાં આવતા અંગ્રેજી નાટકની ભજવણીનું તથા ધો.-૬માં મહાન વિભૂતિઓનાં પાત્રોના અભિનયનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ પોતાની અભિનયકલાનાં દર્શન કરાવ્યાં હતાં.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ત્રણ વિદ્યાર્થીઓએ વિક્રમ સારાભાઈની જન્મજયંતી નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલ એકપાત્રિય અભિનયમાં ભાગ લેતાં ધો.-૭ના વિદ્યાર્થી ગઢવી યુવરાજસિંહ દ્વિતીય ક્રમે વિજેતા થતાં પ્રમાણપત્ર અને ૪૦૦નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું.

### નિબંધ લેખન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધો.-૬ના વિદ્યાર્થીઓ માટે તા. ૦૧/૦૮/૨૨ના રોજ વૃક્ષો આપણાં મિત્રો વિષય હેઠળ નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### પક્ષીઓની ઓળખ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં શિક્ષિકા મિત્તલબહેન પરમારે નર્સરીનાં બાળકોને જુદાં જુદાં પક્ષીઓની ઓળખ બાળકોને વેશભૂષામાં સજ્જ કરીને આપવા ઉપરાંત પક્ષીઓના અવાજો, રહેઠાણ, રંગ અને ખોરાક વિશે

માહિતગાર કર્યાં હતાં.

**પ્રવેશોત્સવ**

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યાશાળામાં તા. ૩૦/૬/૨૨ના રોજ પ્રવેશોત્સવની ઉજવણી અંતર્ગત ધોરણ-૧ની બધી જ વિદ્યાર્થિનીઓને કંકુચાંદલો કરી આચાર્યા શ્રી નીરુબહેન પટેલે આવકાર્યાં હતાં. ત્યાર બાદ વિદ્યાર્થિનીઓએ અવનવી ટોપીઓમાં સજ્જ થઈ દાસકાકાની છબિની પૂજા-અર્ચના કરી હતી. સુપરવાઇઝર શ્રી સંગીતાબહેને બાળાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

**રક્ષાબંધન**

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં રક્ષાબંધનની ઉજવણી રક્ષાગાન સાથે કરવામાં આવી. આ અન્વયે બાળાઓએ તેમના સહાધ્યાયી ભાઈઓને કુમકુમ તિલક કરીને રાખડી બાંધી આરતી ઉતારીને મીઠાઈ ખવડાવી હતી.

**રથયાત્રા**

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, શ્રી જે. બી. પ્રાથમિક શાળા, અને શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરમાં રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત કૅમ્પસમાં રથયાત્રા કાઢીને જય રણછોડ માખણચોરના જયઘોષથી શાળાનું કૅમ્પસ ગુંજાવી દીધું હતું. કૅમ્પસની સંસ્થાઓંના આચાર્યશ્રીઓ અને હોદ્દેદારો પણ રથયાત્રામાં જોડાયા હતા. બાળકોને જાંબુ, કાકડી, મગ અને મોહનથાળનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

**રાષ્ટ્રધ્વજ વિતરણ**

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળા અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા.૧૨-૮-૨૨ના રોજ ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અને ‘હર ઘર તિરંગા’ કાર્યક્રમ અંતર્ગત ઇન્ડિયન કોસ્ટગાર્ડના જવાનો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમજ વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજનું મહત્ત્વ, તેનો ઉપયોગ કરવા અને સન્માન જાળવવા અંગે કોસ્ટ ગાર્ડ ઓફિસર શ્રી રાજેન્દ્રસિંહ રાણા અને શ્રી જે. એસ. રાવતે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ દેશભક્તિના નારા સાથે તિરંગા યાત્રા કાઢી હતી.

**વક્તૃત્વસ્પર્ધા**

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૫/૮/૨૨ના રોજ ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓ માટે વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

**વાલીસભા**

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા. ૩૦/૭/૨૨ના રોજ ધોરણ ૧ અને ૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોનો અભ્યાસની સાથે સાથે સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ–મુલાકાતો સ્પર્ધાઓ અને શૈક્ષણિક પ્રવાસ વગેરે બાબતોના આયોજન અંગે વાલીશ્રીઓને અવગત કરાવવામાં આવ્યાં હતાં. આચાર્યશ્રી દશરથભાઈ પટેલે શાળાનો પરિચય કરાવવાની સાથે જણાવ્યું હતું કે આ શાળા બાળકોના શિક્ષણમાં નવીનીકરણ માટે હંમેશાં અગ્રેસર રહી છે. ધોરણ–૧ માટે શ્રી મેઘાબહેન દવેએ અને ધોરણ-૨ માટે શ્રી નિમિષાબહેન પટેલે વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવનારી વિવિધ શૈક્ષણિક, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, મુલાકાતો, પ્રવાસો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેની માહિતી વાલીઓને આપી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૩/૭/૨૨ના રોજ ધોરણ ૩ થી ૮ની વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓ માટે ચિંતનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાનાં ડાયરેક્ટર ડૉ. વીણાબહેન પટેલ તથા વાલી પ્રતિનિધિ શ્રી બાબુભાઈ ચૌધરી અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની પ્રિયંકાબહેન સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્યાશ્રી નીરુબહેન જે. પટેલે વાષિક શૈક્ષણિક તથા સહઅભ્યાસી પ્રવૃત્તિનું આયોજન પી. પી. ટી. દ્વારા રજૂ કર્યું હતું. ડૉ. વીણાબહેન પટેલે વાલીશ્રીઓને માર્ગદર્શન આપી સંસ્થાના વિકાસની વાત કરી હતી. શિક્ષકોએ જુદા જુદા વિષયો સરળતાથી શીખવા સંબંધી સમજાવ્યું હતું. આ ઉપરાંત તા. ૩૦/૭/૨૨ના રોજ ધો ૧થી ૨નાં વાલીઓની વાલી ચિંતનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

● એસ. એમ. કે. પ્રા. શાળા ભાઉપુરા, કડીમાં ધો ૧થી ૪ના વિદ્યાર્થીઓનાં વાલીઓની સભાનું આયોજન અલગ અલગ દિવસોમાં કરવામાં આવ્યું. જેમાં

અભ્યાસક્રમ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, શાળાકીય ગતિ–વિધિઓ અને આનુષંગિક માહિતી આપવામાં આવી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૯/૭/૨૨ના રોજ ધો.-૧ અને ૨નાં અને તા. ૧૫/૭/૨૨ના રોજ સંસ્થાનાં ડાયરેક્ટર શ્રીમતી ડૉ. વીણાબહેન પટેલ અને આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલની ઉપસ્થિતિમાં ધો.-૩થી ૮નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ સાથેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે સંસ્થાની માહિતી તેમજ અતિથિ મહોદયા ડૉ. વીણાબહેન પટેલનો પરિચય કરાવીને આ બેઠકનું માહાત્મ્ય સમજાવ્યું હતું. ડૉ. વીણાબહેન પટેલે શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોના સર્વાંગી વિકાસ અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં શિક્ષકો અને વાલીઓએ બાળકોનાં અભ્યાસ અને અન્ય આનુષંગિક બાબતો વિશ વિચાર–વિમર્શ કર્યો હતો.

### વૃક્ષારોપણ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યાશાળામાં ધોરણ ૮ની વિદ્યાર્થિનીઓ દ્વારા તા. ૨૮/૭/૨૨ના રોજ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવતાં આચાર્યા શ્રી નીરુબહેન પટેલે વૃક્ષોનું મહત્ત્વ સમજાવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૭ /૭/૨૨ના રોજ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવતાં. ૮૦ જેટલા છોડવા રોપવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ દરેક છોડનું જતન કરી મોટું વૃક્ષ થાય ત્યાં સુધી સાર-સંભાળ રાખવાની જવાબદારી સ્વીકારી હતી. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે વૃક્ષોનું મહત્ત્વ સમજાવી તેનું જતન કરવાની શીખ આપી હતી.

### શૈક્ષણિક મુલાકાત

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૭ના વિદ્યાર્થીઓને તા. ૩/૮/૨૨ ના રોજ 'ધી કાલુપુર કૉમર્શિયલ કૉ-ઓપરિટવ બેંક', સેક્ટર-૨૩, ગાંધીનગરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બેંકના બ્રાન્ચ ઑફિસર શ્રી અંકિતભાઈ પટેલ દ્વારા બેંકમાં ખાતાના પ્રકાર, સેફ ડિપૉઝિટ વૉલ્ટ, પાસબુક, પૈસા ઉપાડવા માટેનું ફૉર્મ, ફિક્સ ડિપૉઝિટ, એ.ટી.એમ.કાર્ડ, લોન તથા વ્યાજ દર વિશે સમજાવ્યું હતું. બાળકોએ બેંકની કામગીરી નિહાળી હતી. તેમજ કેશિયરશ્રીએ પૈસા ગણવાના મશીન વિશે માહિતી આપી હતી. ધોરણ-૬ના વિદ્યાર્થીઓ તથા ચાર શિક્ષકોએ તા. ૫/૮/૨૨ના રોજ જૈન આરાધના કેન્દ્ર કોબાની મુલાકાત લઈ તાડપત્ર, ભોજપત્ર, કાગળ ઉત્તરની હસ્તપ્રતો તથા ઐતિહાસિક અવશેષો પ્રત્યક્ષ જોયાં. ત્યાર બાદ ઐતિહાસિક અડાલજની વાવની મુલાકાત લઈ તેના ઇતિહાસ અને શિલ્પ–સ્થાપત્ય સંબંધી માહિતી મેળવી. ધોરણ-૩ના વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષિકોએ ઇન્દ્રોડાપાર્કની મુલાકાત લીધી હતી. ઇન્દ્રોડાપાર્કના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણી-પક્ષીની સ્વચ્છતા અને જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોએ ડાયનાસોરના જીવાવશેષ કુતૂહલતાપૂર્વક નિહાળ્યાં હતાં, ત્યાર બાદ બાળકોએ સરિતા ઉદ્યાનમાં જુદી જુદી રાઇડસ અને રમતોનાં સાધનોની મજા માણી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ-૩નાં વિદ્યાર્થીઓને તા. ૮/૮/૨૨ના રોજ અને ધો.૪નાં વિદ્યાર્થીઓને તા. ૨૨ ઑગસ્ટના રોજ સેક્ટર-૨૧માં સ્થિત પોલીસ સ્ટેશન, પોસ્ટઑફિસ તથા સરિતા ઉદ્યાનની અને તા. ૧૨ ઑગસ્ટના રોજ અડાલજની વાવ અને ત્રિમંદિરની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

### સુલેખન પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધો.૬માં સુલેખનપ્રવૃત્તિનું તા. ૮ ઑગસ્ટના રોજ તથા ધો.-૪માં હિંદી વર્ણલેખનની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સ્વાતંત્ર્યપર્વ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત ૭૬મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં બાળકોએ જાતે બનાવેલા રાષ્ટ્રધ્વજ સાથે જયનારા સાથે કેમ્પસમાં પ્રભાતફેરી સ્વરૂપે ફર્યાં હતાં. શાળા કેમ્પસ 'વન્દેમાતરમ્ અને ઝંડા ઊંચા રહે હમારા'ના નારાથી ગુંજી ઊઠ્યું હતું.

## ઉત્તર ગુજરાતના ગણિતશાત્રના વિદ્યાર્થીઓ,
## શિક્ષકો અને અધ્યાપકો જોગ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના યજમાનપદે 'ગુજરાત ગણિતમંડળ'નું ૫૯મું વાર્ષિક અધિવેશન સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં તા. ૪-૫-૬ નવેમ્બર, ૨૦૨૨ના દિવસોમાં આયોજિત કરવામાં આવશે. આ અધિવેશન સમયે પ્રકાશિત કરવામાં આવનાર સ્મરણિકા – Souvenirમાં ગુજરાત ગણિતમંડળ સંબંધી આનુષંગિક માહિતી **ઉપરાંત સવિશેષતઃ** ઉત્તર ગુજરાત જેમની જન્મભૂમિ કે કર્મભૂમિ કે શિક્ષણભૂમિ રહી હોય તેવા ગણિતશાસ્ત્રના વિદ્યાર્થીઓ, ગણિતશાસ્ત્રના પીએચ.ડી. ની ડિગ્રી ધરાવનારઓ અથવા આ ડિગ્રી હેતુ સંશોધનકાર્ય ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અધ્યાપકો કે અન્ય વ્યવસાયમાં જોડાયેલાઓ પૈકી જેમણે કોઈ પણ યુનિવર્સિટીમાંથી ગણિતશાસ્ત્ર વિષયમાં B.Sc. કે M.Sc.ની ડિગ્રી **પ્રથમક્રમે** ઉત્તીર્ણ કરી હોય, અથવા ગણિતશાસ્ત્રમાં ઓછામાં ઓછું ૧ પુસ્તક પ્રકાશિત કર્યું હોય તે સૌની વિગતવાર યાદીનો સમાવેશ કરવામાં આવશે. આથી સંબંધિતોને આ સાથે દર્શાવ્યા મુજબની **માહિતી e-mail થી નીચે દર્શાવેલા સરનામે તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી મોકલી આપવા વિનંતી છે.**

૧. વ્યકિતનું નામ, જન્મતારીખ, પત્રવ્યવહારનું સરનામું, મોબાઇલ નંબર અને ઇ-મેઇલ એડ્રેસ, ૨. શૈક્ષણિક લાયકાત, ૩. સેવાનિવૃત્ત હોય અથવા નોકરીમાં ચાલુ હોય તો જે તે હોદ્દો અને જે તે સંસ્થાનું નામ અને સરનામું, ૪. B.Sc. કે M.Sc.ની ડિગ્રી જે યુનિવર્સિટીમાંથી પ્રથમક્રમે ઉત્તીર્ણ કરી હોય તો તે યુનિવર્સિટીનું નામ, પાસ કર્યાનું વર્ષ અને સુવર્ણચંદ્ર એનાયત થયો હોય તો તેનું નામ, ૫. ગણિતશાસ્ત્રમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલ હોય તે શોધપ્રબંધનું શીર્ષક, યુનિવર્સિટી, વર્ષ અને માર્ગદર્શક અધ્યાપકનું નામ, ૬. પ્રકાશિત પુસ્તક / પુસ્તકો (મહત્તમ ૫ પુસ્તકો દર્શાવવાં, તેમજ પ્રકાશિત સંશોધન / લોકભોગ્ય લેખોની ફક્ત સંખ્યા દર્શાવવી, ૭. વિશેષ ઉપલબ્ધિ, પ્રાપ્ત અવૉર્ડ વગેરે. ૮. ઉત્તર ગુજરાતમાં સ્થિત વતનનું સરનામું અને ૯. ઉત્તર ગુજરાત જેમની ફક્ત શિક્ષણ ભૂમિ રહી હોય તે શાળા કૉલેજનું નામ અને વર્ષ. (**નોંધ :** આ બધી માહિતી ફક્ત ગુજરાતી ભાષામાં જ આપવી.)

**માહિતી મોકલવાનું સરનામું :** મણિભાઈ પ્રજાપતિ, ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ મો. ૯૬૦૧૨૭૩૮૩૬. email : manibhaiprajapati@gmail.com

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૨, અંક : ૨, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૨૨, સળંગ અંક : ૭૦**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

## સી. એમ. પટેલ કૉલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં આયોજિત કાયરોપ્રેકિટક પદ્ધતિની શિબિરનું આયોજન કરવામાં આવેલું તેનાં દ્રશ્યો.



કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, ડૉ. રોબ ઓબરસ્ટાઈનનું સ્વાગત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.



કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ અને કેલિફોર્નિયાની કાયરોપ્રેકિટક કૉલેજના પ્રેસિડેન્ટ ડૉ. રોબ ઓબરસ્ટાઈન.














સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત છાત્રાલયોના ગૃહપતિઓના સેમિનારનું દીપપ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરતા મુખ્ય મહેમાન શ્રી સરતાનભાઈ દેસાઈ અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 12, Issue No. 4 July-August 2022
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



ઝવેરચંદ મેઘાણી
(1896-1947)



મહેન્દ્ર મેઘાણી (1923-2022)

